ફેબ્રુઆરી-૨૦૨૫
વર્ષ : ૧૭
અંક : ૦૮
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)

## સમસ્ત સમાજબંધુઓની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...



**સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી) – અંજાર**

પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

(સત્ર : ૨૦૦૨-૨૦૦૫)



રાયપુર મધ્યે યોજાયેલ ૨૦૧ પિતૃજી સમુહ ભાગવત સપ્તાહ પ્રસંગે વ્યાસપીઠ પરથી ન્યાય અને ધર્મનો દંડ મહાસભા પ્રમુખશ્રીને અર્પણ કરવામાં આવ્યો તેની તસવીરી ઝલક...

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| विद्यादान महादान || || परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति || || सा विद्या या विमुक्तये ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૮ ફેબ્રુઆરી-૨૦૨૫



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

**: પ્રેરણા સ્ત્રોત :**

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## સમાજ કુંભ

સર્વે સમાજબાંધવો નમસ્કાર...

હાલમાં રાયપુર ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન થયું. જેમાં હજારોની સંખ્યામાં સમાજબાંધવો ઉપસ્થિત રહ્યા. આ સમયે સમાજનો કુંભ મેળો હોય તેવી પ્રતિતિ થઇ. સમાજ ઉત્કર્ષ, સમાજ સંગઠન અને સમાજ કલ્યાણનો ત્રિવેણી સંગમરૂપી આયોજન કરવામાં આવેલ. જેમાં રાયપુર ઘટક સાથે મહાસભા અને છત્તીસગઢ પ્રાદેશિક જોડાઇ આ કાર્યને સફળ બનાવવામાં આવ્યો. વિશેષમાં રાયપુર ઘટકના પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા તેમજ કાર્યક્રમના પ્રભારી શ્રી રસિકભાઇ અને તેમની ઘટક, યુવા, મહિલા મંડળ અને મહાસભાના રાયપુર સ્થિત પદાધિકારી એમ સર્વે કાર્યકર્તાઓ મહાસભા સગપણના કાર્યકર્તાઓ અને એવા અનેક સામાજીક કાર્યકર્તાઓના તન, મન, ધનના સમર્પણથી આ કાર્યક્રમ દિપી ઉઠ્યો હતો. સમુહ ભાગવત, સગપણ સંમેલન અને મહાસભા અધિવેશન આ ત્રણેય કાર્યક્રમમાં આવેલ લોકોએ આનંદ પૂર્વક લાભ લીધો અને દરેકના પ્રતિભાવોમાં આ કાર્યક્રમની ગરિમામાં વૃદ્ધિ અને રાયપુર ઘટકના આ સુંદર કાર્યક્રમને પ્રોત્સાહન કરતું સમાજમાં પ્રથમ વખત રાયપુર સમાજ ભવન નિર્માણ માટે ઐતિહાસિક રકમનું દાન રૂા. ૫૧,૦૦,૦૦૦ જ્યારે સમાજરત્ન એવં મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ સોલંકીજી દ્વારા ઘોષણા કરવામાં આવી ત્યારે દરેક સમાજબાંધવો દ્વારા તેમના આ યોગદાન બદલ તેમને સહર્ષ બિરદાવી અભિવાદન કરવામાં આવ્યું.

આમ આ કાર્યક્રમ એક ઉત્સવનું વાતાવરણ લાગ્યું અને કુંભમેળાનું રૂપ ધારણ કર્યું. મહાસભાના અધ્યક્ષ સ્થાને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇના કાર્યકાળને શોભે તેવી સ્મૃતિરૂપ આ કાર્યક્રમ બની રહ્યો. તે જ રીતે મહાસભાની પણ વાર્ષિક સામાન્ય સભામાં પણ બહોળી ઉપસ્થિતિ સાથે અનેક સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણયો લેવામાં આવ્યા. ખાસ કરીને સર્વાનુમતે સમાજમાં સદ્ભાવના બની રહે તેના પર સર્વે મહાનુભાવો દ્વારા ભાર મુકવામાં આવ્યો અને પ્રમુખશ્રી દ્વારા સદ્ભાવના સમિતિની રચના કરવામાં આવી અને તેને કાર્ય કરવા માટે પૂરી સત્તા આપવામાં આવી અને સમાજમાં કેટલાક પ્રસ્તાવોનો પણ નિર્ણય સદ્ભાવના સમિતિ દ્વારા કરવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું. આવી સદ્ભાવના સમિતિ દરેક સ્તરે સમાજમાં સદ્ભાવ બની રહે તે માટે કાર્ય કરશે અને સાથે પ્રાદેશિક અને ઘટક સ્તરે પણ આ રીતે સદ્ભાવના સમિતિની રચના કરવામાં આવે અને દરેક સમસ્યા-વિવાદોનો ઉકેલ સંવાદથી વડીલો અને પ્રભાવી વ્યક્તિઓને સાથે રાખી તેમના પ્રભાવ અને સમજાવટથી સમાધાન થાય તેવા પ્રયત્નો કરવા અને તેમ કરવા છતાં જો કોઇ વ્યક્તિ સમજવા કે સમાધાન કરવા તૈયાર ના હોય તો સમાજ તેની સત્તાની મર્યાદામાં તેમની સાથે શિસ્તભંગની કાર્યવાહી પણ કરે પરંતુ તે પહેલા સંવાદ થાય તે જરૂરી છે. તે બાબત પર સર્વે સહમતી આપી અને આગામભી સમયમાં ૧૨૭ ઘટકો અને તમામ પ્રાદેશિક સમિતિઓને આંગણે મહાસભાનો પ્રવાસ કરવાની અધ્યક્ષ શ્રી વિનોદભાઇ દ્વારા આયોજન કરવામાં આવશે તેવી ઘોષણા પણ કરવામાં આવી. આમ, આ સત્ર સમાજ સંગઠનને વધુ મજબુત કરવા તથા સમાજ ઉત્કર્ષ માટે યથાર્થ પ્રયત્ન કરવામાં આવશે તેવા ભાવ અને વિશ્વાસ સાથે સારા વાતાવરણમાં અધિવેશનનું સમાપન કરવામાં આવ્યું.

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




## પ્રમુખ સ્થાનેથી...



## વિનમ્ર શ્રદ્ધાંજલિ

### સ્વ. કાંતિલાલભાઈ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી)

**(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)**

મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી અને વર્તમાન સલાહકાર, પ્રખર સમાજસેવી, અંજાર નિવાસી શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી)નું તા. ૧૧/૦૧/૨૦૨૫, શનિવારના રોજ ટુંકી બિમારી બાદ નિધન થયાના સમાચારથી સમગ્ર સમાજમાં દુઃખનું મોજું ફરી વળ્યું હતું. મહાસભાએ એક સ્પષ્ટ વક્તા અને સમાજ ઉત્કર્ષના પાયાના હિમાયતી-માર્ગદર્શક વડિલ ગુમાવ્યા છે. તેમની ખોટ હંમેશા વણપુરાયેલી રહેશે. ઇ.સ. ૨૦૦૧ના ભયાનક ભુકંપ વખતે સમાજબંધુઓને સહારો આપવા મહાસભાની ભુકંપ રાહત સમિતિના પ્રભારી તરીકેની તેમની યશસ્વી કામગીરી હંમેશા યાદ રહેશે. સત્ર ૨૦૦૨ થી ૨૦૦૫ દરમ્યાન મહાસભાના પ્રમુખ પદે રહી સેવા અને સંગઠનના કાર્યોમાં પોતાનું યોગદાન આપ્યું હતું. ખાસ કરીને સમગ્ર ભારત વર્ષમાં ભ્રમણ કરી ૧૨૭ ઘટકોના સમાજબાંધવોના દર્શન કરવાનું અને દરેક ઘટકના પદાધિકારીઓ સાથે સમાજ સંગઠનની ચર્ચા કરી રૂબરૂ મુલાકાત લેવાના તેમના પ્રયાસો ઇતિહાસના પાને સદાય અંકિત રહેશે.

સ્વ. કાંતિલાલભાઇના અવસાનથી તેમના પરિવારે પણ એક વડિલની છત્રછાયા ગુમાવી છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના પરિવારજનોને શક્તિ પ્રદાન કરે અને સદ્‌ગતના આત્માને ચિરઃ શાંતિ મળે તે માટે સમગ્ર મહાસભા વતિ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરી શ્રદ્ધાંજલી અર્પિત કરવામાં આવે છે અને પરમકૃપાળુ પરમાત્મા પાસે નત મસ્તકે પ્રાર્થના કરવામાં આવે છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની આગામી અર્ધવાર્ષિક બેઠક
## મહાસભા કાર્યાલયનું લોકાર્પણ
## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળના ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણીનો ત્રિવેણી સંગમ

તા. ૧ અને ૨ જુન-૨૦૨૫ : **શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળની શતાબ્દી વર્ષની ઉજવણી, માજી વિદ્યાર્થી મિલન, ભવિષ્યના પથદર્શનની ચર્ચા**

તા. ૩, જુન-૨૦૨૫ : **મહાસભાના સ્થાપના દિનના ઉપલક્ષમાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી મહાસભા કાર્યાલય ભવનનું લોકાર્પણ**

તા. ૩, જુન-૨૦૨૫ : **મહાસભાની કાર્યવાહક સમિતિની અર્ધવાર્ષિક બેઠક**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સર્વે હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યો, સલાહકાર મંડળના સભ્યશ્રીઓ તેમજ વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓને અનિવાર્યપણે હાજરી આપી સમાજ સેવાના ત્રિવેણી સંગમ રૂપી કાર્યક્રમમાં પોતાનું અમુલ્ય યોગદાન આપવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાના મંચથી




પ્રમુખશ્રી મહાસભા

'સમાજરત્ન'

શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020

Mob. 9925229079







વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર

'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,


કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110

Mob. 09408244644




## રાયપુર ઘટક દ્વારા આયોજીત અવિસ્મરણીય ૨૦૧ પિતૃજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ...

## મહાસભાનું વાર્ષિક અધિવેશન... વિરાટ સગપણ સંમેલન... જ્ઞાતિનો મહાકુંભ 'નાતેડું'



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના અદ્ભૂત આયોજનમાં તા. ૨૧/૧૨/૨૦૨૪ થી તા. ૨૮/૧૨/૨૦૨૪ ના શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ, તા. ૨૫/૧૨/૨૦૨૪ થી તા. ૨૭/૧૨/૨૦૨૪ના ત્રણ દિવસ દરમ્યાન મહાસભાનું વાર્ષિક અધિવેશન અને અખિલ ભારતીય સગપણ સંમેલન તેમજ તા. ૨૮/૧૨/૨૦૨૪ના રોજ સમસ્ત સમાજનું મહાપર્વ ''નાતેડાં''ના અનેકવિધ કાર્યક્રમ દ્વારા ભવ્ય જ્ઞાતિ મેળાવળાનો અવિસ્મરણીય અવસર સંપૂર્ણ સફળતાપૂર્વક પાર પાડવા ઘટક પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા અને આયોજન પ્રભારી શ્રી રસીકભાઇ પરમાર તથા સમસ્ત ટીમ રાયપુર ઘટકને ખૂબ ખૂબ ધન્યવાદ સહ હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવે છે.

વિશાળ મંડપ, સભાગૃહો, આવાસ, પાર્કીંગ અને ઉત્તમ ભોજન વ્યવસ્થાની સાથે સાથે મંગળ પરિચય માટે ખડે પગે સેવા






આપનાર મેન્ટરોની ટીમને સતત માર્ગદર્શન આપતા વડીલોની મહેનત દરેક જગ્યાએ નજર પડી રહી હતી.

**સમાજ ભવન માટે માતબર અનુદાન :**

સમસ્ત રાયપુર ઘટકનું સ્વપ્નનું સમાજ ભવન જ્યારે નિર્માણાધીન છે ત્યારે મહાસભાના આદ. પ્રમુખશ્રી અને સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર તરફથી સમાજ ભવન માટે ઐતિહાસીક રૂા. ૫૧,૦૦,૦૦૦ (એકાવન લાખ)નું અનુદાનની જાહેરાત સમગ્ર સમાજબંધુઓએ જય શ્રી રામના ગગનભેદી નારા સાથે વધાવી લીધી ત્યારે રાયપુર ઘટક પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડાએ સજળ નેત્રે સમાજરત્નશ્રીનું આભાર દર્શન કરી લગભગ અઢી કરોડનું અનુદાન સમાજ ભવન માટે જાહેર થયાની માહિતિ આપી હતી.

**મંગળ પરિચય મિલનમાં નોંધપાત્ર રજીસ્ટ્રેશન :**

ત્રણ દિવસના સગપણ સંમેલનમાં લગભગ ૯૮૦થી પણ વધારે પાત્રોનું રજીસ્ટ્રેશન અને રાયપુર ઘટકના મેન્ટર ભાઇ-બહેનોની મહેનત ખરેખર રંગ લાવી હતી. મેરેજ બ્યુરોના વિવિધ કાર્યક્રમો અને નવી જ શૈલીથી પાત્રોનો પરિચય કરાવતા રાયપુરના યુવા ભાઇ-બહેનો તેમજ વિવિધ અવનવી રમતો દ્વારા સગપણલાયક પાત્રોને વધુ વૈચારિક અવકાશ મળી રહે તે માટે અને પ્રત્યક્ષ પરિચય માટે ખુબજ વ્યવસ્થિત આયોજન દ્વારા સમાજબંધુઓને ખુબજ ઉપયોગી માર્ગદર્શન મળી રહેતું હતું.

**''નાતનું તેડું – નાતેડું'' :**

આપણા સમાજના વડિલોએ જ્ઞાતિ સંગઠનને મજબુત બનાવવા આપેલ વિવિધ પરંપરાઓમાં સૌથી વધુ સમાજબંધુઓને જોડતું આયોજન એટલે સમગ્ર સમાજનું, સમગ્ર નાતનું મહાપ્રસાદનું ભવ્ય તેડું એટલે ''નાતેડું''. રાયપુર ઘટક દ્વારા આયોજીત અને બેંગ્લોર નિવાસી શ્રી વિપિનભાઇ દયારામભાઇ રાઠોડ (ખંભરા)ના મુખ્ય યજમાન પદે તા. ૨૮/૧૨/૨૦૨૪ના ''નાતેડા''નું ભવ્ય આયોજન કચ્છ બહાર પ્રથમ વખત રાયપુરના આંગણે આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને દરેક ઘટકના પ્રમુખશ્રી (પટેલશ્રી)ને પાઘડી પહેરાવી આદર-સત્કાર કરવામાં આવ્યો હતો.

**દુર્ગ ઘટકના આંગણે પણ સત્કાર સમારોહ :**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના આદ. પ્રમુખશ્રી અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તેમજ મહાસભાના અન્ય હોદ્દેદારશ્રીઓની હાજરીના અવસરનો લાભ લઇ દુર્ગ ઘટક દ્વારા તા. ૨૮/૧૨/૨૦૨૪ના સાંજે પાંચ કલાકે નવનિર્મિત અદ્યતન સમાજ ભવનનું ભુમિપૂજન જમીનના દાતા શ્રી દિલખુશભાઇ પરમાર, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી ડૉ. મનોજભાઇ સોલંકીના કર-કમળો દ્વારા શાસ્ત્રોક્ત વિધીથી કરામાં આવ્યું. દુર્ગ ઘટક પ્રમુખ અને









તેમની ટીમ તથા મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ પરમાર ખુબજ જહેમત લઇ વિશાળ શોભાયાત્રા અને ભવ્ય સત્કાર સમારોહનું આયોજન કર્યું હતું. મહાસભા પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી પરિવાર દ્વારા સમાજ ભવનના મુખ્ય હોલ માટે રૂા. ૨૧,૦૦,૦૦૦ (એકવીસ લાખ)નું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. મહાસભાના અન્ય હોદ્દેદારશ્રીઓ દ્વારા પણ સમાજ ભવન નિર્માણ માટે અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.







**મહાસભાની બેઠકોમાં થયેલ ઐતિહાસિક નિર્ણયો :**

★ માધાપરના પ્રતિનિધિ શ્રી હિરેનભાઇ રાઠોડ અને ગાંધીધામના પ્રતિનિધિ શ્રી નિતિનભાઇ પરમારનો સુઝાવ પ્રાદેશિક સમિતિ - કચ્છ મારફતે મળેલ. જેમાં મહાસભાની એપ. કે.જી.કે.વનની માહિતિ સતત અપગ્રેડ કરવા સુચન રજુ થયેલ. જે ચર્ચા-વિચારણા કરી તેનો અમલ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ શ્રી હિરેનભાઇનો બીજો સુઝાવ કેજીકે-વન એપ અને મેરેજ બ્યુરો વેબસાઇટ પર હવે પછી દિકરીઓના મોબાઇલ નંબર ન લખવા અને તેના બદલે તેના પિતાશ્રીના મોબાઇલ નંબ્ર લખવા નક્કી કરવામાં આવ્યું. જેથી કરીને તેનો ડેટા હાઇડ કરી ગેર ઉપયોગ ન થઇ શકે.

★ સમાજના અલગ-અલગ નામોને લગતા શ્રી હિરેનભાઇના ત્રીજા સુઝાવમાં વિશદ ચર્ચા કરવામાં આવી હતી. એકરૂપતા જાળવવા એક જ નામ લખવામાં આવે તે જરૂરી છે. પરંતુ દરેક ઘટકો કે સંસ્થાના રજીસ્ટ્રેશન અલગ-અલગ થયા હોઇ જેમાં બદલાવ શક્ય નથી પરંતુ હવે પછી નવા રજીસ્ટ્રેશન થાય તો નામની એકરૂપતાનું ધ્યાન રાખવું તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

★ લગ્ન વિચ્છેદ કે સગપણ વિચ્છેદની બાબતનો શ્રી વિનોદભાઇ ચૌહાણના સુઝાવ બાબતે ચર્ચા કરી કચ્છ પ્રાદેશિક સમિતિએ અગાઉ બનાવેલ ગાઇડલાઇનનો પ્રચાર-પ્રસાર કરવા અને તેનો અનુભવ લઇ દરેક પ્રાદેશિક કક્ષાએ કાર્યાન્વીત કરવા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણને જવાબદારી સોંપવામાં આવી.

★ શ્રી ભોગીલાલભાઇ ચાવડા - મુન્દ્રાએ રજુ કરેલ સુઝાવ પર ચર્ચા કરી સગપણ સમસ્યા અને એપની અધુરાશો પુરી કરવા તેમજ સગપણલાયક છોકરા-છોકરીઓની માહિતિ સતત અપડેટ થતી રહે તે માટે માન ધન વાળા કાર્યકર્તા રોકીને કાર્ય ગતિ માટે વધુ કાર્યક્ષમ બનાવવામાં આવશે.

★ આંતરજાતિય લગ્નની બાબતમાં સેતુ સમાજ સંદેશમાં તેઓની માહિતિ-શુભેચ્છા પ્રસિદ્ધ કરતા ન હતા પરંતુ છોકરા બહારની જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરે છે તે પુત્રવધુ આપણા સમાજની બની જતી હોય છે માટે હવેથી તેમની જાહેર ખબર - શુભેચ્છા છાપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

★ વારાણસી મધ્યેની ગત કાર્યવાહક સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ ન્યાય અને શિસ્તના બિંદુઓની ગાઇડલાઇન બનાવવા માટે વરીષ્ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી અને મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે બનાવેલ અહેવાલની નોંધ લઇ તેને સદ્ભાવના સમિતિને સુપરત કરવાનું નક્કી કરવામાં




આવ્યું.

★ ગત કાર્યવાહક સમિતિની વારાણસી મધ્યે મળેલ બેઠકમાં થયેલ ચર્ચાના અનુસંધાને સમાજના પ્રબુદ્ધ વડિલોની સદ્ભાવના સમિતિની રચના કરવામાં આવી અને તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## ★ સદ્ભાવના સમિતિ :








**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી – માધાપર** (મહાસભા અધ્યક્ષશ્રીના હોદ્દાની રૂએ)

**શ્રી કુંવરજીભાઈ રણછોડભાઈ ટાંક – નાગલપર**

**શ્રી રસીકભાઈ વિશ્રામભાઈ પરમાર – રાયપુર**

**શ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા – હૈદ્રાબાદ**

**શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર – રાઉરકેલા**

**શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી – માધાપર**

★ જ્યારે જ્યારે સદ્ભાવના સમિતિ સમક્ષ કોઈ નિવેદન કે ફરિયાદ આવશે તેમજ મીટીંગોમાં થયેલ ચર્ચાને અંતે અથવા કોઈપણ પરિસ્થિતિમાં શિસ્તના પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સમિતિ સંબંધિતો સાથે વિચાર-વિમર્શ કરી યોગ્ય નિર્ણય કરશે. જે સમગ્ર મહાસભાને બંધનકર્તા રહેશે. સદ્ભાવના સમિતિ એ આપેલ નિર્ણય પર કોઈપણ ચર્ચા કરવામાં આવશે નહીં અને સમિતિ જે નિર્ણય લેશે તે સમસ્ત સમાજને બંધનકર્તા રહેશે તેવું મહાસભાની બંધારણીય સામાન્ય સભામાં નક્કી કરવામાં આવ્યું હતું.

★ મહાસભાની કોર કમિટિને લગતા શ્રી ભોગીલાલભાઈ ચાવડા – મુન્દ્રાના સુઝાવ પર વિશદ્ ચર્ચા કરવામાં આવી હતી. મહાસભા પ્રમુખશ્રીને જ્યારે જ્યારે કોઈપણ પ્રશ્ન કે બાબત અંગે કોઈના અભિપ્રાય લેવાનું થાય ત્યારે પોતાને મળેલ સત્તાની રૂએ પોતાને જરૂર લાગે અને સમસ્યામાં ઉપયોગી થાય તેવા સભ્યોની કોર કમિટિ બનાવી નિર્ણય લઈ શકે છે તેવું નક્કી કરવામાં આવ્યું.

★ સેતુ સમાજ સંદેશના ગ્રાહકોના વોટ્સએપ નંબર મેળવી અલગ-અલગ ગ્રુપો બનાવી દર મહિને સેતુ સમાજ સંદેશના અંકની સોફ્ટ કોપી મોકલવાનું આયોજન કરવામાં આવશે.

★ મહાસભાના વાર્ષિક હિસાબોને બહાલી આપવાના એજન્ડા પર ચર્ચા થતાં કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઈ વરૂએ જણાવ્યું કે, સેતુ સમાજ સંદેશમાં દર માસે છાપવામાં આવતા વિવિધ સમિતિઓ અને કાર્યાલયના હિસાબો ખજાનચી અથવા સહ ખજાનચી પાસે પહોંચ નંબર અને બેંક સ્ટેટમેન્ટ સાથે ખરાઈ કરીને જ છાપવું તેવું જાહેર કરવામાં આવ્યું. સેતુ સમાજ સંદેશના હિસાબો બાબતેની ચર્ચામાં સેતુ સમાજ સંદેશના કાયમી ફંડનું વ્યાજ અને આજીવન શુલ્કની રકમ છેલ્લા ત્રણ વર્ષ થયા કાયમી ફંડમાં ઉમેરાયા નથી જે ઉમેરી દેવા નક્કી કરવામાં આવ્યું.

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ

સહ વીર્યં કરવાવહૈ

આયોજીત

# ઋણાભિધાન સમારોહ

**તા. ૧,૨,૩ જુન-૨૦૨૫**

## ''સમાજની શૈક્ષણિક યાત્રાના એકસો વર્ષની ફલશ્રુતિ અને ભવિષ્યના પથદર્શન પર સંવાદ કરવાનો ઐતિહાસીક અવસર...''

**1** રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજના કળશ સ્થાપનાના ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણી

**2** શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ એવં શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન - અંજારના નિર્માણના ૭૫ વર્ષની અનન્ય ઉજવણી

સમાજના વડીલોની ગૌરવગાથાને ઉજાગર કરતી ભવ્ય પ્રદર્શની

**3** શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળના રજીસ્ટ્રેશનના ૬૦ વર્ષની શાનદાર ઉજવણી

**4** શૈક્ષણિક યાત્રાના પવિત્ર યજ્ઞમાં આહુતિ આપનાર સમાજબાંધવોનું સેવા-સન્માન 'જ્ઞાન સાધના એવોર્ડ', દાતાશ્રી સન્માન

**5** અંજાર અને ભુજ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન

**નિબંધ સ્પર્ધા :**

**વિષય : આગામી સમયની શૈક્ષણિક દિશા/આયોજનો**

સમાજના ૧૫ વર્ષથી ઉપરના કોઇપણ ઉમંરના ભાઇ-બહેનો ભાગ લઇ શકશે.

વિગતવાર કાર્યક્રમ હવે પછી...

નિબંધ ૧૦૦૦ શબ્દોમાં સ્વ હસ્તાક્ષરે લખીને લીટીવાળા પાનામાં તા. ૩૦ એપ્રિલ-૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે કાર્યાલયના સરનામે મોકલાવી આપવો.

કાર્યાલય : શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ એવં શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન વિજયનગર, અંજાર (કચ્છ) 370110.

**:: મહાસભા સ્તરના અન્ય વિશેષ કાર્યક્રમ ::**

## અંજારના વિજયનગર પ્લોટ મધ્યે ''સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી મહાસભા કાર્યાલય ભવનનું લાકોર્પણ''

તા. ૩/૦૬/૨૦૨૫, રવિવાર

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની અર્ધવાર્ષિક બેઠક

તા. ૩/૦૬/૨૦૨૫, મંગળવાર

સ્થળ : શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ એવં શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન વિજયનગર, અંજાર (કચ્છ)

# શ્રી કાંતિલાલભાઈ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી) - અંજાર

## પ્રમુખશ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સત્ર ૨૦૦૨–૨૦૦૫

### સ્વ. શ્રી કાંતિભાઈ મહાત્માજીની જીવન ઝરમર... માનવતાના પૂજારી, વંચિતોના વાલેશ્રી, ભાંગ્યાના ભેરૂ, જન સામાન્યના જનનાયક, સદાચારી જીવનશૈલીના શિલ્પી...



અંજાર ઘટકના એક સામાન્ય ખેડુત પરિવારમાં જન્મ લઇ ખુબજ ઓછું ભણતર પરંતુ ખુબજ ઊંચું ગણતર પામેલા, શુન્યમાંથી વિરાટ સામ્રાજ્યના સર્જનકર્તા સમસ્ત સમાજના અતિ આદરપાત્ર શ્રી કાંતિલાલભાઇ જેઠવા (મહાત્માજી) તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ ૭૨ વર્ષની ઉંમરે આપણી વચ્ચેથી વસમી વિદાય લઇ ગયા.

આદ. મહાત્માજી એમની પાછળ ખુશહાલ પરિવાર અને વિરાટ કારોબાર સંતાનોને વારસામાં આપી ગયા. સમાજસેવા ક્ષેત્રે ૧૯૯૦થી પદાર્પણ કરનાર શ્રી મહાત્માજીના મિત્ર, માગદર્શક અને ગુરૂસમા પરમ મિત્ર એવા સમાજ સંરક્ષક શ્રી ભરતભાઇ સાવરીયાજી - રાયપુર રહ્યા.

સન ૧૯૯૦ના દાયકામાં સમસ્ત સમાજને અકળાવતો અંજાર સમાજની 'પીરવાડી' નો પ્રશ્ન ખુબજ જ્વલંત એવં જટીલ બનેલ. અંજાર સમાજના વિરાટ હીતને ધ્યાનમાં લેતા, અંજાર શહેરના હૃદયસ્થાને આવેલ, આપણા સમાજની વિરાસત એવી અતિ મૂલ્યવાન વાડીની જમીન કે જે દાતાશ્રીના અંતિમ વીલ મુજબ અંજાર સમાજને જ મળવી જોઇએ તેને ન મળતા અંજાર-ભુજ અને અંતે અમદાવાદ ગુજરાત હાઇકોર્ટ સુધી અત્યંત જટીલ એવં લાંબી થકવી નાખે એવી કાનુની લડત સ્વ. જયસુખભાઇ વેગડ એવં શ્રી પરસોત્તમભાઇ જેઠવા સથે રહી લડી અંતે અંજાર સમાજને કાનુની હક અપાવ્યો. અંજાર શહેરના હૃદયસ્થાને આવેલ કરોડો રૂપિયાની કિંમતવારી અનમોલ ભૂમિ પર જ મહાત્માજીના નેતૃત્વમાં રૂા. બે કરોડના ખર્ચે સમસ્ત સમાજનું સર્વ પ્રથમ વિરાટ વિવિધલક્ષી સમાજ ભવન બનાવી સમાજને સમર્પિત કરી સ્વ. મહાત્માજીએ જીવનનો એક કઠીન સંકલ્પ સફળતાપૂર્વક પાર પાડ્યો.

સન ૨૦૦૧માં માદરેવતન કચ્છને ખેદાન-મેદાન કરી નાખનાર મહાવિનાશક ભુકંપ બાદ સર્વ અસરગ્રસ્ત કચ્છી સમાજબંધુઓના પુનઃવસનની કપરી કામગીરી આદ. મહાત્માજીને સોંપવામાં આવી. ભુકંપ રાહત સમિતિના અધ્યક્ષ તરીકે તત્કાલીન મહાસભા પ્રમુખ શ્રી ભરતભાઇ સાવરીયાજી અને તેની પુરી ટીમ સાથે કચ્છના ૨૦ ઘટકોનો જાત પ્રવાસ કરી, અસરગ્રસ્ત સમાજબંધુઓના આંસુ લુછ્યા. ભારતભરમાંથી ભુકંપગ્રસ્તો માટે મોટું આર્થિક ભંડોળ મેળવી, કચ્છના તમામ અસરગ્રસ્તોમાં સમાનતાના ધોરણે વિતરણ કરી અપાર લોકચાહના મેળવી એથી વિશેષ અંજાર ઘટકના સૌથી વધુ અસરગ્રસ્ત સમાજબંધુઓના પુનઃવસન માટે હંગામી અને ત્યાર બાદ કાયમી આવાસ આયોજનમાં સિંહફાળો આપ્યો.

અંજાર ઘટકના વિજયનગર પ્લોટ પર સમાજના નિરાધાર વડીલો માટે 'વિસામો' નામક જગ્યાનું હંગામી આવાસ અને ત્યાર બાદ આજ હંગામી આવાસને કાયમી આવાસમાં રૂપાંતરીત કરી અનેક નિરાધાર વડીલો માટે ખરા અર્થમાં 'નિરાંતનો વિસામો' બન્યા. રૂા. ૧૧ લાખથી વધારેનો આર્થિક સહયોગ મહાત્માજી પરિવારથી મળેલ અને આજ પણ એમના સુપુત્ર શ્રી ભાવેશભાઇ (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક) આ 'વિસામા'નો વહીવટ તન, મન, ધન,

સમયથી સુચારૂ રૂપે કરી પરિવારની પરોપકારને જ્યોતને પ્રજ્વલીત રાખેલ છે.

સ્વ. કાંતિભાઇ મહાત્માજી સત્ર ૨૦૦૨-૨૦૦૫ના સત્ર માટે મહાસભા પ્રમુખશ્રી તરીકે વરાયા અને એમના કાર્યકાળમાં સમસ્ત સમાજ માટે અનેક ઐતિહાસીક કાર્યો થયા. સમાજરત્ન સ્વ. હિરજીબાપા બાદ મહાસભા પ્રમુખ તરીકે ૧૨૭ ઘટકોની જાત-મુલાકાત લઇ સમસ્ત ભારતવાસી સમાજબંધુઓના સુખ-દુઃખથી પરિચિત થયા. સમાજમાં અનેક સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને વેગ આપ્યો. વર્ષો બાદ દક્ષિણ ભારતના ત્રિચિનાપલ્લી શહેરમાં મહાસભાની બેઠક આયોજીત કરી દક્ષિણ ભારતીય સમાજબંધુઓના દિલ જીત્યા. અમદાવાદથી અંજાર આવેલ 'સમાજ સંદેશ'ને આર્થિક સ્વાવલંબી બનાવ્યું. મહાત્માજી પરિવારે સ્વયં આપણા સમાજની આગવી પરંપરા એવા એક નહીં પરંતુ બે નાતેડાના યજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. નાતેડાના માધ્યમથી સમાજમાં એક્તા, સમરસતા, સદ્ભાવના, સમાનતાની ઉચ્ચ ભાવનાઓ સાથે સમાજ ઉત્કર્ષના નવા આયામો સિદ્ધ કર્યા.

સ્વ. કાંતિભાઇ મહાત્માજીનું જીવન એક ખુલ્લી કિતાબ જેવું હતું. આપણા સમાજની સાથે સાથે ઇત્તર સમાજમાં પણ ખુબજ સન્માનનીય સ્થાન ધરાવતા મહાત્માજી કચ્છના રાજકીય ક્ષેત્રે પણ મોટું માથું ગણાતા. અંજાર નગરપાલિકામાં સતત ત્રણ સત્ર સુધી નગરસેવક પદે જંગી બહુમતીથી ચુંટાયા. નગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેન રહી અંજાર શહેરના સર્વાંગી વિકાસમાં સિંહફાળો આપ્યો. અંતિમ સત્રમાં અંજાર નગરપાલિકાના કારોબારી ચેરમેન તરીકે નેત્રદીપક કામગીરી કરી અંજાર શહેરના ઇતિહાસમાં કાયમી સ્થાન અંકિત કરેલ. અંજાર શહેરના પ્રથમ પંક્તિના લેન્ડ ડેવલપર એન્ડ બિલ્ડર તરીકે ખુબજ નામ-દામ કમાયા. અંજાર શહેરની વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય સ્વરૂપે સંકળાઇ અંજાર શહેરના વિકાસમાં સિંહફાળો આપેલ.

અંજાર ટીમ્બર મર્ચન્ટ એસોસિએશના સ્થાપક સભ્ય તરીકે અંજારની ટીમ્બર માર્કેટના વિકાસમાં તન, મન, ધનથી સમર્પિત થઇ અંજાર લાકડા બજારને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવી. અન્ય સામાજીક સંસ્થાઓ જેવી કે રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, ભારત વિકાસ પરિષદ, આર.એસ.એસ., વી.એચ.પી., ચેમ્બર ઓફ કોમર્સ, વિદ્યાભારતી સ્કુલ, અંજાર પાંજરાપોળ, રઘુનાથજી મંદિર, માધવરાયજી મંદિર, સત્ય નારાયણ મંદિર, વગેરે સંસ્થાઓ સાથે સક્રિય સેવા આપી ઉચ્ચ નામના મેળવી. અંજાર શહેરમાં અનેક રેસીડિન્શીયલ સોસાયટીઓ, કોમર્શિયલ કોમ્પલેક્ષ, શોપિંગ સેન્ટરો બનાવી અંજાર શહેરની આર્થિક પ્રગતિને વેગ આપ્યો. અંજાર શહેરમાં સૌ પ્રથમ લકઝરી હોટલ, પાર્ટી પ્લોટ, જીમ, રેસ્ટોરેન્ટ, બેન્કવેટ હોલ બનાવી સમસ્ત કચ્છમાં ખૂબ નામના મેળવી. આમ, અંજાર શહેર, તાલુકાની અનેક નામી-અનામી સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે સંસ્થાઓની સ્થાપના-સંચાલન એવં વિકાસમાં તન, મન, ધન, સમયથી સમર્પિત થઇ સમસ્ત સમાજ દ્વારા સ્વયંભુ મળેલ 'મહાત્મા' ઉપનામને ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું.

જાહેર અને અંગત જીવનમાં પણ સાદું જીવન, ઉચ્ચ વિચારોવારા, ઉચ્ચ દરજ્જાના ધાર્મિક અનુષ્ઠાનો પોતાને આંગણે આયોજીત કરી, અનેક સંતો-મહંતો સાથે અંગત ઘરોબો કેળવ્યો. ભારતભરમાંથી પધારવતા સંતો-મહંતો, રાજકીય અગ્રણીઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ, પ્રધાનો, એમ.એલ.એ., એમ.પી. વગેરે અંજારને આંગણે પધારે એટલે મહાત્માજીનું આતિથ્ય અચૂક માણે જ એવી સર્વાંગી લોકપ્રિયતા ધરાવતા આદ. શ્રી કાંતિભાઇ મહાત્માજીનું જીવન ખુલ્લી કિતાબ જેવું અને એમનું આચરણ અનુકરણીય હતું. સમયના કાળચક્રે આદ. મહાત્માજીને આપણા વચ્ચેથી અચાનક બોલાવી લીધા. જન્મ્યા છે તેનું મૃત્યુ તો નિશ્ચિત જ છે પરંતુ પોતાના સત્કર્મો, સદાચારથી મનુષ્ય પોતાની અમીટ છાપ સમસ્ત સમાજ પર છોડી જાય છે તેમ સદ્ગત મહાત્માજીએ કંડારેલી કેડી પર ચાલી, સમસ્ત સમાજના લાભાર્થે સતત પ્રવૃત્ત રહી સમાજ ઉત્કર્ષની હેલીને આગળ ધપાવીએ એજ સ્વ. મહાત્માજીને સાચી શ્રદ્ધાંજલી ગણાશે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગત શ્રી કાંતિભાઇ મહાત્માજીના પાવન આત્માને પોતાના ધામમાં ચિરઃ શાંતિ અર્પે અને પરિવારજનોને આ દુઃખની ઘડીમાં સાંત્વના અર્પે એજ પ્રભુ પ્રાર્થના સહ ઓમ શાંતિ... શાંતિ... શાંતિ...

સંકલનકર્તા : -

વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજાર
(મહામંત્રીશ્રી, અંજાર ઘટક, ઉપપ્રમુખશ્રી મહાસભા)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩


સહ વીર્યં કરવાવહૈ


**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com




## અભિલાષા

| આવક | ડિસેમ્બર-૨૦૨૪ | જાવક | | |
|---|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | --- | --- | --- |
| શ્રી ભગવાનલાલ આર. ટાંક - નડિયાદ | ૧,૦૦૦ | | | |
| શ્રી દિલીપભાઇ કે. ચાવડા - રાયપુર (સ્વ. માતુશ્રી જયાબેન પુણ્યતિથિ) | ૨૫,૦૦૦ | | | |
| હર્ષદભાઇ કેશવજી | ૫૦૦ | | | |
| પથિક નિતીનભાઇ ટાંક | ૧,૦૦૦ | | | |
| શ્રીમતી માયાબેન ભરતભાઇ વાઢેર - અંજાર | ૧,૧૦૦ | | | |
| શ્રી વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૧,૦૦૦ | | | |
| શ્રી મનોજભાઇ દુર્ગાલાલ વેગડ - ગાંધીધામ (સ્થાયી ફંડ દાન) | ૧,૫૬,૦૦૦ | | | |
| કુલ | ૧,૯૬,૬૦૦ | --- | --- | --- |

## રાયપુર કાર્યાલય

| આવક | નવેમ્બર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧,૨૭,૮૭૩ | સેલરી | ૨૩,૦૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૭૯૨ | વેબસાઇટ ખર્ચ | ૨૨,૫૫૭ |
| ઇનકમ ટેક્સ રીફંડ-૨૦૨૩-૨૪ | ૮૭,૬૧૦ | અધિવેશન ખર્ચ | ૧,૦૦,૦૦૦ |
| | | પ્રિન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ | ૯૬૦ |
| | | કુલ બચત | ૬૯,૭૫૮ |
| કુલ | ૨,૧૬,૨૭૫ | કુલ | ૨,૧૬,૨૭૫ |

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

॥ ૐ શાંતિ ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સાહ વીર્યં કરવાવહૈ



# ‘સંજીવની-૫’

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : ‘સંજીવની’

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## ‘સંજીવની સંકલ્પધારી પરિવાર’

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**‘સંજીવની સમ્રાટ’ સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) - સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
‘સંજીવની સરતાજ’ શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.) હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક - અમદાવાદ

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... રાયપુર ઘટકના સ્નેહમય નિમંત્રણથી ૨૦૧ પોથી સમુહ ભાગવત સપ્તાહના આયોજન સાથે મહાસભાનું વાર્ષિક અધિવેશન યોજાયું. સુંદર વ્યવસ્થા અને સફળ આયોજન બદલ ટીમ રાયપુર ઘટકને ખુબ ખુબ અભિનંદન... મહાસભાની બંધારણીય બેઠકોમાં અભિલાષા સમતિનો નાણાંકિય તથા વહીવટી અહેવાલ રજુ કરવામાં આવ્યો. સૌને સંતોષ થયો તે આનંદની વાત છે.



સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની સહાય માટે કાર્ય કરતી આ સમિતિને મળેલા સેવાભાવી, ઉદારદિલ અને અનમોલ દતાશ્રીઓમાં ગાંધીધામ નિવાસી **મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ**નું નામ ગૌરવભેર લઇ શકાય છે. શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમારના મહાસભા પ્રમુખશ્રી તરીકેના કાર્યકાળમાં રૂા. ૧૦,૦૦,૦૦૦ (દશ લાખ)નું માતબર દાન સ્થાયી ફંડ માટે જાહેર કરનાર દાતા શ્રી મનોજભાઇ વેગડ સાહેબ સમય-સમય પર આ દાનરાશીની પૂર્તતા કરતા આવ્યા છે. **તા. ૨૪-૧૨-૨૦૨૪ના રોજ તેઓશ્રી તરફથી સ્થાયી ફંડ માટે પ્રાપ્ત થયેલ રૂા. ૧,૫૬,૦૦૦ (એક લાખ છપ્પન હજાર)ની દાન રાશી સાથે તેમના તરફથી આ સમિતિને રૂા. ૬,૦૦,૦૦૦ (છ લાખ)નું દાન સ્થાયી ફંડ માટે પ્રાપ્ત થયું.** આ સિવાય પરિવારના સારા-માઠા પ્રસંગોની સ્મૃતિમાં પણ તેઓશ્રી તરફથી નોંધપાત્ર દાન મળેલ છે. સમાજના દરેક સેવા કાર્યો ઉપરાંત માદરે વતન કચ્છમાં કુળદેવી માતાજીના મંદિર નિર્માણ, વિવિધ ઘટકોમાં સમાજ ભવન નિર્માણ, ગાયત્રી માતાજીના મંદિર નિર્માણ, ગૌસેવા, માનવ સેવાના દરેક કાર્યોમાં આર્થિક સહયોગી બનતા શ્રી મનોજભાઇ વેગડ અને તેમનો પરિવાર વંદન તથા અભિનંદનને પાત્ર છે. ડિઝલ વેચાણના ક્ષેત્રે પણ ભારતભરમાં પ્રથમ ક્રમાંકિત વિક્રેતા તરીકે પણ કિર્તીમાન સ્થાપી તેઓશ્રીએ આપણા સમાજને ગૌરવ અપાવેલ છે. ગાંધીધામ ટ્રસ્ટના પ્રમુખશ્રી તરીકે પણ ગાંધીધામ મધ્યે સમાજ ભવન નિર્માણના તેઓ શિલ્પી રહ્યા છે. આવા અનેરા અને પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વની સેવાને 'અભિલાષા' સમિતિ 'સેલ્યુટ' કરવાની સાથે આભાર વ્યક્ત કરે છે. યુગશક્તિ ગાયત્રી માતાજીની કૃપા સદૈવ તેમના પર વરસતી રહે તેવી શુભકામના... જય ગુરૂદેવ !

દાનદાતાશ્રીનો સહયોગ આગળ વધી રહ્યો છે ત્યારે રાયપુર અધિવેશનમાં મળેલા **મહાસભાના ઉપપ્રમુખ શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ - કુમ્હારી**નો સ્નેહભાવ કેમ ભૂલાય ? અત્યંત મૃદુભાષી અને મિષ્ટભાષી શ્રી અનિલભાઇ ચૌહાણ સમાજસેવાના ક્ષેત્રે ઉભરતા અને આશાસ્પદ સિતારા છે. અભિલાષા સમિતિના અહેવાલથી અવગત થયેલા તેઓશ્રી તરફથી રૂા. ૨૧,૦૦૦ (એકવીસ હજાર)નું નોંધપાત્ર દાન જાહેર કરવામાં આવ્યું. અગાઉ પણ આ સમિતિને નોંધપાત્ર દાન આપી ચુકેલા શ્રી અનિલભાઇની ઉદારતાને આ સમિતિ બિરદાવવાની સાથે આભાર વ્યક્ત કરે છે.



રાયપુર અધિવેશનમાં એક એવા વિરલ વ્યક્તિત્વનો ભેટો થઇ ગયો જેમણે લાંબા સમય સુધી સમાજની પ્રસંશનીય સેવા



કરી છે. જાજરમાન વ્યક્તિત્વ એટલે અમદાવાદ નિવાસી મહાસભાના પૂર્વ ઉપપ્રમુખ અને કચ્છમાં કુકમા મધ્યે ચાલતા આપણા સમાજના એકમાત્ર કન્યા છાત્રાલયના ત્રણ ટર્મ સુધી પ્રમુખ રહી ચુકેલા **શ્રી પ્રફુલ્લભાઇ કર્મસિંહભાઇ ટાંક** મહાસભાની સ્થાપના અને સમાજરત્ન સ્વ. હીરજીબાપાના કાર્યકાળથી સામાજીક ક્ષેત્રે કાર્યરત અને એક વખત કચ્છના 'ભામાશા' તરીકે ઓળખાતા શ્રી પ્રફુલ્લભાઇ ટાંક તરફથી આ સમિતિ માટે રૂા. ૧૫,૦૦૦ (પંદર હજાર)નું દાન જાહેર કરવામાં આવ્યું અને આગળ જતાં પણ આ સમિતિને મદદરૂપ બનવાનું આશ્વાસન આપવામાં આવ્યું. આ સમિતિ દાતાશ્રી પ્રફુલ્લભાઇ ટાંકનો હૃદયથી આભાર માને છે.

તેવી જ રીતે અમારા યુવા મિત્ર અને **મહાસભાના ઉપપ્રમુખ તથા સ્કીલ ડેવલોપમેન્ટ સમિતિના પ્રભારી શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ – અમદાવાદ** કે જેઓ શિક્ષણ ક્ષેત્રના મહારથી છે અને તેનું મહત્વ સમજે છે. આ સમિતિને અગાઉ પણ આર્થિક સહયોગી બનેલા શ્રી ચૌહાણ



સાહેબ તરફથી તેમના તાજેતરમાં અવસાન પામનાર સ્વ. માતૃશ્રી સરસ્વતિબેન નાનાલાલભાઇ ચૌહાણની સ્મૃતિમાં રૂા. ૧૧,૦૦૦ (અગિયાર હજાર)નું દાન જાહેર કરવામાં આવ્યું તેમજ આવતા નાણાંકીય વર્ષથી પ્રતિમાસ રૂા. ૧૦૦૦ ના દાન દાતાશ્રી તરીકેના સહયોગનું આશ્વાસન આપવામાં આવ્યું. અક્ષર નિવાસી સ્વ. સરસ્વતિબાને વિનમ્ર શ્રદ્ધાંજલિ સાથે દાતાશ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણનો આ સમિતિ હાર્દિક આભાર માને છે. ઉપરોક્ત દાતાશ્રીઓ ઉપરાંત પ્રતિમાસ દાતા રૂપે **સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી પ્રાપ્ત થયેલ રૂા. ૧૧,૦૦૦, શ્રી ભગવાનલાલ ટાંક**ના રૂા. ૧,૦૦૦,**શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ** રૂા. ૫૦૦, **શ્રી પથિકભાઇ ટાંક**ના રૂા. ૧૦૦૦ તથા રાયપુર અધિવેશનમાં **શ્રી વિજયભાઇ ચૌહાણ – મુંબઇ**ના રૂા. ૧૦૦૦ બદલ આ સમિતિ આભાર માને છે. જય સમાજ...

– વિનોદ લીલાધર ચૌહાણ – ઉપપ્રમુખ અને પ્રભારી



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા – ૧

**।। અન્નદાન મહાદાન ।।**

પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮



Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, **જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા–સંબંધી ન હોવાને કારણે અને શારિરીક–માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઆુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/– પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.** આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા.

૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં **ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે.** વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે. આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... **''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.''** ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

## (બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)

## અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી...

## (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૭૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦/-ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૪૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા - પૂના (હ. સંદિપભાઇ) |
| ૬૦૦૦ | માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ - માધાપર (હ. શ્રી મહેન્દ્રભાઇ વરૂ) |
| ૧૧૦૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ - બલ્લારશાહ |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" અંતર્ગત ૧૨મો પ્રોજેક્ટ "Assorted Chocolates" બહેનોના આર્થિક વિકાસ સહ સ્વરોજગાર તરફ પ્રેરિત કરી આત્મનિર્ભર બનાવા માટે શંખનાદ કરતો ઉદ્દેશપૂર્ણ પ્રોજેક્ટ ''ડીફરન્ટ વેરાઇટીઝ ઓફ ચૉકલેટ''ના વર્કશોપનું ન્યુ યર સ્પેશ્યલ આયોજન તા. ૧૧-૦૧-૨૦૨૫, શનિવારના રોજ ગુજરાત પ્રાદેશિક અંતર્ગત ગાંધીનગર ખાતે **શ્રીમતી ગાયત્રીબેન ચૌહાણ** દ્વારા ફેસબુક પેજ ઉપર ઓનલાઇન સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું.



શ્રીમતી ગાયત્રીબેન પિયુષભાઇ ચૌહાણએ શ્રીમતી જયલક્ષ્મીબેન કેશવજીભાઇ પરમારના સુપુત્રી (મદુરાઇ) તથા સ્વ. વસંતબેન તથા સ્વ. રમણીકભાઇ ચૌહાણના પુત્રવધુ છે. ગાયત્રીબેને બી.એ. (ઇકો) અને ઇન્ટીરીયર ડીઝાઇનનો કોર્સ મદુરાઇ-તામીલનાડુથી કરેલ છે. બાળપણથી તેમને કુકીંગ, પેઇન્ટીંગ, હેન્ડીક્રાફ્ટસ તથા નવીન રેસીપીઝ ટ્રાય કરવાનો શોખ ધરાવે છે.

શ્રીમતી ગાયત્રીબેને પોતાની કુકીંગ હોબીને કારણે ૨૦૨૦ થી Bakery Items ની શરૂઆત કરી હતી. આ સાથે કસ્ટમર ડીમાન્ટ અને શોખના કારણે ચોકલેટ્સમાં પણ હાથ અજમાવેલ છે. ગાંધીનગર ખાતે તેમણે આમાં ઘણી સફળતા મળેલ છે. હંમેશા કાંઇક નવું કરવાની ઇચ્છાને કારણે કેક્સ અને ચોકલેટ્સમાં ઘણીજ નવિનતાના સાથે સફળ રહ્યા છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક પેજ ઉપર લાઇવ વર્કશોપમાં "Learn & Earn" અંતર્ગત અસોર્ટેડ ચૉકલેટ્સ, ફ્લેવર્ડ ચૉકલેટ્સ, કોઇન ચૉકલેટ્સ, કુનાટા ચૉકલેટ્સ, સેન્ટરફીલ્ડ ચૉકલેટ્સ, ચૉકલેટ્સ બાર્સ અને સુગર ફ્રી હેલ્થી ચૉકલેટ્સ ખુબજ સરળતાથી અને વિસ્તારપૂર્વક બનાવતા શિખવાડેલ. અને પેકીંગ, માર્કેટીંગ તથા કૉસ્ટીંગની માહિતિ પણ સરસથી આપી હતી. આ પ્રકારની ચૉકલેટ્સ બનાવીને બહેનો પોતાના ઘર માટે, બાળકો માટે, ગીફ્ટ માટે અને નાના પાયે પોતાનો બિઝનેસની શરૂઆત કરી આર્થિક રીતે પગભર થઇ શકે છે એ સમજાવ્યું હતું.

શ્રીમતી ગાયત્રીબેન કહે છે, શ્રીમતી મીતાબેન સમાજના દરેક ઘટકમાંથી વિવિધ કલાઓમાં પારંગત નિષ્ણાંત હિરલાઓને શોધી મહિલા ઉત્કર્ષ સમિતિના રાષ્ટ્રીય મંચથી તેમની અદ્‌ભૂત કળા દ્વારા, કુકીંગ-બેકીંગની જ્ઞાન દ્વારા સમાજની બહેનોને ઘરબેઠે આ લાભ આપવાનો પ્રયાસ કરે છે. વધુમાં વધુ બહેનોએ આનો લાભ જરૂરથી લેવો જોઇએ. મહિલા ઉત્કર્ષ સમિતિ આપે છે ''મહિલાઓને પોતાના ટેલેન્ટને બહાર લાવવાનું એક સશક્ત પ્લેટફોર્મ.'' શ્રીમતી ગાયત્રીબેન તેમના દરેક કાર્ય માટે સપોર્ટ અને પ્રોત્સાહન આપવા માટે તેમની દીકરી નંદીની ચૌહાણને ધન્યવાદ આપે છે સાથે તેમના ટેલેન્ટને પ્રસ્તુત કરવાનો સુવર્ણ અવસર આપવા માટે મીતાબેન તથા તેમની ટીમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરી ભવિષ્યના પ્રોજેક્ટ માટે હૃદયથી શુભકામના આપે છે.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી ગાયત્રીબેન જેવા કુકીંગ, બેકીંગના ક્ષેત્રના એક્સપર્ટ - નિષ્ણાંત અને સફળતમ એવા પ્રેમાળ, લાગણીશીલ, સમાજ સેવાની, સમર્પણની ભાવનાથી ઓતપ્રોત નિખાલસ, સ્નેહી ગાયત્રીબેનને મહિલા ઉત્કર્ષ સમિતિના સફળતમ બે પ્રોજેક્ટ આપવા માટે હૃદયથી સૅલ્યુટ આપી શબ્દસુમનોથી બિરદાવી અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની સત્ર ૨૦૨૪-૨૬ની વાર્ષિક બેઠક તા. ૧ ડિસેમ્બર-૨૦૨૪, રવિવારના પ્રાદેશિક સમિતિ પ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલ ચૌહાણના અધ્યક્ષ સ્થાને રાયપુર ઘટકના લાગણીભર્યા આતિથ્યમાં રાયપુર ઘટકને આંગણે રાખવામાં આવી હતી.

મુખ્ય અતિથિ રીતે મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર, મહાસભાના માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ વિશ્રામભાઇ પરમાર અને અન્ય મહાનુભાવો મંચ પર શોભાયમાન હતા. દિપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થના બાદ મંત્રીશ્રી ભાવેશભાઇ ગોહિલે સંચાલન કરતા શુભેચ્છા સંદેશાઓનું વાંચન કર્યું હતું. ઉપસ્થિત ઘટક પ્રમુખશ્રી/મંત્રીશ્રી/ઘટક પ્રતિનિધિઓ દ્વારા ઘટક અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યું.

ડોંગરગઢ ઘટક મંત્રી શ્રી પ્રફુલભાઇ ધરમશીભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, ઘટક ભવનમાં ૯ એટેચ્ડ રૂમોનું બાંધકામ કરવામાં આવે છે. ભવનની છતને ડોમનો આકાર આપવામાં આવશે. રૂા. ૩૫-૪૦ લાખના ખર્ચો અંદાજીત છે, અત્યારે મળેલ અનુદાનના સહારે બાંધકામ ચાલુ છે, ભિલાઇ-૩ નિવાસી શ્રી રતિલાલ બાબુલાલ ચૌહાણે સ્વ. પિતા બાબુલાલ નારાયણભાઇ ચૌહાણની સ્મૃતિમાં રૂા. ૨ લાખ તથા શ્રીમતી સરલબેન રતિલાલ ચૌહાણ દ્વારા પોતાના માવતરની સંપત્તિમાંથી મળેલ પુરા રૂા. ૧૧ લાખની રાશી સમાજને દાનમાં આપી છે અને પીસેગાંવ દુર્ગ નિવાસી શ્રીમતી કસ્તુરીબેન દિલખુશભાઇ પરમાર તથા પુત્ર શ્રી નિર્મલકુમાર દિલખુશભાઇ પરમાર દ્વારાપણ રૂા. ૧,૨૫,૧૦૧ દાનમાં મળેલ છે. ઘટક દ્વારા સુઝાવ આપવામાં આવેલ કે, પર્યટન, સ્વાસ્થ્ય શિક્ષણ સુવિધાઓ વાળો ઘટકોમાં પ્રા. સમિતિના સહયોગથી મહાસભા ભવન નિર્માણનું કાર્ય કરે, સમાજમાં સગપણ-છુટાછેડા આદી સમસ્યાઓ પર પ્રત્યેક પ્રા. બેઠકમાં વિચાર વિમર્શ થવો જોઇએ, સમાજના યુવકો દ્વારા પરનાતમાં લગ્ન સમારોહમાં સમાજ દ્વારા લાગા લેવાની વિનંતી, છ.પ્રા. તથા મહાસભા દ્વારા લેવામાં આવતા લગ્ન લાગાની રાશીને વધારવા માટે સુઝાવ મુકેલ.

કોરબા ઘટક પ્રમુખ શ્રી રવિન્દ્રભાઇ રસીકભાઇ ચૌહાણે જણાવ્યું કે, ઘટક દ્વારા સારૂં સહયોગ આપતા બાંધવોને વિશિષ્ટ સમ્માન આપવામાં આવેલ. પૂર્વ પ્રમુખો ઘટક તથા બંને પાંખોને પણ સમ્માનિત કરવામાં આવેલ. પૂર્વ ઘટક પ્રમુખ શ્રી સુરેશભાઇ રતિલાલ ચૌહાણ દ્વારા નિરંતર ૯ વર્ષ પ્રમુખ પદે રહી કોરબા ઘટકને સુનામ અપાવેલ અને પૂર્વ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી લીનાબેન મનોજભાઇ ચૌહાણ અને યુવા મંડળ પ્રમુખ શ્રી કપિલભાઇ ભુપેન્દ્રભાઇ ટાંને પણ સમ્માનિત કરવામાં આવેલ.






ઘટક તરફથી સુઝાવ આપવામાં આવેલ કે છ.ગ.પ્રા. તથા મહાસભાને કોરબા ઘટક વતી અનુરોધ છે કે કોરબા ઘટકથી કોઇ પરિવાર વસવાટ કરવા બહાર આવે તો કોરબાહ ઘટકથી સંપર્ક કરી એમને ઘટક સદસ્યતા આપવા વિનંતી, કેમ કે હાલમાં ઘણા પરિવારો અન્ય ઘટકોમાં રહેવા ગયા છે પરંતુ તેઓએ કોરબા ઘટકથી લીધેલ લોનની રકમનું ભુગતાન નથી કર્યું. જેથી ઘટકને આર્થિક નુકશાન થાય છે. કોરબા ઘટકથી છ.ગ.પ્રા. તથા મહાસભામાં સભ્યોનું ચયન કરવા ઘટક પ્રમુખનું અનુમોદન જરૂર લેવામાં આવે.

રાયગઢ ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ નિર્ભયરામભાઇ ચાવડા એ જણાવ્યું કે, ઘટકની ભૂમિનો કેસ પૂર્ણ થવા ઉપર છે. તથા ભવન નિર્માણનું કાર્ય કરવામાં આવશે. સામાજીક પર્વો અને અન્ય ગતિવિધિઓ પૂર્વવત ચાલી રહી છે.

ભિલાઇ ઘટક મંત્રી શ્રી મનિષભાઇ વાઢરે જણાવ્યું કે, ઘટક રજીસ્ટ્રેશનની અપડેશન પ્રક્રિયાનું કાર્ય સંપૂર્ણ કરવામાં આવ્યું. સમાજઅ ગૌરવ રીતે ઘટકના બાળકોને રાષ્ટ્રીય સુનામ મેળવેલ એમને સમ્માનિત કરવામાં આવેલ. સુઝાવમાં સમાજના બાળકો જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિયોગીતામાં મેડલ મેળવે છે તેમનો મહાસભા વતી સમ્માન થવું જોઇએ.

કુમ્હારી ઘટક મંત્રી શ્રી કમલેશભાઇ કરસનભાઇ ચૌહાણે જણાવ્યું કે, સમાજ ભવનમાં કલર તથા બાથરૂમમાં ટાઇલ્સનું કાર્ય, કુલરની વ્યવસ્થા, કિચનમાં શેડનું કાર્ય કરવામાં આવેલ. સમાજીક ઉત્સવોનું આયોજન પૂર્વવત કરવામાં આવે છે. બિલાસપુર ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલે જણાવ્યું કે, ચોથા સત્ર માટે શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણનું સર્વસંમતિથી ઘટક પ્રમુખ તરીકે વરણી કરવામાં

સ્વાસ્થ્ય શિબિરોનું મહાઆયોજન, અન્ય સામાજીક ઉત્સવોનું આયોજન, આનંદ મેળા તથા મહિલા મંડળ દ્વારા ભજનનું આયોજન કરવામાં આવે છે.

રાયપુર ઘટક મંત્રી શ્રી રાજેશભાઇ કાંતિપ્રસાદ રાઠોડે જણાવ્યું કે, ઘટકમાં આયોજીત થવા વારા સમુહ ૨૦૧ પિતૃઓની પોથી સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાનું આયોજન, ઘટક દ્વારા આયોજીત સગપણ સંમેલનનું વિરાટ આયોજન, મહાસભા વાર્ષિક બેઠક આયોજનની વિસ્તારથી જાણકારી આપી આમંત્રણ પાઠવ્યું હતું. ૨૦ હજાર ચો.મી. જમીન પર રાયપુર ઘટક સમાજ ભવનના નિર્માણ કાર્યનું શુભારંભ તથા આ વિશેની જાણકારી આપવામાં આવી. ઘટક પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડાના નેતૃત્વમાં થયેલ ઘટક કાર્યોની સંક્ષિપ્ત જાણકારી આપવામાં આવી હતી.





આવેલ છે. ભવ્ય સમાજ ભવનમાં અતિરિક્ત ૬ રૂમોના નિર્માણ માટે ઘટક પ્રમુખના પ્રયાસોથી સ્થાનિક ધારાસભ્ય દ્વારા રૂા. ૨૦ લાખની સહાય પ્રાપ્ત થઇ તથા અતિશીઘ્ર નિર્માણ કાર્ય પ્રારંભ કરવામાં આવશે. ઘટક દ્વારા અન્નપુર્ણા યોજના, નિરાશ્રીત સહાય તથા તબીબી સહાય નિરંતર આપવામાં આવે છે.

રાજનાંદગાંવ ઘટક પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ રાઠોડે જણાવ્યું કે, ઘટક ટ્રસ્ટ પ્રમુખશ્રી તથા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઇ પરમારના માર્ગદર્શનમાં સમાજ ભવનમાં રિનોવેશન તથા અન્ય નિર્માણ કાર્ય હેતુ મુખ્યમંત્રી સહાય રીતે રૂા. ૨૦ લાખની રાશી પ્રાપ્ત થઇ છે, કાર્ય નિરંતર પ્રગતિ પર છે. ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ સક્રિય રીતે દરેક કાર્યોમાં સહભાગિતા રાખી સમાજ ઉત્કર્ષ હેતુ કાર્ય કરી રહ્યા છે.

દુર્ગ ઘટક સલાહકાર શ્રી નારાયણભાઇ પુંજાભાઇ રાઠોડે જણાવ્યું કે, ઘટક સભ્ય ભામાશાહ શ્રી દિલખુશભાઇ વરજાંગભાઇપરમાર દ્વારા સમાજ ભવન માટે એક એકર ભૂમિ (રૂા. ૧.૨૫ કરોડ મુલ્યની) દાનમાં આપવામાં આવી છે.

પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડ દ્વારા પોતાના શુભેચ્છા પ્રવાસ તથા અન્ય આયોજનો વિશે જાણકારી આપવામાં આવી હતી. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ દ્વારા આવ્હાનીત સમસ્ત આયોજનોને પ્રાદેશિક સ્તર પર ક્રિયાન્વિત કરવામાં આવે છે એમ જણાવ્યું હતું.

પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી ચંદ્રેશભાઇ દેવેન્દ્રભાઇ ટાંક દ્વારા પ્રાદેશિક યુવા મંડળના કાર્યોની જાણકારી સાથે ઘટકોના યુવા મંડળોને સક્રિયતા સાથે કાર્ય કરવા અનુરોધ કર્યું હતું. અ.ભા.યુવા મહામંડળ પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક દ્વારા આવાહિત કાર્યોને પ્રા. યુવા મંડળ દ્વારા વેગ આપવામાં આવે છે અને સક્રિય રીતે ભાગ લેવામાં આવે છે.

મહાસભા સમિતિઓના પ્રભારી, સહપ્રભારીઓએ પોતાના ઉદ્બોધન આપ્યા હતા. જેમાં મહાસભા મેરેજ બ્યુરો સહપ્રભારી શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ દ્વારા જાણકારી આપવામાં આવેલ કે આ સત્રના મેરેજ બ્યુરો પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકીના પ્રભારી પદે આપણા સમાજનું પહેલું

ડેસ્ટીનેશન શુભ મંગલ પરિચય સંમેલનનું ગાંધીનગર ખાતે વિશાલ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાયપુર ઘટક દ્વારા આયોજીત થનારા મંગળ પરિચય સંમેલનમાં પાત્ર રજીસ્ટ્રેશન માટે પણ આહવાન કરવામાં આવ્યું.

રાયપુર ઘટક મંગળ પરિચય સંમેલન પ્રભારી તથા મહાસભા મેરેજ બ્યુરો સહપ્રભારી શ્રી ગૌરવભાઇ હરિલાલ ચાવડા દ્વારા જણાવવામાં આવ્યું કે, રાયપુર ઘટક પરિચય સંમેલનની વિસ્તૃત જાણકારી યથા-પાત્રોની રજીસ્ટ્રેશન પ્રક્રિયા, મેન્ટરો વિશે જાણકારી, ઓનલાઇન પરિચય વ્યવસ્થા, અન્ય વ્યવસ્થાઓની જાણકારીઓ સારી રીતે સહુ સમક્ષ રાખી હતી તથા સહુ પાત્રો અને પરિવારોથી આ આયોજનનો લાભ લેવા અનુરોધ કરેલ.

મહાસભા ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઇ રાઠોડે પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે ન્યાય પ્રક્રિયા તથા છુટાછેડા વિશેની પુરી પ્રક્રિયા તથા પેપર વર્ક વિશે માહિતિ આપી હતી તથા એના વિભિન્ન ફોર્મેસ દરેક ઘટકોમાં અનિવાર્ય ઉપલબ્ધ રહેવા જોઇએ એવી વાત કહી હતી. આ ફોમર્સનો ફેમીલી કોર્ટમાં કેટલું મહત્વ હોય છે એ પણ જાણકારી આપી હતી. અત્યાર સુધી ન્યાયપંચ પાસે આવેલ રજુઆતો-કેસની જાણકારી આપી હતી. મહાસભા ડિજીટલ વસ્તીપત્રક પ્રભારી શ્રી હેમંતભાઇ હરિરામભાઇ ગોહિલ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી તથા શેષ રહેલ પરિવારોને અતિશીઘ્ર પોતાનું વસ્તી પત્રક પત્ર ભરી આપવા આહવાન કર્યું હતું.

મહાસભા કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ દ્વારા મહાસભાનું નાણાંકીય પ્રપત્ર વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. મુખ્ય અતિથિ શ્રી પ્રફુલભાઇ પરમાર દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં મહાસભાની બેઠકોમાં મહાસભા પ્રતિનિધિઓની સભા યથાવત આયોજીત થવી જોઇએ, ઘટકોથી મહાસભા પ્રતિનિધિઓને મહાસભાની બેઠકોમાં ઉપસ્થિત રહેવા માટે પ્રતિબંધ યોગ્ય નથી, મહાસભાની વિવિધ સમિતિઓ જોગ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી, માત્ર એક-બે સમિતિઓને જ પ્રોત્સાહન આપવામાં આવે છે, અન્ય સમસ્ત સમિતિઓને સુષુમ અવસ્થાથી જાગૃત અવસ્થામાં લાવવા માટે સક્રિય પ્રયાસો કરવા જોઇએ. આ માટે પણ સર્વસહમતિ આપવામાં આવી. વિગત સત્રમાં મહાસભાનું નાણાકીય ઓડીટ કાર્ય સફળ રીતે સંપન્ન કરાવવા બદલ મહાસભાના માનદ્ સભ્ય શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા તથા મહાસભાના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂના શ્રમને સાધુવાદ આપ્યો હતો.

વિશિષ્ટ અતિથિ શ્રી રસિકભાઇ પરમર દ્વારા પણ ઉપરોક્ત વિષયો પર આશા કરી કે નિકટના ભવિષ્યમાં આનો સામાજીક સ્તરે સહમતિ પૂર્વક ઉકેલ નિકાળવો જોઇએ. રાયપુર ઘટક દ્વારા આયોજીત થનારા સમસ્ત આયોજનોને શુભેચ્છા આપતા સહુને સહભાગિતા માટે આહવાન કર્યું હતું. બેઠકોમાં સ્વાગત વિધી અતિ લાંબી થતી જાય છે તે માટે એમણે ચિંતા વ્યક્ત કરી હતી.

છ.ગ.પ્રા. સમિતિ પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ દ્વારા પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં મુખ્ય અતિથિશ્રી પ્રફુલભાઇ પરમાર દ્વારા રાખેલ પ્રસ્તાવોને અનુમોદન આપી પોતાના અન્ય મહત્વના પ્રસ્તાવોમાં એમણે વાત રાખી હતી કે પ્રાદેશિકના સમસ્ત ઘટકો ભેગા થઇ મહાસભા પ્રમુખશ્રીનું સમ્માન-બહુમાન રાયપુર અધિવેશનના અંતિમ દિવસે મંચ પર કરવા આગ્રહ રાખ્યો હતો. આ પ્રસ્તાવને પણ ઉપસ્થિત ઘટક પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ અને ઘટકોના હોદ્દેદારશ્રીઓ દ્વારા હાથ ઉપાડીને સહમતી આપવામાં આવી હતી.

છત્તીસગઢના સર્વે ઘટકોથી આગ્રહ કરવામાં આવ્યું કે તેઓ પોતાના ઘટકોના વસ્તી પત્રક પૂર્ણ થવા બાબત પત્ર વસ્તીપત્રક પ્રભારી શ્રી હેમંતભાઇ ગોહિલને મોકલાવે, જેથી આપણા છત્તીસગઢ પ્રાદેશિકના ઘટકોની વસ્તીની ગણતરી પૂર્ણ થવાની સુચના મળે. કચ્છના એક ભાઇ કે.જી.કે. સમાજના નામથી પોતાનું અંગત મેરેજ બ્યુરો ચલાવે છે, જેમાં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના નામનું ઉપયોગ કરવામાં આવે છે તથા આપણા સમાજના બાયોડેટા ત્યાં જાહેર કરવામાં આવે છે જેમાં અન્ય સમાજના બાયોડેટા જે આપણી સમાજની અટકથી સમાન હોય છે એ પણ શામેલ હોય છે, તો આપણા બાયોડાટા અન્ય સમાજોમાં પણ જાહેર થાય છે માટે આ બાબત મહાસભા દ્વારા પગલું લેવું જોઇએ. આ પ્રસ્તાવને પણ સર્વસહમતિ આપવામાં આવી. છ.ગ. પ્રાદેશિકના પૂર્વ હોદ્દેદારો દ્વારા ભિલાઇ ઘટકના બેંક એકાઉન્ટમાં જમા પ્રાદેશિક ફંડને અત્યારના પ્રા. પ્રમુખશ્રી દ્વારા આપેલ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આપવા પુનઃ અનુરોધ કરવામાં આવ્યું. જેથી આર્થિક સહજતા પ્રાપ્ત થાય.

અન્ય કોઇ ચર્ચા ન હોતા પ્રા. મંત્રીશ્રી દ્વારા વાર્ષિક બેઠકનું આભાર પ્રગટ કરવામાં આવ્યું. રાયપુર ઘટકના આતિથ્યને વ્યવસ્થિત વ્યવસ્થાની લાગણીભર્યા આવકાર હેતુ ઘટક પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા તથા એમની ટીમને ધન્યવાદ સાથે અભિનંદન પાઠવવામાં આવેલ. રાષ્ટ્રગાન સાથે સભાધ્યક્ષની અનુમતિથી પ્રાદેશિક મંત્રી દ્વારા સભાની વિવિધ સમાપ્તિની ઘોષણા કરવામાં આવી હતી. આતિથ્ય ઘટક દ્વારા સ્વાદિષ્ટ સ્નેહભોજ પિરસવામાં આવ્યું હતું. સ્નેહભોજ લઇ સૌ છુટા પડ્યા હતા.

# દુર્ગ ઘટક

અનસુયાબેન પઢિઆર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

દુર્ગ ઘટક અંતર્ગત સક્રીય રીતે કાર્યરત શ્રી જન કલ્યાણ સમિતિના પ્રયાસથી તા. ૨૨-૧૨-૨૪ના દિવસે ઘટકના






દુર્ગ ઘટકના અંતર્ગત જન કલ્યાણ સમિતિ દ્વારા ૬ થી ૧૩ વર્ષની આયુ વર્ગના નાના બાળકોને સંસ્કારીત કરવાની દષ્ટિએ સાપ્તાહિક બાળ સંસ્કાર શાળાનો શુભારંભ કર્યો આજે આખા હિન્દુસ્તાનમાં યુવા પેઢી અનેક પ્રકારની કુરીતીઓ, દુર્વ્યસનોમાં ફસાઇ ગયેલા છે. અનેક પ્રકારની નાસમજીના કારણે યુવાઓ આપઘાત અને દુરવ્યવહાર માવિત્રો સાથે કરતા હોય છે, તેને સુધારવાનું આ એક જ અવસર હોય છે એ છે બાલ સંસ્કાર શાળા બાલમન અત્યારે પુરૂ કોરી ચોપડીની જેમ સાફસુથરો અને નાજુક ભાવના હોય છે. એમાં જે પણ તમે વાવો એ ઉગી નીકળશે અને સંસ્કારવાન બાળકો સમાજ દેશ અને પરિવારનું નામ ઉજ્જવલ કરી શકે તેવું અવસર છે. બાળ સંસ્થાના ટીચર શ્રીમતી મેઘા રાઠી અને વનિતાબેન સોલંકી પુનમ રાઠી તથા શ્રીમતી એસચંદ્રાએ આ બાબત સંસ્કારની ટેકનીકનો એક મોડલ પ્રસ્તુત કર્યો સૌથી પહેલા બાળકોને ધ્યાન કરાવ્યા પ્રાર્થનામાં ઇતની શક્તિ હમે દેના દાતાની પ્રાર્થના યાદ કરાવી અને રમત-ગમત, ટુચકાઓ મહાપુરૂષોના દષ્ટાંતો વિવેકાનંદની વાર્તાઓ વગેરેનો બાળકોને પરિચય આપ્યો લગભગ ૩૦-૩૫ની સંખ્યામાં આપણા સમાજ તથા ઇતર સમાજના બાળકોએ ભાગ લીધો અને પહેલી ઉદ્‌ઘાટન કક્ષામાં સર્વે માવિત્રોને પણ આમંત્રિત કરવામાં આવેલ હતા. સૌએ અનુભવ કર્યો કે અત્યારની પરિસ્થિતિમાં આ એક મહત્વની તાલીમ બાળકોને આપવી જરૂરી છે શિબિરમાં ઘટક પ્રમુખ તુષારભાઇ ચૌહાણ, જનકલ્યાણ પ્રમુખ નરેન્દ્રભાઇ રાઠોડ, બંસીભાઇ સોલંકી, ઉષાબેન ટાંક, બાલાબેન ચૌહાણ, અલ્કાબેન વાઘેલા, લવિનાબેન ચૌહાણ અને હેમાબેન સોલંકી, સમાજ ભવનમાં પ્રાકૃતિક સ્વાસ્થ્ય સિવાય જેમાં આપ પોતાના ડૉક્ટર સ્વયં બનો અભિયાનના અંતર્ગત ગાયત્રી પરિવારના અનુભવી વિશેષજ્ઞ પ્રાણેશ વિશ્વાસ તથા તેમની ટીમે મિલેટ્સ અને પ્રાકૃતિક જીવંત જલ અર્થાત જેનો ટીડીએસ ૧૫૦ થી ૨૫૦ સુધી અની પીએચ ૮ થી ૧૦ સુધી હોય એવું જલનો નિયમિત સેવન થઇ શકે તો વ્યક્તિના શરીરમાં ક્યારે પણ બિમારી ટકી શકતી નથી. જીરો વોલ્ટ થેરેપી, કાંસા થાલી મસાજ, હૉટ વૉટર ઇમરજન તથા એવા અનેક પ્રયોગો કરી બતાવ્યા જેમાં પ્રારંભિત ટ્રીટમેન્ટ લઇને લોકોએ આરામ અનુભવ કર્યો કે ખરેખર આપણી જુની ચિકિત્સા પદ્ધતિ શરીરને નુકશાન કર્યા વગર લાભકારી અને બીમારીને જડથી સમાપ્ત કરવાની ક્ષમતા રાખે છે એના પ્રત્યે લોકોના મનમાં ખુબજ આકર્ષણ પ્રેરાયો અને આ પદ્ધતિને અપનાવવા લોકોએ ઉપલબ્ધ પુસ્તકો અને શ્રી ધાન્ય અર્થાત મિલેટ્સ બાબતે ઉપયોગનો સંકલ્પ કર્યો. મંચ સંચાલન શ્રી ધીરજલાલ ટાંકે કર્યું. દુર્ગ ઘટકના પ્રમુખ શ્રી તુષારભાઇ તુલસીરામભાઇ ચૌહાણ જન કલ્યાણ સમિતિના પ્રમુખશ્રી નરેન્દ્રભાઇ રાઠોડની પુરી ટીમ યુવા મંડળ, મહિલા મંડળ, યુવતી મંડળના સદસ્યોએ સારો સહકાર આપ્યો હતો. બંસીભાઇ સોલંકી, રવિલાલ વાઘેલા, હરિલાલ ટાંક, મુકેશભાઇ રાઠોડ, અનિલ માધવજી ટાંક, દયારામ હિરજી ટાંક, મહિલા મંડળ પ્રમુખ જયશ્રીબેન ચાવડા, ઉષાબેન ટાંક, રીતાબેન રાઠોડ, બાલાબેન ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ જોવામાં આવી હતી.

સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઇ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઇ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

## માધાપર ઘટક

પરમાર તથા ગામના અગ્રણી ગજેન્દ્રભાઇ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં માધાપર ઘટકની ૬ ટીમોએ ભાગ લીધો





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટને દીપ પ્રાગટ્ય કરી શ્રીમતી પારૂલબેન કારા, પૂ. પ્રમુખ જીલ્લા પંચાયત, શ્રી પ્રવિણાબેન રાઠોડ - ઉપપ્રમુખ તાલુકા પંચાયત - ભુજ, શ્રી ગંગાબેન મહેશ્વરી - સરપંચ જુનાવાસ માધાપર, શ્રી નારણભાઇ મહેશ્વરી અગ્રણી સમાધાપર તથા માધાપર ઘટક પ્રમુખશ્રી જેન્તીભાઇ વાઘેલા દ્વારા ટુર્નામેન્ટનો ટોસ ઉછાળીને ટુર્નામેન્ટ ખુલ્લી મુકવામાં આવેલ.

આ પ્રસંગે શ્રીમતી નિતાબેન સોલંકી, અ.ભા.મહિલા મહામંડળ ઉપપ્રમુખ મહિલા મંડળના પ્રમુખ તારાબેન ટાંક તથા યુવતી મંડળના પ્રમુખ તથા યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તથા અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી મોહિતભાઇ સોલંકી તથા પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ હતો. પ્રથમ મેચ જય માતાજી અને બજરંગી ઇલેવન વચ્ચે રમાયેલ હતી. જેમાં બજરંગ ટીમ ૧૦૯ રન બનાવીને જય માતાજી ટીમ ઉપર વિજય મેળવેલ. બજરંગ ટીમના ખેલાડી વિરલ પરમાર ૨૮ બોલમાં ૫૪ રન બનાવીને મેન ઓફ થી મેચ થયેલ હતા. બીજી મેચ રમાયેલ જેમાં આઝાદ ફાઇટર વિજેતા જાહેર થયેલ હતી.

બીજી મેચ રમાયેલ જેનો ટોચ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુલાલભાઇ ચૌહાણના હસ્તે કરવામાં આવેલ. ઉપરોક્ત ટુર્નામેન્ટમાં ચૌહાણ કિરણ, ચૌહાણ ચેતન, ચૌહાણ દિપક, ચૌહાણ હિરેન, રાઠોડ ભરત જે ટુર્નામેન્ટનું આયોજન સંભાળી રહ્યા છે તથા ગ્રાઉન્ડ ઉપર અશ્વિન શાંતિલાલ રાઠોડ દ્વારા સહયોગ પ્રાપ્ત થયેલ. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન દિનેશભાઇ ચાવડા તરફથી કરવામાં આવેલ.

## હાજાપર ઘટક

અને મહેશ્વરી સમાજના શ્રી સામંતભાઇ બિજલબાપાના આશીર્વાદ અને તેમના હસ્તે શુભમુહુર્તમાં શ્રીફળ, ગોળ, ધાણા અને ખુશાલીરૂપે મોતીચૂરના લાડુ પ્રસાદરૂપે આપવામાં આવેલ.



તા. ૧૫-૧૨-૨૦૨૫ના રોજ હાજાપર ઘટકમાં નિર્માણાધીન સમાજ ભવનની છત નાખવામાં આવેલ હતી. આ પ્રસંગે ઘટકમાં સ્થાનિક રહેવાસીઓ અને સર્વે કમીટી મેમ્બરો પધાર્યા હતા. હાજાપર ઘટકના પૂર્વ સરપંચ શ્રી ચંદુભાઇ ઠક્કર સમાજ ભવનની છત અને દાદર સર્વે લગભગ ૨૨૫૦ સ્કે.ફુટ થાય છે. આ સમાજ ભવન લગભગ રૂપિયા ૫૦ લાખના ખર્ચે તૈયાર થઇ રહેલ છે. હાલ ૫૦%નું કાર્ય સંપન્ન થઇ ગયેલ છે. રૂબરૂ

સંપર્ક સેતુ ના નેજા હેઠળ હાજાપર ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવના નેતૃત્વમાં અન્ય કમીટી મેમ્બરો અલગ-અલગ રાજ્ય અને શહેરોની મુલાકાત લઇ મૂળ હાજાપરવાસીઓની સમાજ ભવન ફંડ માટે મહેનત કરી રહ્યા છે.

સમાજ ભવનની છત ભરાતા હોઇ સર્વે કમીટી મેમ્બરો અને હાજાપર સમાજ ભવનના મુખ્ય દાતા શ્રી વલમજીભાઇ વાઘેલા, આનંદભાઇ વાઘેલા, મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કોકીલાબેન જગદીશભાઇ પરમાર, યુવા મંડળના પ્રમુખ શ્રી દિપેશભાઇ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સામાજીક કાર્ય માટે હાજાપર ઘટક કમીટી હંમેશ તૈયાર છે. જો આપશ્રીના હાજાપર ગામમાં કે સીમમાં જો કોઇ આવી મિલ્કતના સાધારણ પુરાવા હોય તો અવશ્ય હાજાપર ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવનો મો. ૯૮૨૧૮૪૦૧૫૯ પર સંપર્ક કરવો. સંભવ તેટલી હાજાપર ઘટક કમીટી આપશ્રીને મદદરૂપ થશે.

## કેંજોરગઢ ઘટક





તા. ૩૧-૧૨-૨૦૨૪ના કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા સમાજવાડીમાં આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. તેની સાથે ગેમ પણ રમાડવામાં આવેલ હતી. સાંજે ૭ વાગ્યાથી આનંદ મેળો શરૂ થયો હતો. જેમાં જાત-જાતની સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ તથા બાળકો માટે ગેમના સ્ટોલ લાગેલ હતા. સમાજના સૌ લોકોએ ખુબ આનંદથી આ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લીધો હતો. બાળકો ગેમ રમી ખૂબ આનંદિત થયા હતા. મોડી રાત સુધી આનંદ મેળો ચાલ્યો હતો. આનંદ મેળા બાદ હાઉઝી તથા મ્યુઝિક ચેર જેવી ગેમ રમાડવામાં આવેલ હતી. રાત્રે ૧૨.૦૦ વાગ્યે ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ તથા યુવા મંડળ ઉપપ્રમુખ શ્રી ભુષીતભાઇ વાસુદેવ ચાવડા દ્વારા કેક કાપી અંગ્રેજી નૂતન વર્ષનું સ્વાગત કરવામાં આવેલ હતું. બધા ભાઇઓ-બહેનોએ ખુબ ઉત્સાહથી આ કાર્યક્રમોમાં ભાગ લઇ તેને સફળ કરેલ હતો. ઘટક તથા યુવા મંડળના સદસ્યોએ પણ તેમનો પુરો સહયોગ આપ્યો હતો. તા. ૧૪-૦૧-૨૦૨૫ મકર સંક્રાંતિના અવસર પર મહિલા મંડળ દ્વારા યુવા મંડળના સહયોગથી સમાજવાડીમાં ખિચડાનું આયોજન કરવામાં આવેલ હતું. બપોરે સૌ ભાઇઓ તથા બહેનોએ સ્વાદિષ્ટ ખિચડાનો આનંદ લીધો હતો. આ કાર્યક્રમની સફળતા માટે ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળન સદસ્યોએ સહયોગ આપ્યો હતો.

## જામનગર-સિક્કા ઘટક

તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવારના રોજ જામનગર-સિક્કા હાઇવે પર આવેલ શ્રી રાવલદાદા મંદિર, સિક્કા મુકામે ઘટકના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. અંદાજીત નાના-મોટા નેવું જેટલા વ્યક્તિઓએ હાજરી આપી હતી. સવારે ૧૦.૩૦ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમમાં મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત બાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યાર બાદ ગત વર્ષે



પ્રભુશરણ પામેલ દિવંગત સમાજબંધુ માટે એક મિનિટનું મૌન પાડવામાં આવેલ. બાદમાં જ્ઞાતિમાં પ્રથમ વખત જોડાયેલ નવા જ્ઞાતિજનોનો પ્રાથમિક પરિચય લેવામાં આવેલ. ઘટકના



ખજાનચભીશ્રી વતીથી શ્રીમતી નયનાબેન ટાંક તરફથી ઘટકનો વાર્ષિક આર્થિક અહેવાલ રજુ કરવામાં આવેલ. ત્યાર બાદ સૌ પ્રથમ યુવા મંડળના પ્રમુખશ્રી નવીનભાઇ પરમાર દ્વારા યુવા મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કરાયેલ અને મહિલા મંડળના મંત્રી નયનાબેન ટાંક દ્વારા મહિલા મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવેલ બાદમાં મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ તરફથી ઘટકનો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવેલ છેલ્લે મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રી કવિતાબેન, ઘટક ઉપપ્રમુખ શ્રી સંજયભાઇ ટાંક અને પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ ચૌહાણ દ્વારા હૃદયસ્પર્શી ઉદ્‌બોધન કરવામાં આવેલ તેમજ સમાજબાંધવોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

મહાનુભાવોના ઉદ્‌બોધન બાદ સંસ્કૃતિક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ અને ત્યાર બાદ લંચ બ્રેકમાં સૌ જ્ઞાતિબંધુઓએ સ્વાદિષ્ટ લંચનો આસ્વાદન કરેલ લંચ પછીના સેશનમાં ઘટકના સર્વે કુટુંબોએ ઘટકની વાર્ષિક સભ્ય ફી તેમજ ઘટકને યથાશક્તિ ફાળો નોંધાવેલ આ સમય દરમિયાન હાઉઝી ગેમ, લક્કી ડ્રો જેવી ઇન્ડોર રમતોનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ જ્ઞાતિબંધુઓને ખુબજ મનોરંજન મળેલ. છેલ્લે ઘટકના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેના ઇનામ માટેના આજીવન દાતાશ્રી ડૉ. દિપેશભાઇ પરમાર તરફથી કે.જી.થી લઇ અને કોલેજ સુધીના સર્વે વિદ્યાર્થીઓને ગીફટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. છેલ્લે ઘટક મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ તરફથી આભારવિધી કરવામાં આવેલ અને આ રીતે છેલ્લા ઘણા સમયથી જેની આતુરતાથી રાહ જોવાયેલ હતી તે વાર્ષિક સ્નેહમિલનનો કાર્યક્રમ ખુબજ સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

## ઓખા ઘટક





શ્રી ક.ગુ.ક્ષ. ઓખા મંડળ ટ્રસ્ટ દ્વારકા આયોજીત 'ખેલ મહાકુંભ-૨૦૨૫'નું આયોજન તા. ૫-૧-૨૫, રવિવારના રોજ ઓખામાં થયેલ, જેમનું સંચાલન ઓખા ઘટક, ઓખા યુવા મંડળ તથા મહિલા મંડળ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. આ ખેલ મહાકુંભમાં ૩ વર્ષના બાળકથી લઇ ૮૦ વર્ષના વયોવૃદ્ધ માટે તેમજ ખાસ કપલ માટે વિવિધ પ્રકારની રમતોનો સમાવેશ કરવામાં આવેલ. ખેલ મહાકુંભમાં ઓખા, મીઠાપુર તથા દ્વારકા એમ ત્રણેય ઘટકના દરેક સભ્યો સાથે મળી એક પરિવારની જેમ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સવારે ૮.૦૦ વાગ્યે નાસ્તાથી શરૂ કરી બપોરે સાથે પ્રીતિ ભોજન લીધું અને આખો દિવસ રમતો રમી સાંજે વિજેતાઓને ઇનામ વિતરણ કરી કાર્યક્રમને વિરામ આપેલ.

વધુમાં જેમ સોનામાં સુગંધ ભળે તેમ આ વર્ષે ધાર્મિક પ્રવાસમાં નિકળેલ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી



આયોજકોના આમંત્રણને સ્વિકારી તેમના વ્યવસ્ત કાર્યક્રમમાંથી થોડો સમય કાઢી આ કાર્યક્રમમાં સમાજના લોકોને મળી ઉત્સાહમાં વધારો કરેલ તે બદલ ત્રણેય ઘટક તથા શ્રી ક.ગુ.ક્ષ. ઓખા મંડળ ટ્રસ્ટ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## હાર્દિક શ્રદ્ધાસુમન



## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી)

(ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)

પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા (સત્ર : ૨૦૦૨-૨૦૦૫)

આપનો સ્નેહી, નિર્દોષ, સરળ અને સૌમ્ય, લાગણીભર્યો ચહેરો અમારી નજર સામેથી દૂર થતો જ નથી. સમાજ પ્રત્યે ભરપૂર લાગણીવાળું જીવન, બધા પ્રત્યે અનહદ પ્રેમ, ખૂબજ લાગણી, દરેક પ્રત્યે સદ્‌ભાવનાની સરવાણીએ આપની જીવનમૂડી હતી. હાસ્યભર્યું જીવન અને નિખાલસતાએ આપની ઓળખ હતી. આવું વ્યક્તિત્વ ગુમાવવાનું દુઃખ સમસ્ત સમાજને આજીવન રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય તેજોમય આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના સહ શ્રદ્ધાસુમન.... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

**શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર**
સલાહકાર અધ્યક્ષશ્રી, મહાસભા

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
પ્રમુખશ્રી, મહાસભા

**ડૉ. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી, મહાસભા

**શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક**
પ્રમુખશ્રી, અ.ભા.યુવા મહામંડળ

**શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ**
પ્રમુખશ્રી, અ.ભા.મહિલા મહામંડળ

**સમસ્ત મહાસભા, યુવા મહામંડળ, મહિલા મહામંડળ, પ્રાદેશિક સમિતિઓ, સર્વે ઘટકો, યુવા મંડળો, મહિલા મંડળોના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, વિવિધ સંસ્થાના સભ્યશ્રીઓ તથા સમસ્ત સમાજબંધુઓના જયશ્રી કૃષ્ણ**

## રાયપુર ઘટક આયોજીત ૨૦૧ પિતૃજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ... મહાસભાનું વાર્ષિક અધિવેશન... વિરાટ સગપણ સંમેલન... જ્ઞાતિનો મહાકુંભ 'નાતેડું'ની અવિસ્મરણીય તસવીરો...






## રાયપુર ઘટક આયોજીત ૨૦૧ પિતૃજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ... મહાસભાનું વાર્ષિક અધિવેશન... વિરાટ સગપણ સંમેલન... જ્ઞાતિનો મહાકુંભ 'નાતેડું'ની અવિસ્મરણીય તસવીરો...



## રાયપુર ઘટક આયોજીત ૨૦૧ પિતૃજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ... મહાસભાનું વાર્ષિક અધિવેશન... વિરાટ સગપણ સંમેલન... જ્ઞાતિનો મહાકુંભ 'નાતેડું'ની અવિસ્મરણીય તસવીરો...



## રાયપુર ઘટક આયોજીત ૨૦૧ પિતૃજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ... મહાસભાનું વાર્ષિક અધિવેશન... વિરાટ સગપણ સંમેલન... જ્ઞાતિનો મહાકુંભ 'નાતેડું'ની અવિસ્મરણીય તસવીરો...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વિદર્ભ પ્રાદેશિક સમિતિના સ્નેહમય નિમંત્રણ ગોંદીયા અને બાલાઘાટ ઘટકના સહયોગથી

શ્રી કે.જી.કે. સમાજ સરગમ મ્યુઝિક ગ્રુપ આયોજીત

# "કાન્હા મિલન-૨૦૨૫"

કાન્હા (મધ્યપ્રદેશ)

તા. ૪ તથા ૫ જાન્યુઆરી-૨૦૨૫



## કાન્હા મિલન-૨૦૨૫ આયોજનના સંગીત પ્રેમી મુખ્ય સહયોગી દાતાશ્રીઓ...


'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી


શ્રી મનોજભાઈ વેગડ


શ્રી ભોગીલાલભાઈ ચાવડા


શ્રીમતી ચિત્રાબેન ગોહિલ


શ્રી જીતેન્દ્રભાઈ પરમાર


શ્રી પ્રફુલ્લભાઈ પરમાર


શ્રી યોગેશભાઈ ચાવડા


'નારીરત્ન' શ્રીમતી કંચનબેન જેઠવા


શ્રીમતી લીનાબેન રાઠોડ



શ્રીમતી મીનાબેન ચૌહાણ


શ્રીમતી આશાબેન પરમાર


શ્રીમતી મોનાબેન પરમાર


બ્ર.કુ. બાબુભાઈ પરમાર

## સ્વ. રણજીતબાપાના નિવાસ સ્થાન – બાલાઘાટ મધ્યે 'સરગમ' સભ્યોની મહેમાનગતિ...


સ્વ. રણજીતબાપા




ગં.સ્વ. રંજનબા







# કાન્હા મિલન-૨૦૨૫ શુભારંભ તથા આનંદની ક્ષણો...



# કાન્હા મિલન-૨૦૨૫ સમાપન / સન્માન



# કાન્હા મિલન-૨૦૨૫માં કર્ણપ્રિય ગીતો રજુ કરનાર ગ્રુપના ગાયકો...



## શુભ વિવાહની હાર્દિક શુભેચ્છા



કુળદેવી શ્રી ખોડિયાર માતાજી (અંજાર) અને શ્રી ચંડી ચામુંડા (ચંડિયા)ની કૃપાથી
ગામ : અંજાર હાલ વડોદરા નિવાસી અ.સૌ. ઉષાબેન તથા મુકુલ રસિકલાલ પટેલ (ખોડીયાર) ના સુપુત્ર
દાદા : સ્વ. શ્રી રસિકલાલ જીવરામભાઈ પટેલ તથા સ્વ. શ્રીમતી ત્રિવેણીબેન લાલજીભાઈ ચૌહાણ (રાંચી)
નાનાઃ શ્રી જયંતિભાઈ ગોવિંદભાઈ વરુ તથા શ્રીમતી સરસ્વતી જયંતિભાઈ વરુ (બેંગ્લોર)

**ચિ. કુણાલ** ના શુભ લગ્ન **ચિ. અંજલિ**

ગામ : ચાંદિયા હાલ વડોદરા નિવાસી અ.સૌ. પલ્લવીબેન તથા શ્રી પુનિતભાઈ ચાવડાની સુપુત્રી
દાદાઃ સ્વ. શ્રી લલિત દેવજીભાઈ ચાવડા તથા શ્રીમતી લલિતાબેન ચાવડા (ચંડિયા)
નાનાઃ સ્વ.શ્રી ગજેન્દ્રભાઈ ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણ (રેહા)

સાથે ૭ મી ડિસેમ્બર ૨૦૨૪ ના શુભ દિને સંપન્ન થયેલ છે.
નવદંપતીને અંતરના આશિષ સહ શુભકામના...

**શુભેચ્છા : ખોડિયાર પરિવાર - વડોદરા તથા ચાવડા પરિવાર - વડોદરા**







| YASH | SAURAV |
|---|---|
| D.O.B. : 03-11-1997 | D.O.B. : 19-08-1997 |
| M.S. in Information Technology & Management U.T. Dallas (U.S.A.) | M.S. in Manufacturing Technology Dortmand (Germany) |

## Congralutation

| ચિ. યશ ભરત ટાંક | ચિ. સૌરવ શીરીષ ટાંક |
|---|---|

શ્રી ચામુંડા માતાજીની મહેર અને વડીલોના આશીર્વાદથી અમારા બંને સુપુત્રોએ હાલમાં જ ઇજનેરીમાં માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી છે. ટાંક કુટુંબ તથા સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન તથા ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

| | |
|---|---|
| દાદા : સ્વ. વેલજીભાઇ માંડણભાઇ ટાંક | દાદી : સ્વ. વિજ્યાબેન વેલજીભાઇ ટાંક |
| પપ્પા : ભરતભાઇ વેલજીભાઇ ટાંક | પપ્પા : શિરિષભાઇ વેલજીભાઇ ટાંક |
| મમ્મી : મીનાબેન ભરતભાઇ ટાંક | મમ્મી : નિતાબેન શિરિષભાઇ ટાંક |
| ભાઇ : કેવીન ભરતભાઇ ટાંક | બેન : ઇશા શિરિષભાઇ ટાંક |
| ફઇ : હંસાબેન ધીરજલાલ પરમાર (વડોદરા) | ફઇ : ગીતાબેન હરીભાઇ પરમાર (વડોદરા) |
| ફુઆ : ધીરજલાલ એમ. પરમાર | ફુઆ : હરીભાઇ એમ. પરમાર |
| ફઇ : ચંદ્રીકાબેન દિનેશભાઇ રાઠોડ (કલ્યાણ) | ફઇ : આશાબેન દીલીપભાઇ સોલંકી (મુંબઇ) |
| ફુઆ : દિનેશભાઇ ડી. રાઠોડ | ફુઆ : દીલીપભાઇ વી. સોલંકી |
| નાના-નાની : સ્વ.વાલીબેન પ્રાગજી કુંવરજી રાઠોડ (અંજાર) | નાના-નાની : વનિતાબેન પુરષોત્તમ અરજણ ટાંક (જયપુર) |

**ટાંક પરિવાર (સિનોગ્રા) હાલ મુંબઇના જય સમાજ**

# અંજાર નિવાસી જેઠવા પરિવાર દ્વારા આયોજીત દ્વિતીય સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવની તસવીરો



# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Chinmay Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 24-10-1996 |
| Place of Birth | : | Saraipali, C.G. |
| Time of Birth | : | 11.17 am |
| Height | : | 5'5" |
| Education | : | MTech - IIT Guwahati (2023-24)<br>AIR - 904 (GATE), BTech-CSE,<br>SJBIT College, Bangalore |
| Occupation | : | Programming Officer at ONGC -<br>Mumbai (Central Govt. Job) |
| Gotra | : | Gautam |
| Mataji | : | Shri Chamunda Maa |
| Native Place | : | Khedoi |
| Father | : | Lt. Ravindrakumar Rathod |
| Mother | : | Smt. Daksha Rathod-Homemaker |
| Grand Father | : | Lt. Gokulbhai Rathod |
| Grand Mother | : | Lt. Saraswatiben Rathod |
| Sister | : | Mrs. Himani Jayant Chowhan<br>Elder Sister (Married) Hyderabad |
| Mama | : | Shri Jeetendra Khodiyar<br>Saraipali - C.G. - 8889109398<br>Shri Piyush Khodiyar<br>Saraipali - C.G. - 9754241005 |
| Bade Papa | : | Shri Praveenkumar Rathod<br>Bilaspur (C.G.) |
| Contact Det. | : | Shri Satishbhai Chawda - Raipur<br>9300292497<br>Shri Dilipbhai Chawda - Karimnagar<br>9704847879 |
| Address | : | B-4/5, 677, ONGC Colony, Panvel,<br>Mumbai (M.H.) |
| E-mail | : | chinmayrathod24@gmail.com |



## Harshid Jethwa

| | | |
|---|---|---|
| **Father** | **:** | **Dinesh Jethwa** |
| Father's Occp. | : | Business - Pooja Agarbatti Store |
| **Mother** | **:** | **Malini Jethwa** |
| **Grand Father** | **:** | **Karamsinh Jethwa** |
| **Grand Mother** | **:** | **Lt. Rukhmaniben Jethwa** |
| D.O.B. | : | 16 July 1996 |
| T.O.B. | : | 4:20 pm |
| Height | : | 179 cm |
| Weight | : | 66 Kg. |
| Blood Group | : | A+ |
| Edu. Quali. | : | M.Tech (System Engineering) |
| Other Quali. | : | B.Tech (Information Systems) |
| Occupation | : | Systems Integration Senior Analyst<br>Job in NTT Data Services (Pune-WFH) |
| Salary/Income | : | Optional - NA |
| Languages | : | Hindi, Gujarati, English |
| Native Place | : | Anjar |
| Kuldevi | : | Shri Brahmani Maa |
| Gotra | : | Shandil |
| **Siblings** | **:** | **Brother** |
| **Mosad** | **:** | **Dineshbhai P. Parmar (Anjar)**<br>**Udaybhai P. Parmar (Anjar)** |
| Address | : | A/6, Bhagirath Society,<br>Opp. Rameshwar Temple, Hightension<br>Road, Subhanpura, Vadodara (Guj) |
| **Contact No.** | **:** | **8879525463**<br>**7203040521 (Mother)**<br>**8879525463 (Whatsapp)** |

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી)

(ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા) (પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि तथा शरीराणि विहाय जीर्णा न्यन्यानि संयाति नवानि देही ||

સેવાભાવ, સાદગી, સદ્ વિચાર અને સમર્પણ ભાવના પ્રણેતા એવા આપની ચિરઃ વિદાયથી અમો પરિવારજનો ઉંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ... ધાર્મિક, આધ્યાત્મિક તથા સામાજીક સેવાના ક્ષેત્રે જીવનની અંતિમ ક્ષણો સુધી આપેલું આપશ્રીનું યોગદાન ચંદન રૂપી સુગંધની જેમ અમોને સદૈવ આપનું સ્મરણ કરાવતું રહેશે. પરિવાર પ્રિય અને કુટુંબવત્સલ એવા આપશ્રીના દિવ્ય આત્માને કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી તથા પરમકૃપાળુ પરમાત્મા ચિરઃ શાંતિ આપે તેવી પ્રાર્થના... ઓમ શાંતિ... શાંતિ...શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| સ્વ. પ્રેમુબેન એવં સ્વ. જીવરામભાઈ ખેતાભાઈ જેઠવા | (માતા-પિતા) | પૂજાબેન એવં ભરતભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. રસીલાબેન કાંતિલાલ જેઠવા | (ધર્મપત્નિ) | પૂજાબેન એવં ભાવેશભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. ગૌરીબેન પોપટલાલ પરમાર | (બહેન-બનેવી) | તૃપ્તિબેન એવં રમેશભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. કાશીબેન મોહનલાલ પરમાર | (બહેન-બનેવી) | ઉર્મિલાબેન કમલભાઈ વરૂ | (દિકરી-જમાઈ) |
| ગં.સ્વ. મુક્તાબેન અમૃતલાલ રાઠોડ | (બહેન-બનેવી) | સંગીતાબેન દિપેશભાઈ ચૌહાણ | (દિકરી-જમાઈ) |
| ક્રિષ્ના, ભવિષ્ય, ધૈર્ય, આરવ, આધ્યા | (પૌત્ર-પૌત્રી) | કામાક્ષી, ગોપીકા | (દોહીત્રી) |

**હેમરાજભાઈ શીવજીભાઈ રાઠોડ પરિવાર, હિંમતનગર (શ્વસુરપક્ષ)**

**કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી) પરિવાર, અંજારના જયશ્રી કૃષ્ણ**

HOTEL MANAV RESIDENCY · MANAV SQUARE · MANAV PARTY PLOT · MANAV HOTEL · MANAV MANGO FARM · SHRI MANAV ENTERPRISE BUILDERS AND LAND DEVELOPERS · SHRI MANAV IMPEX

# ॥ પુષ્પાંજલિ ॥



## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી)

**(ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧–૦૧–૨૦૨૫, અંજાર (કચ્છ)**

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા) (પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

**''કર્મન્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન''**

આ વાક્યને સાર્થક કરનાર, સરલ હૃદયને હસમુખ સ્વભાવથી બધાનું દિલ જીતનાર, એવું આપનું વ્યક્તિત્વ અમારા માટે જીવનભર પ્રેરણાદાયક રહેશે. સુખમાં છલકાવ્યું નથીને, દુઃખમાં દેખાડ્યું નથી, હસતો રાખી ચહેરો ઓચિંતા આપે જગથી લીધી વિદાય, જીવનમાં મહેનત કરી સર્વત્ર સુવાસ ફેલાવી આપ સાચું જીવન જીવી ગયા.

પરમકૃપાળુ પરમાત્મા આપના તેજોમય આત્માને સદ્ગતિ પ્રદાન કરે એજ અભ્યર્થના... ૐ શાંતિ.. શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

**શ્રીમતી વસુધાબેન બલરામભાઈ નરશીભાઈ ચાવડા (વેવાણ–વેવાઈ)**

**શ્રીમતી હિતિશાબેન જયેશભાઈ ચાવડા (પુત્ર–પુત્રવધુ)**

**શ્રીમતી જીજ્ઞાસાબેન હિમેશભાઈ ચાવડા (પુત્ર–પુત્રવધુ)**

**સ્વ. ભારતીબેન મુકુન્દભાઈ ચાવડા – હૈદરાબાદ (પુત્રી–જમાઈ)**

**શ્રીમતી પૂજાબેન ભરતભાઈ જેઠવા – અંજાર (પુત્રી–જમાઈ)**

**કુ. વૃષ્ટિ, સૌર્ય, રેયાંસ, કુ. ભાવિષા, ક્રિષ્નાકુમાર, અમનકુમાર, કુ. યશ્વીબેન ભવિષ્યકુમાર**

**સમસ્ત ચાવડા પરિવાર – રાયપુરના જયશ્રી કૃષ્ણ**

:: વિનિત ::


**બલરામભાઈ નરશીભાઈ ચાવડા**

(પૂર્વ કોષાધ્યક્ષ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)

**ચાવડા ટ્રેડર્સ - રાયપુર** **અમન ટ્રેડર્સ - રાયપુર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા
## (મહાત્માજી)

**(ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)**

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)
(પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

**यद्यदाचरति श्रेष्ठसतत्तदेवेतरो जनः । स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।।** गीता ३-२१

**"શ્રેષ્ઠ પુરૂષ જે જે આચરણ કરે છે, અન્ય જનો પણ તેવું જ આચરણ કરે છે. તે જે ધોરણો સ્થાપે છે, તે અનુસાર સમસ્ત જનસમુદાય વર્તે છે."**


સદાય હસતો ચહેરો, જનસેવા-સમાજસેવા માટે હરહંમેશ તત્પર એવા આપ અમારા માર્ગદર્શક શક્તિ બનીને રહેશો. તમે અમારાથી દૂર ગયા પણ, તમે હંમેશા અમારા હૃદયમાં રહેશો, તમારો પ્રેમ મહાન હતો, અમે તમારી સરળતાને તમારી ઓળખ કહીશું, તમને સાચા અને ઉમદા વ્યક્તિ કહીશું, જ્યારે પણ પ્રમાણિક્તાની વાત કરવામાં આવશે, સૌ પ્રથમ તમારું નામ લેશું, તમે અમારું જીવન હતા અને આ જીવનપથ પર સદા ચાલતા રહીશું... ચાલતા રહીશું... ચાલતા રહીશું... **સત્તકાર્યો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું.** એ દિવ્ય આત્માને શાશ્વત શાંતિ માટે પરમ પિતા પરમાત્મા પાસે હૃદયપૂર્વક પ્રાર્થના...

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર ઘટક

| | |
|---|---|
| શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર | પ્રમુખ |
| શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા | સલાહકાર પ્રમુખ |
| શ્રી મહેશભાઈ ભનુભાઈ પરમાર | ઉપપ્રમુખ |
| શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર | ઉપપ્રમુખ |
| શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઈ ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી અજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | ઉપપ્રમુખ |
| શ્રી ભાવેશભાઈ કાંતિલાલ જેઠવા | ઉપપ્રમુખ |
| શ્રી નવિનભાઈ હિંમતલાલ ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી સુરેશભાઈ અનિલભાઈ ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી રમેશભાઈ કેશવજીભાઈ ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી રાજુભાઈ જીવરામભાઈ ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા | ઉપપ્રમુખ |
| શ્રી અનિલભાઈ જયંતિલાલ રાઠોડ | ઉપપ્રમુખ |
| શ્રી જીવરામભાઈ ભવાનભાઈ ટાંક | વરીષ્ઠ મહામંત્રી |
| ગં.સ્વ. સવિતાબેન જયંતિલાલ ચૌહાણ | પ્રમુખ, મહિલા મંડળ |
| શ્રીમતી વંદનાબેન વિનોદભાઈ ખોડિયાર | મહામંત્રી, મહિલા મંડળ |
| શ્રી વિનોદભાઈ શાંતિલાલ જેઠવા | મહામંત્રી |
| શ્રી મુકેશભાઈ હરિલાલ ખોડિયાર | મંત્રી |
| શ્રી ધીરજલાલ જેન્તીલાલ રાઠોડ | મંત્રી |
| શ્રી હિતેશભાઈ ભોગીલાલ ચૌહાણ | મંત્રી |
| શ્રી સુનિલભાઈ પ્રભુરામભાઈ રાઠોડ | મંત્રી |
| શ્રીમતી ઈલાબેન અનંતભાઈ ચાવડા | મંત્રી |
| શ્રી ચંદ્રકાન્તભાઈ કેશવજીભાઈ ટાંક | સહમંત્રી |
| શ્રી હરીશભાઈ જયસુખભાઈ વેગડ | સહમંત્રી |
| શ્રી બાબુલાલ વલમજીભાઈ જેઠવા | સહમંત્રી |
| શ્રી ભરતભાઈ હેમરાજભાઈ ચાવડા | સહમંત્રી |
| શ્રી જયભાઈ નવીનભાઈ જેઠવા | સહમંત્રી |
| શ્રી પ્રવિણભાઈ જીવરામભાઈ ટાંક | સહમંત્રી |
| શ્રીમતી નિર્મળાબેન પ્રભુલાલ ચાવડા | સહમંત્રી |
| શ્રી ધર્મેશભાઈ નિરંજનભાઈ ચૌહાણ | સહમંત્રી |
| શ્રી હરિલાલ કરસનભાઈ વાઢેર | કોષાધ્યક્ષ |
| શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક | પ્રમુખ, યુવા મંડળ |
| શ્રી પ્રતિકભાઈ કાંતિલાલ ખોડિયાર | મહામંત્રી, યુવા મંડળ |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર ઘટક, અંજાર મહિલા મંડળ, અંજાર યુવા મંડળના હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યો એવં સમસ્ત સમાજબંધુઓ તરફથી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. રૂકમણીબેન પુરૂષોત્તમભાઈ ચાવડા

સ્વ. તા. ૦૫/૦૧/૨૦૨૫

દેશમાં ગામ : ચંદીયા, હાલ મુકામ : જયપુર (રાજસ્થાન)

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર અમારા માતૃશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઈ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

**સ્વ. પુરૂષોત્તમભાઈ ખેંગારજીભાઈ ચાવડા (પતિ)**

**ડૉ. કાંતિલાલ - કવિતા (પુત્ર-પુત્રવધુ) અશોક - ટીના (પુત્ર-પુત્રવધુ) મયંક - ડૉ. નેહા ચાવડા (પૌત્ર-પૌત્રવધુ), મેઘા - ભુમિક વિનોદભાઈ જેઠવા (પુત્રી-જમાઈ)-અંજાર, રાધિકા - ચિરાગ પ્રકાશભાઈ જેઠવા (પુત્રી-જમાઈ)-વડોદરા તનિશ્ક (પૌત્ર), યાશિકા (પરપૌત્રી)**


# MK Pharmacy 1 & 2

**Mayank Chawda (Propriter)**

Vaishali West, Rangoli Garden Road, Jaipur (Raj.)

**Consultant Dr. K L Chawda (Surgeon)**

**Dr. Neha Mayank Chawda (Panch Karma Sepcialist)**

**Mob. 9828586718, 9049075720**

# દ્વિતિય પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૫/૦૮/૧૯૪૬

સ્વર્ગવાસ
૧૨-૦૨-૨૦૨૩

## સ્વ. મંજુલાબેન ચંદુલાલ ચૌહાણ

**દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : જયપુર (રાજસ્થાન)**

---

સરોવર જેવા શાંત અને સમુદ્ર જેવા વિશાળ,
અંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પ,
આંખો હજુ નિહાળે છે અંતર હજી પોકારે છે.
આપના ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર, નિષ્કપટ સ્વભાવ અમોને પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ પરમેશ્વર આપની દિવ્ય આત્માને શાંતિ, સદ્‌ગતિ પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...

---

**:: શોકમગ્ન પરિવારજનો ::**

ચંદુલાલભાઈ ચૌહાણ (પતિ)
રચના ચાવડા (પુત્રી)   રવિ ચાવડા (જમાઈ)
સ્વ. શ્રેયસ ચૌહાણ (પુત્ર)   ગં.સ્વ. કોકિલા ચૌહાણ (પુત્રવધુ)
હિતેશ ચૌહાણ (પુત્ર)   કલ્પના ચૌહાણ (પુત્રવધુ)
પાર્થ ચાવડા (દોહિત્ર)   સુનિધિ ચાવડા (દોહિત્રી)
કૌશિલ ચૌહાણ (પૌત્ર)   ખનક ચૌહાણ (પૌત્રી)   ચિત્રાક્ષ ચૌહાણ (પૌત્ર)

**તથા સમસ્ત ચૌહાણ પરિવારજનો**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. કાન્તાબેન રણછોડભાઈ વરૂ

**મુળ ગામ : નાગલપર, હાલ મુકામ : અંજાર (કચ્છ)**

**સ્વ. તા. ૧૫/૦૨/૨૦૨૪ મહા સુદ-૬, ગુરૂવાર**

માતૃરૂપ સ્વ. કાન્તાબેન કુટુંબમાં પ્રેમ, દયા, કરૂણાના મૂલ્યોનું જીવન સ્વરૂપ હતા. તમો ધર્મ, શાસ્ત્ર, સમર્પણના આદર્શોની કેડી કંડારી અમારામાટે સદાને માટે પથદર્શક અને પ્રેરણારૂપ બન્યા છો. આપ સદેહે અમારી સાથે નથી પણ હૃદય અને ચિત્તમાં સદાય વસી રહ્યા છો. આપના આત્માને પરમ શાંતિ માટે ઇશ્વરને પ્રાર્થના...

**:: અમો છીએ આપના ઋણી ::**

રણછોડભાઈ હિરજીભાઈ વરૂ (વરૂ સાહેબ) (અંજાર) પતિ

રૂપલબેન સુશીલભાઈ વરૂ (અમદાવાદ) - પુત્રવધુ-પુત્ર

સુષ્માબેન રાજેશભાઈ વરૂ (અંજાર) - પુત્રવધુ-પુત્ર

સ્નેહલતાબેન રણછોડભાઈ વરૂ (હૈદ્રાબાદ) - પુત્રી

કુસુમબેન કૃણાલભાઈ ટાંક (માર્કાપુર) - પુત્રી-જમાઈ

સ્વરૂપ, યશ્વી, ગાર્ગી, મેઘા - પૌત્રા-પૌત્રી

હાર્દિક, ધૈર્યા, નિત્યા, કાન્તા - દોહિત્ર-દોહિત્રી

**સમસ્ત વરૂ પરિવારના જયશ્રી કૃષ્ણ**

R.R. Varu Construction (Govt. App.Contractor)

# તૃતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. કસ્તુરીબેન કેશવજીભાઈ જેઠવા

**સ્વ. તા. ૦૧/૦૨/૨૦૨૨, ગામ : મોટી નાગલપર, તા. અંજાર**

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે. તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાનેઅમો દિપાવીશું. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ. ગોદાવરીબેન રામજીભાઈ જેઠવા | સાસુ-સસરા |
| સ્વ. કેશવજીભાઈ રામજીભાઈ જેઠવા (કેશુ માસ્તર) | પતિ |
| સ્વ. રાધાબેન મુળજીભાઈ જેઠવા | જેઠાણી-જેઠ |
| જયેન્દ્રબાળાબેન અમૃતલાલ જેઠવા | દેરાણી-દેર |
| કાશીબેન કાંતિલાલ ચૌહાણ | નણંદ-નણદોયા |
| ગં.સ્વ. વેલુબેન જયંતિલાલ સોલંકી | નણંદ-નણદોયા |
| સ્વ. પ્રેમીલાબેન નાનાલાલ ચાવડા | નણંદ-નણદોયા |
| ગં.સ્વ. ત્રિવેણીબેન અશોકભાઈ પરમાર | નણંદ-નણદોયા |
| ગં.સ્વ. મીનાબેન મુકેશભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર |
| સરલાબેન વિનોદભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર |
| કવિતાબેન કનૈયાલાલ જેઠવા | પુત્રવધુ-પુત્ર |
| મમતાબેન બલરામભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર |
| નિતાબેન વિનોદભાઈ પઢિઆર | પુત્રી-જમાઈ |
| કલ્પાબેન કિશોરભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| પ્રિયંકાબેન વિશાલભાઈ ચૌહાણ | પૌત્રી-જમાઈ |
| ધારાબેન સંદિપભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| જીનલબેન મયુરભાઈ પરમાર | પૌત્રી-જમાઈ |
| અંજલીબેન કરણભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| હેમાંગીબેન પુનિતભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| પૂજાબેન નિકુંજભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| શ્યામ બલરામભાઈ જેઠવા | પૌત્ર |
| કિર્તન બલરામભાઈ જેઠવા | પૌત્ર |
| હિમાની ઉત્સવ પઢિઆર | દોહિત્રવધુ-દોહિત્ર |
| ધવલ વિનોદભાઈ પઢિઆર | દોહિત્ર |
| ક્રિષ્વા પુનિતભાઈ જેઠવા | પરપૌત્રી |
| વંશી કરણભાઈ જેઠવા | પરપૌત્રી |

**કેશવજીભાઈ રામજીભાઈ જેઠવા (કેશુ માસ્તર) પરિવારના જયશ્રી કૃષ્ણ**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા

**(મહાત્માજી)**

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)
(પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

**સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)**

તમારા ઉચ્ચ વિચારો, સાદું જીવન, હસતો ચહેરો, મિલનસાર સ્વભાવ અને કૌટુંબીક અને સમાજ પ્રત્યેની લાગણી, હંમેશા સૌને પ્રેરણા આપતી રહેશે. તમારી ખોટ કદી પણ કોઇ ભુલી તથા પુરી પાડી નહીં શકે, ઇશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકાતુર ::**

### 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલ ગોપાલજી જેઠવા પરિવાર - અંજાર

| | |
|---|---|
| શ્રી એવં શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી વંદનાબેન પ્રવિણભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી માધવીબેન વિનોદભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી દિપાબેન સુનિલભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી કોમલબેન સંચિતભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી મેઘાબેન ભૂમિકભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી અંકિતાબેન હર્ષભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી અવનીબેન વિશાંતભાઇ જેઠવા | અંજાર |
| શ્રી એવં શ્રીમતી પંક્તિબેન રોહનકુમાર | દુબઇ |
| ગં.સ્વ. શીલાબેન જીતેનભાઇ ટાંક | મુંબઇ |

**શાંતિલાલ ગોપાલજી એન્ડ સન્સ ગ્રુપ ઓફ કંપનીઝ**

અંજાર - ગાંધીધામ - મુંબઇ - ચેન્નાઇ
નાગપુર - કંપાલા - સીંગાપોર

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા

**(મહાત્માજી)**

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)
(પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

**સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)**

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥**

જેઠવા કુટુંબના કુળદેવી શ્રી બ્રહ્માણી માતા મંદિર નિર્માણ, મૂર્તિ સ્થાપન, વિસ્મરણ, બન્ને સમુહ ભાગવત કથાઓના આયોજનમાં સિંહ ફાળો આપનાર સ્વ. કાંતિભાઇ મહાત્માજીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.... પરમકૃપાળુ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ આપે એજ પ્રાર્થના...

**:: શોકાતુર ::**

### અંજાર નિવાસી જેઠવા કુટુંબના કુળદેવી શ્રી બ્રહ્માણી માતા મંદિર સંસ્થા સંચાલન સમિતિ

**શ્રી શાંતિલાલ ગોપાલજી જેઠવા**

**શ્રી પરસોતમ રામજીભાઇ જેઠવા**

**શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા**

**શ્રી બલરામ ત્રિકમજીભાઇ જેઠવા**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. શારદાબેન રમણીકભાઇ રાઠોડ

**સ્વ. તા. ૦૪/૦૧/૨૦૨૫, પોષ સુદ પાંચમ**

**દેશમાં ગામ : નાગલપર, હાલ મુકામ : રાયપુર (છ.ગ.)**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઇ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| રમણીકભાઇ ધનજીભાઇ રાઠોડ | (પતિ) |
| વિવેકભાઇ રમણીકભાઇ રાઠોડ | (પુત્ર) |
| કવિતાબેન વિવેકભાઇ રાઠોડ | (પુત્રવધુ) |
| રીતિ રાઠોડ, દેવ રાઠોડ | (પૌત્રી, પૌત્ર) |
| અલ્કાબેન ભુપેન્દ્રભાઇ ચાવડા | (પુત્રી-જમાઇ) |
| હિનાબેન રાજેશકુમાર ચૌહાણ | (પુત્રી-જમાઇ) |
| હર્ષાબેન ચંદ્રેશકુમાર ચાવડા | (પુત્રી-જમાઇ) |
| હિમાંશી નયનકુમાર ચાવડા | (દોહિત્રી-જમાઇ) |
| જતિન, તેજ, પેયા | (દોહિત્ર, દોહિત્રી) |
| ગં.સ્વ. નિર્મલાબેન ચંદુલાલ રાઠોડ | (બહેન-પટેલ) |
| મંજુલાબેન વિનોદભાઇ વેગડ | (બહેન-પટેલ) |
| ચેતનાબેન કાંતિભાઇ ચાવડા | (ભાભી-ભાઇ) |
| હર્ષાબેન સતિશભાઇ ચાવડા | (ભાભી-ભાઇ) |
| સ્વ. ભગવતીબેન સ્વ. જાદવજીભાઇ રાઠોડ | (જેઠાણી-જેઠ) |
| સ્વ. ઇન્દીરાબેન હરિલાલભાઇ રાઠોડ | (દેરાણી-દેર) |
| ગં.સ્વ. વિણાબેન સ્વ. મનોહરભાઇ રાઠોડ | (દેરાણી-દેર) |
| મીનાબેન નંદકિશોરભાઇ રાઠોડ | (દેરાણી-દેર) |

**સમસ્ત રાઠોડ એવં ચાવડા પરિવાર**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. અજયભાઇ દેવરામભાઇ ચૌહાણ

**જન્મ તા. ૧૮-૦૩-૧૯૫૯ સ્વ. તા. ૨૩-૧૨-૨૦૨૪**

**દેશમાં ગામ : રેહા, હાલ મુકામ : વડોદરા (ગુજરાત)**

પરિવાર જેનું મંદીર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી... ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા... આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, સદેહે આપ અમારી સાથે નથી પણ અમારા હૃદયમાં અને ચિત્તમાં સદાય છો અને રહેશે... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. રચનાબેન અજયભાઇ ચૌહાણ | - પત્ની |
| પરીશાબેન અજયભાઇ ચૌહાણ | - પુત્રી |
| ઉદયભાઇ દેવરામભાઇ ચૌહાણ | - ભાઇ |
| કુમુદિનીબેન ઉદયભાઇ ચૌહાણ | - ભાભી |
| શ્યામાબેન ઉદયભાઇ ચૌહાણ | - ભત્રીજી |
| શ્વેતાબેન ઉદયભાઇ ચૌહાણ | - ભત્રીજી |
| વંદનાબેન હરીશભાઇ પરમાર | - બહેન |
| હરીશભાઇ દયરામભાઇ પરમાર | - બનેવી |
| ગં.સ્વ. નયનાબેન પ્રતાપભાઇ ચાવડા | - બહેન |

**સમસ્ત ચૌહાણ પરિવાર**

## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms





## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com


## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES
## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

## શહડોલ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ શહડોલ ઘટક દ્વારા ૫/૧/૨૦૨૫ રવિવારનાં દિવસે નવ વર્ષ નું સ્નેહ મિલનનું આયોજન જલસા બેંકવિટ હાલમાં રાખવામાં આવેલ. કાર્યક્રમની શુરુવાત ગણેશ વંદના, દીપ પ્રાગત્યથી મંત્રી શ્રી નિતિનભાઈ ભાનજી ચૌહાણએ ઘટકના વસાહતો અનુપપુર, બુડાર, ઉમરીયા, નવરોઝાબાદથી આવેલ સમ્માનનીય સદસ્યોનું સ્વાગત કરી શુરુવાત કરી હતી. ઘટકના પૂર્વ પ્રમુખને હાલે મહાકૌશલ પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી લીલાધરભાઈ રતિલાલ ખોડિયારની એમના ઉત્કૃષ્ટ ઘટક સમાજ સેવાના કાર્યો માટે શાલ, શ્રીફળ અને ચાંદીનો સિક્કાથી સમ્માનિત કરવામાં આવેલ હતા. પ્રાદેશિક સ્તરે સફળ નેત્રત્વ પ્રદાન કરેલ તે બદલ ઘટક પ્રમુખ શ્રી જયસુખભાઈ ચાવડા એ તેમનું આભાર પ્રકટ



કરેલ. શ્રી લીલાધર ભાઈએ પોતાના ઉદબોધનમાં બધાને નવવર્ષની શુભકામનાઓ વ્યક્ત કરતા સમાજ પ્રત્યે લાગણી અને સેવા કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. વડીલ શ્રી સત્યેન્દ્રભાઈ વલમજી રાઠોડએ પોતાના ઉદબોધનમાં કહેલ કે સમાજ પ્રગતિ માં જવાબદારી આપવા જીમ્મેવારી લેવી જોઈએ. અંતે સ્વાદિષ્ટ ભોજન લઇ પરત ફર્યા હતા.

## સમાજ ગૌરવ



શ્રીમતી ભારતીબેન નરેન્દ્રભાઇ ચાવડા - માધાપર ઘટકના સભ્ય અંધજન મંડળ વિદ્યાવિહારમાં ૨૦ વર્ષથી સેવા આપી રહ્યા છે. રાષ્ટ્રીય અંધજન મંડળ (ગુજરાત શાખા) દ્વારા અંધ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં ઉત્તમ સેવા આપવા બદલ તેઓશ્રીને સ્વશ્રી ભીખાભાઇ સી. શાહ મેમોરિયલ એવોર્ડથી ભાવનગર મુકામે માર્ચ ૨૦૨૪માં સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજરત્નશ્રી તથા મહાસભાના પ્રમુખશ્રી વિનોદભાઇ સોલંકી તથા ઘટક પ્રમુખશ્રી જયંતિભાઇ વાઘેલાએ અભિનંદન પાઠવેલ.

---

શ્રીરામપૂર ઘટક નિવાસી ઓજસ્વી અમિત મકવાણા, મહાલે પોદ્દાર લર્ન સ્કૂલ, શ્રીરામપુરના ધોરણ બીજીની વિદ્યાર્થીનીને દેવવાણી સંસ્કૃત શ્લોક ઓલિમ્પિયાડ સ્પર્ધાનું ૧૦મું સ્તર પાસ કરવા બદલ તાજેતરમાં નાગપુરમાં આયોજિત એવોર્ડ સમારંભમાં શ્લોકાચાર્યનું બિરુદ અને ચિહ્ન પ્રદાન કરવામાં



આવ્યું હતું. વર્ષ ૨૦૨૪માં આ ખિતાબ મેળવનાર સમગ્ર શહેર તથા જિલ્લામાં ઓજસ્વી એકમાત્ર વિદ્યાર્થીની છે. ગયા વર્ષે ડો. નેહા મકવાણાએ નગર જિલ્લામાંથી પ્રથમ શ્લોકાચાર્યનું બિરુદ મેળવ્યું હતું જ્યારે ઓજસ્વીએ લેવલ ૫ અને લેવલ ૬ માં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. દેવવાણી ઓલિમ્પિયાડ એ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંસ્કૃતની જાળવણી માટે કામ કરતી સંસ્થા છે અને આ વર્ષે સમગ્ર ભારત અને અન્ય આઠ દેશોમાંથી હજારો વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. તેમાંથી ૪૪ વિદ્યાર્થીઓને ૧૦ સ્તર પૂર્ણ કરવા માટે શ્લોકાચાર્ય અને ૧૫ સ્તર પૂર્ણ કરવા બદલ વિદ્યાર્થીઓને શ્લોકરત્ન એનાયત કરવામાં આવ્યા હતા. ઓજસ્વી તેના દાદી ભારતીબેન મકવાણા સાથે ગીતા પરિવારમાં ભગવદ ગીતાપઠનમાં બે લેવલ પણ પાર કર્યાં છે. આ પ્રસંગે શ્રીરામપૂર ઘટક પ્રમુખ શ્રી મનોજભાઈ મકવાણા, મહિલા મંડળ પ્રમુખ સૌ પ્રતિમાબેન જેઠવા તેમજ મરાઠવાડા પ્રાદેશિક સમિતિ દ્વારા ઓજસ્વી અને તેના પરિવાર ના અભિનંદન કરવામાં આવેલ છે.



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અ.ભા.મહિલા મહામંડળની કારોબારી તથા સામાન્ય સભાનો અહેવાલ - રાયપુર



મહાસભાના વાર્ષિક અધિવેશન પ્રસંગે અખિલ ભારતીય મહિલા મહામંડળની કારોબારી સમિતિ તથા સામાન્ય સભાનું આયોજન રાયપુર મહિલા મંડળના સહયોગથી મારૂતિ મંગલમ ખાતે તા. ૨૬-૧૨-૨૦૨૪ના રોજ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. તેમની સાથે મંચ પર સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતોબન સોલંકી, ચેરપર્સન શ્રીમતી વેલુબેન ચાવડા, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, ઉપપ્રમુખો શ્રીમતી બીનાબેન પરમાર, શ્રીમતી પુનમબેન ટાંક, શ્રીમતી માધવીબેન જેઠવા, શ્રીમતી લીનાબેન રાઠોડ, શ્રીમતી પારૂલબેન ચાવડા, શ્રીમતી મીનાબેન વેગડ, શ્રીમતી દિપીકાબેન ચાવડા, કોષાધ્યક્ષ શ્રીમતી રૂનાબેન ચૌહાણ, મંત્રીઓ શ્રીમતી ઉર્મિલાબેન રાઠોડ, શ્રીમતી સીમાબેન, પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમાર, વિવિધ સમિતિઓના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન પરમાર (સાંસ્કૃતિક), શ્રીમતી રીટાબેન પરમાર (ઉત્સવ), શ્રીમતી જ્યોતિબેન રાઠોડ (શિક્ષણ), મંત્રીઓ શ્રીમતી દીનાબેન રાઠોડ, શ્રીમતી કનબેન ટાંક, શ્રીમતી જ્યોતિબેન પરમાર, શ્રીમતી અનિતાબેન વાઢેર, શ્રીમતી શર્મિલાબેન ચાવડા, શ્રીમતી ભાવનાબેન વરૂ, શ્રીમતી નિર્મળાબેન ચાવડા, શ્રીમતી ચંદ્રિકાબેન યાદવ, શ્રીમતી દીપાબેન ચૌહાણ, શ્રીમતી તનુજાબેન રાઠોડ, ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા, પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન વરૂ, શ્રીમતી રીટાબેન ટાંક, સહંત્રી શ્રીમતી ભારતીબેન વરૂ તથા સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો અને માનદ્ સભ્યોએ સ્થાન ગ્રહણ કરેલ.

રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન સોલંકી તથા મંત્રી શ્રીમતી સોનલબેન દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારહ બાદ મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સંચાલનનો દોર સંભાળતાં રાયપુર મહિલા મંડળ તથા છત્તિસગઢ પ્રાદેશિક સમિતિના પ્રમુખ તથા મંત્રીશ્રી તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખશ્રી અને અન્ય હોદ્દેદારોનું શાલ, શ્રીફળ તથા ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ. રાયપુર ઘટકે સતત બીજા વરસે મહાસભાના વાર્ષિક અધ્વિશન તેમજ સુંદર મજાની ૨૦૧ પોથી સમુહ ભાગવત સપ્તાહનું અને વિશાળ સગપણ સંમેલનનું આયોજન કર્યું તે બદલ સભા દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ હતા. મહામંત્રીશ્રીએ જણાવેલ કે રાયપુર અધિવેશનના ભરચક કાર્યક્રમોમાં સમયનો અભાવ રહે તેમ હોવાથી અ.ભા.મહિલા મહામંડળ દ્વારા ઓનલાઇન ઝુમ મીટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં પ્રાદેશિક પ્રમુખશ્રીઓ અને વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓએ પોતાનો અહેવાલ આપેલ હતો. આમ તો, 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી વિવિધ સમિતિઓના અહેવાલો અને મહિલા મંડળોના કાર્યોની માહિતિ આપણને મળતી રહે છે. બધાના કાર્યો પ્રસંશાને પાત્ર છે. નંદિની ગ્રુપ દ્વારા પણ આ બધી માહિતિ મળતી રહે છે. વિશેષરૂપે મંત્રી શ્રીમતી ઉર્મિબેન રાઠોડની સક્રિયતાને બિરદાવવામાં આવે છે.



આપણી પાસે જે કાંઇ છે તે સમાજને અર્પણ કરી સેવા કરીએ. શ્રીમતી નીતાબેન તથા સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીની સેવા તેનું અનેરૂ ઉદાહરણ છે.

ત્યાર બાદ કોષાધ્યક્ષ શ્રીમતી રૂનાબેન ચૌહાણ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના હિસાબો રજુ કરવામાં આવ્યા. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ દ્વારા પ્રાદેશિક મહિલા મંડળો, ઘટકના મહિલા મંડળો તથા અ.ભા.મહિલા મહામંડળની વિવિધ સમિતિઓ દ્વારા થતા કાર્યોને બિરદાવવામાં આવ્યા. સમાજ એટલે શું ? તેના સંપૂર્ણ વ્યાખ્યાન સાથે વ્યક્તિ સમાજથી વિશેષ નથી તેમજ સમાજ વગર વ્યક્તિનું કોઇ મુલ્ય નથી તેથી દરેક વ્યક્તિએ હંમેશાં સમાજ સાથે જ જોડાઇને રહેવું જોઇએ. બહેનો ઉપર વિશેષ જવાબદારી હોઇ, સમય કાઢીને પણ દરેક પ્રવૃત્તિમાં રસ લેવો જોઇએ તેવો અનુરોધ કરેલ હતો.

સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ સંબોધન કરતાં જણાવેલ કે, ગયા સત્રથી વિવિધ સમિતિઓનું ગઠન કર્યા બાદ આજે દરેક સમિતિ સક્રિય બનીને સારૂ કાર્ય કરે છે તેની ખુશી છે. સાથે સાથે, અ.ભા.મહિલા મહામંડળે સમાજમાં સગપણ તથા લગ્ન વિચ્છેદના કિસ્સાઓ ઓછા બને તે માટે પ્રયત્નો કરવા જોઇએ. ઇશ્વરે આપણને શક્તિ આપી છે તેનો સદઉપયોગ કરીને આપણે સમાજસેવા કરવી જોઇએ.

ચેરપર્સન શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડાએ જણાવેલ કે, અ.ભા.મહિલા મહામંડળના મહાસભા પાસે રહેલ ફંડનો સદ્ઉપયોગ થાય તેમજ જરૂરતમંદ બહેનોને મદદરૂપ બની શકાય તેવા પ્રયાસો કરીએ. ત્યાર બાદ રાયપુર મહિલા મંડળની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેમની સુવર્ણ જયંતી ઉજવાઇ રહી છે તે બદલ સભા દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ તેમના આયોજનોની પ્રશંસા કરવામાં આવી હતી.

અહેવાલોના ક્રમમાં સંસ્કાર સમિતિના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન પરમાર, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, છત્તીસગઢ મહિલા પ્રાદેશિક પ્રમભુખ શ્રીમતી નીતાબેન રાઠોડ, કચ્છ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, ઓરિસ્સા મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન વરૂએ સંક્ષિપ્તમાં પોતાના ક્ષેત્રના અહેવાલો રજુ કરેલ હતા. બેઠકમાં ઉપસ્થિત રહેલા અ.ભા. મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમાર - રાઉરકેલાએ સમાજના મહિલા વર્ગમાં અ.ભા.મહિલા મહામંડળે લાવેલ જાગૃતિ બદલ ખૂશી વ્યક્ત કરી આશિર્વચન આપેલ હતા. સભાના અંતે બેઠકની ખુબજ સરસ વ્યવસ્થા કરવા બદલ રાયપુર ઘટક તથા અધિવેશન આયોજન સમિતિ અને સહકાર આપવા બદલ રાયપુર મહિલા મંડળનો આભાર માનવામાં આવ્યો હતો.

- રીટાબેન વી. ચૌહાણ - મહામંત્રી

# રસોઈની રંગત સમિતિનો અહેવાલ



અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત રસોઇની રંગત સમિતિ દ્વારા ક્રિસમસ સ્પેશીયલ કેક અને કુકીઝનો આ

પ્રોજેક્ટ ૧૮મી ડીસેમ્બરના ફેસબુકમાં લાઇવ લેવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ રસોઇની રંગતનો ચોથો પ્રોજેક્ટ હતો. જે વિજિયાનગરથી શ્રીમતી મિનલબેન ભુપેન્દ્રભાઇ વરૂ દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવ્યો. તેઓ રસોઇની રંગત સમિતિના મંત્રી પણ છે. પાક કલામાં નિપુણ મિનલબેન કુકીંગના ઓનલાઇન ક્લાસીસ પણ ચલાવી રહ્યા છે અને કમ્પીટીશનના જજ રૂપે પણ જાય છે. દેરાણી સોનલબેન વરૂ સાથે મળી પાછલા ૨૫ વર્ષથી આર્ટ ક્રાફ્ટ અને કુકીંગ ક્લાસીસ ચલાવે છે. સાથે સાથે કેકના ઓર્ડર પણ પુરા કરી રહ્યા છે.

આ પ્રોજેક્ટમાં એમણે ક્રિસમસ સ્પેશિયલ પ્લમ કેક, બનાના કેક, જાત જાતના કુકીઝ, નો બેક કેક ને રસ્ક પુડીંગ શિખવાડ્યું હતું. બધી આઇટમ આસાનીથી કેવી રીતે બની શકે એ બતાવ્યું હતું અને બનાવેલી આઇટમનું પ્રેઝન્ટેશન પણ સારી રીતે કર્યું હતું.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા મકર સંક્રાતિના ઉપલક્ષમાં મીટીંગનું આયોજન તા. ૧૩-૧-૨૦૨૫, સોમવારના કરવામાં આવ્યું હતું. ૪૫ બહેનો અને બાળકોએ હાજરી આપી હતી. સર્વપ્રથમ હનુમાન ચાલિસા અને ગાયત્રી મંત્રથી શરૂઆત કરી. કમીટી મેમ્બર સંગીતાબેન સોલંકી, મંજુબેન સોલંકી, શીલાબેન ચૌહાણ, ગીતાબેન ચાવડાએ હલ્દી, કુમકુમ અને તલસાંકરીથી બધી બહેનોનું સ્વાગત કર્યું. પછી ભજન કર્યા. હર્ષાબેન સોલંકીએ રસોઇ કી રાની, તંબોલા રમાડ્યું. રક્ષાબેન ટાંક, મનિષાબેન ખોડિયારે ખુબ સરસ ગ્રુપ ગેમ રમાડી હતી. બધા બહેનોએ ખુબ સરસ ભોજનનો આનંદ લીધો. બહેનો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને લાવ્યા હતા. રીતાબેન પરમાર તરફથી મીઠાઇ આપવામાં આવી હતી.



હર્ષાબેન સોલંકીએ બધા બહેનોને ગીફ્ટ આપેલ. અંતે બધી બહેનોએ એકબીજાથી વિદાય લીધી હતી.

## વડોદરા મહિલા મંડળ

નવવર્ષ ૨૦૨૫ને આવકારવા તથા તા. ૨૫-૧૨-૨૦૨૪ના તુલસી પૂજન દિવસના અનુલક્ષમાં વડોદરા ઘટક મહિલા મંડળ દ્વારા સુંદર, મસ્તી અને મનોરંજન સભર રંગારંગ પ્રિ-ન્યુ યર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ''વેલકમ-૨૦૨૫''. પરંપરાગત દીપ પ્રાગટ્ય બાદ વડોદરા ઘટક મહિલા મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા અન્ય હોદ્દેદારો દ્વારા 'તુલસી માં' નું વિધીપૂર્વક પૂજન આરતી કરવામાં આવ્યા બાદ કાર્યક્રમની



શરૂઆત કરાઇ. શુભ દિવસના અનુસંધાનમાં કેજીથી ધો. ૪, ધોરણ ૫ થી ધો. ૯ તથા અન્ય વિદ્યાર્થીઓ તથા બહેનો માટે 'શ્લોક મુખપાઠ' હરિફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું.



હરીફાઇ અંતર્ગત ગ્રુપ - ૧માં કે.જી. થી ધો. ૪ના વિદ્યાર્થીઓ માટે ત્રિકાળ સંધ્યાના શ્લોક બોલવાના હતા. જેમાં હિતાર્થ ચાવડા - પ્રથમ તથા ગૌરાંગ ટાંક - દ્વિતીય રહ્યા હતા. તથા આશ્વાસન ઇનામો માટે ક્રિષ્ના ચાવડા તથા પ્રીયાન પઢિઆર રહ્યા હતા. આજ કેટેગરીમાં ત્રિકાળસંધ્યા શ્રેષ્ઠ પઠન ગ્રુપ-૨માં પરમ ટાંક - પ્રથમ તથા કિર્તન વાઘેલા દ્વિતીય રહ્યા હતા તથા દિર્યાંશી ચાવડાએ આશ્વાસન ઇનામ મેળવ્યું હતું.

શ્લોક હરિફાઇમાં અન્ય વિદ્યાર્થીઓ તથા બહેનો માટે ગીતાજીના અધ્યાય-૧૨ના શ્લોક નં. ૧૩ થી ૨૦ નું મુખ પઠન કરવાનું હતું. જેમાં ગ્રુપ-૩ મનિષાબેન ચાવડા - પ્રથમ તથા નિર્મળાબેન વાઘેલા - દ્વિતીય રહ્યા હતા. ઉપરોક્ત શ્લોક હરીફાઇ માટે શ્રીમતી શારદાબેન સોલંકીએ સુંદર નિષ્પક્ષ તથા તટસ્થ નિર્ણયો આપ્યા તથા જજ તરીકે સેવા આપી હતી. મ.મંડળ પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારે તેઓનું ભેટ આપીને અભિવાદન કર્યું હતું. ત્યાર બાદ બહેનો માટે ફેશન શો (બોલીવુડ આધારીત વેષભૂષા હરિફાઇ) રાખવામાં આવી હતી. જેમાં નાની વિદ્યાર્થીનીઓથી લઇને સિનિયર સીટીઝન બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બહેનોનો ઉત્સાહ વધારવા માટે મ.મંડળ પ્રમુખશ્રીએ પણ હરિફાઇમાં ઝંપલાવ્યું હતું.

ફેશન શોમાં શ્રીમતી કુસુમબેન સોલંકી તથા શ્રીમતી હર્ષિતાબેન ટાંકે નિર્ણાયક તરીકે તટસ્થ પરિણામો આપ્યા હતા. જેમાં નીચે પ્રમાણે બહેનોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ - દિપાલીબેન સોલંકી, દ્વિતીયફ - દિશાબેન ટાંક, તૃતિય - નયનાબેન ટાંક અને પલ્લવીબેન ચાવડા, આશ્વાસન - સુરભીબેનઅ ટાંક, ભાવનાબેન વાઘેલા. ત્યાર બાદ બહેનો તથા બાળકો માટે મનોરંજક ગેમ્સ રાખવામાં આવી હતી.

રમત-ગમત પરિણામ : ગેમ-૧ ગ્રુપ-૧ : પ્રથમ - પાંખી વાઘેલા, દ્વિતીય - પ્રીયાન પઢિઆર, ગેમ : ૧ ગ્રુપ-૨ : પ્રથમ - પરમ ટાંક, દ્વિતીય - રાઘવ સોલંકી, ગેમ : ૨, ગ્રુપ-૧ : પ્રથમ દ્વિજા ટાંક, દ્વિતીય - ગૌરાંગ ટાંક, ગેમ : ૨ ગ્રુપ-૨ - પ્રથમ - વ્રીતી ટાંક, દ્વિતીય - દિવ્યાંશી ચાવડા, ગ્રુપ-૩ (બહેનો માટે) પ્રથમ - ઉમાબેન પરમાર, દ્વિતીય - દર્શનાબેન પરમાર. ઉપરોક્ત દરેક હરિફાઇના વિજેતાઓને ઇનામ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વડોદરા ઘટક તથા યુવા મ:ડળનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમના અંતે સૌ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી વિરમ્યા હતા.

## રાઉરકેલા મહિલા મંડળ

રાઉરકેલા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના પ્રમુખ સ્થાને મકર સંક્રાતિ ઉપલક્ષમાં રાઉરકેલા મધ્યે વિભિન્ન દેવીદેવતાઓના સંગમ તથા પ્રસિદ્ધ હનુમાનજીની ૭૬ ફુટ ઉંચી પ્રતિમા એવું હનુમાન વાટિકામાં તા.૧૪-૦૧-૨૦૨૫, મંગળવારનારોજે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાઉરકેલા મહિલા મંડળના સર્વે સદસ્યો તથા બાળકોએ ભાગ લઇને આ પિકનિક કાર્યક્રમને ખુબજ સફળ બનાવેલ. સર્વ પ્રથમ રિયાબેન પરેશભાઇ રાઠોડ દ્વારા બે રમત



રમાડવામાં આવેલ. જેમાં સર્વે મહિલા સદસ્યોએ ભાગ લીધો હતો. ત્યાર બાદ પ્રસાદ ગ્રહણ કરેલ. ત્યાર બાદ હાઉઝીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રમતગમતની વિજેતા બહેનોને ઇનામો આપવામાં આવેલ. અંતમાં ભૂમિકાબેન પ્રતિશભાઇ ચાવડા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ.

## અમદાવાદ મહિલા મંડળ





અમદાવાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૨૪ના રોજ ડબ્બા પાર્ટીનું વસ્ત્રાલ ખાતે માધવ ગાર્ડનમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દુર દુરથી ૧૦૦થી પણ વધુ બહેનો અને બાળકોએ હાજરી આપી હતી. ખુબ મજા માણી હતી. મહિલા મંડળ તરફથી ૩ અલગ-અલગ ગેમ્સ અને હાઉઝી રમાડવામાં આવી હતી. બહેનો પોતાના ઘરેથી મનગમતું ભોજન બનાવીને લાવ્યા હતા. તે બધા ભેગા મળીને ખાઇને એની મજા માણી હતી. મહિલા મંડળ તરફથી સ્વીટ્ અને છાસ આપવામાં આવી હતી. બધાએ ખુબ આનંદ માણ્યો હતો. રમત રમાડવા માટે મહિલા મંડળ તરફથી ઇનામ પણ આપવામાં આવ્યા હતા. છેલ્લે બધી બહેનોએ આઇસ્ક્રીમ ખાઇને રજા લીધી હતી. આ ડબ્બા પાર્ટી ખુબજ યાદગાર બની રહી હતી.

## રાયપુર મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની વાર્ષિક અધિવેશન, સગપણ સંમેલન ૧૯૬ પોથી શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ આ ત્રિવેણી સંગમનું ભવ્ય આયોજન તા. ૨૧-૧૨-૨૦૨૪ થી ૨૭-૧૨-૨૦૨૪ના રાયપુર ઘટકના આંગણે કરવામાં આવેલ. આ આયોજનમાં મહાસભા, અખિલ ભારતીય મહિલા મહામંડળ, છત્તીસગઢ પ્રાદેશિકના સર્વે હોદ્દેદારો, સલાહકારો, ઉપપ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સર્વે ઘટકથી પધારેલ સર્વે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અખિલ ભારતીય મહિલા મહામંડળની કારોબારી અને સામાન્ય સભાની બેઠક તા. ૨૬-૧૨-૨૪ના રોજે રાખવામાં આવેલ. જેમાં અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ, અ.ભા.મ. મહામંડળના સલાહકાર અને વર્તમાન મેરેજબ્યુરોના અધ્યક્ષ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, અ.ભા.મ. મહામંડળના ચેરપર્સન શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, સમાજના પ્રથમ મહિલા શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના અને સ્વાગત નૃત્ય દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી અને સર્વે પદાધિકારી બહેનો દ્વારા મંચસ્થ અતિથિઓનું શોલ અને શ્રીફળ આપી સમ્માન કરવામાં આવેલ. ત્યાર બાદ મંચ અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણને આપવામાં આવેલ.તા. ૨૮-૧૨-૨૪ના રોજ ઘટક દ્વારા નાતેડાનું આયોજન કરવામાં આવેલ હતું. રાયપુર ઘટકના આંગણે પધારેલ સર્વે સમ્માનનીય અતિથિઓ, ભાઇ-બહેનો, સમાજબાંધવોએ અધિવેશન સાથે ભાગવત કથામાં પધારી આ આયોજનનો લાભ લીધેલ હતો સાથે નાતેડાનો પણ આનંદ માણ્યો હતો. સર્વેના સહયોગ અને સહકારથી આ કાર્યક્રમો સફળ થયા તે બદલ રાયપુર મહિલા મંડળ દ્વારા સર્વેનો આભાર માનવામાં આવેલ.

## છત્તિસગઢ પ્રા. મહિલા મંડળ




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળની છ.ગ. પ્રાદેશિકના અંતર્ગત આવતા રાયપુર ઘટકના આંગણે વાર્ષિક અધિવેશનમાં કાર્યવાહક સમિતિ સાથે સામાન્ય સભાની સંયુક્ત બેઠક તા. ૨૬-૧૨-૨૪ના રોજે આયોજીત કરવામાં આવેલ. જેમાં અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ, સલાહકાર શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, ચેરપર્સન શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાડા, મહામંત્રી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ સાથે છત્તીસગઢ પ્રા.મ.મંડળ પ્રમુખ નીતાબેન રાજેશભાઇ રાઠોડ અને રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી અને અ.ભા.છ.ગ.ના સર્વે હોદ્દેદારો, પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ સાથે રાયપુર મહિલા મંડળની બહેનો ઉપસ્થિત હતા.

પ્રાદેશિક મહિલા મંળ દ્વારા માનનીય અતિથિઓનું સમ્માન કરવામાં આવેલ. ત્યાર બાદ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ નીતાબેન દ્વારા ઉદ્‌બોધન આપેલ. જેમાં પ્રાદેશિકના કાર્યોની માહિતિ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે બહેનોએ રાયપુર ઘટકના આંગણેઅ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને મેરેજ બ્યુરોનો લાભ લીધેલ. મેરેજ બ્યુરોના કાર્યક્રમમાં પ્રાદેશિકના દુર્ગ, ભિલાઇ, કુમ્હારી, બિલાસપુર, મહાસમુન્દ, કોરબા, રાયગઢ આ સર્વે ઘટકની બહેનોએ મેન્ટર રૂપે પોતાની સેવા આપેલ. સમસ્ત ઘટકથી પધારેલ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ સર્વે મહેમાનો સર્વે મીટીંગમાં ઉપસ્થિત થઇ અને ભાગવત કથા અને મેરેજ બ્યુરોના કાર્યક્રમોમાં પણ ઉપસ્થિતિ આપી કાર્યક્રમનું લાભ લઇ કાર્યક્રમની શોભા વધારી તે બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. રાયપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી જેમની મીટીંગની સરસ વ્યવસ્થા કરેલ સાથે સરસ આતિથ્ય, સહકાર આપેલ તે બદલ તેમનું પણ ટીમ છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા આભાર માનવામાં આવેલ.

## કુકમા મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળની જનરલ મીટીંગ તા. ૨૭-૧૧-૨૦૨૪ના રોજ પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંકના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ હતી. કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રાગટ્ય કરી હનુમાન ચાલિસાનો પાઠ કરી કરવામાં આવેલ. ઉષાબેન ચૌહાણ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ શ્રીમતી અનિતાબેન ચૌહાણ દ્વારા સ્ત્રીઓમાં આધ્યાત્મિક્તાનું મહત્વ વિશે પ્રવચન કરેલ. પ્રિતી રાઠોડ, દીપા ચૌહાણ, નેહા યાદવ, વિણા પરમાર, દક્ષા ટાંક, ક્રિષ્ના ટાંક, ભાવના પરમાર, મનિષા યાદવ.

રમત-ગમત સમિતિ દ્વારા ૪૦ વર્ષની ઉપરની બહેનો અને ૪૦ વર્ષની નીચીની બહેનો માટે બે ગ્રુપમાં એક મિન્ટિની રમતો







રમાડેલ તેમજ વિજેતાઓને ઇનામો આપેલ. લક્કી ડ્રો ટીકીટ ગમ્મત સાથે જ્ઞાન દ્વારા સામાજીક, ધાર્મિક પ્રશ્નોતરી રમાડેલ અને ઇનામો આપેલ તેમજ પ્રવાસનું આયોજન તથા વસ્તીપત્રકનું રહી ગયેલ કાર્ય પૂર્ણ કરવા માટેનું આયોજન તથા ચર્ચા કરેલ. આ કાર્યક્રમમાં કુકમા ગામના સરપંચ શ્રીમતી રસીલાબેન એસ. રાઠોડ, ઘટક પ્રમુખ, મંત્રી, સિનિયર સિટિઝન પ્રમુખ-મંત્રી, યુવા મંડળ, યુવતી મંડળ પ્રમુખ-મંત્રી હાજર રહેલ હતા. અંતમાં અલ્પાહાર લઇ આભાર વિધી કરી કાર્યક્રમને પૂર્ણ કરેલ. સંચાલન મંત્રી શ્રીમતી ઉષાબેન દ્વારા કરવામાં આવેલ.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા ધાર્મિક પ્રવાસ બે દિવસીયનું આયોજન કરેલ હતું. જેમાં લકઝરી બસ દ્વારા ૫૬ વ્યક્તિઓએ ભાઇઓ-બહેનોએ ભાગ લીધો હતો. વહેલી સવારે મહિલા મંડળ દ્વારા ચા-નાસ્તો કરી નિકળેલ. સૌ પ્રથમ પિપળી - રામદેવપીર મંદિર થયેલ ત્યાંથી દર્શન કરી મિનિ પોયચા સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી અને સારંગપુર, કષ્ટભંજન દેવ રાત્રી રોકાણ કરેલ હતું. સવારે આરતીના દર્શનનો લાભ લીધો. ત્યાર બાદ ગઢડા કુંડળ ધામ, ઘેલા સોમનાથ અને છેલ્લે ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કર્યા અને ત્યાં રાસની રમઝટ માણે. આ પ્રવાસમાં બે નિરાધાર બહેનોના દાતા તરીકે શ્રીમતી મીરાબેન નરેશભાઇ ચૌહાણે તેનો પુરો ખર્ચ આપેલ હતો. સર્વે ભાઇ-બહેનોએ બસમાં ભજન, કિર્તન, રમત-ગમતની મોજમજા માણેલ હતી. નાનકડી દિકીર નીધી પરમારે પ્રવાસનો વિડિયો બનાવી આપેલ તેમનો આભાર માનેલ. પ્રવાસ સમિતિની સર્વે બહેનોનું સફળ આયોજન બદલ આભાર માનેલ. જે બહેનોએ જહેમત ઉઠાવી તેમનો આભાર માનેલ. અર્ચના પરમાર, અનસુયાબેન પરમાર, પુનિતા પરમાર, ભાવનાબેન ચૌહાણ, શોભનાબેન ટાંક, નિશાબેન ચૌહાણ, લલીતાબેન વરૂ પ્રવાસ સમિતિનો આભાર માનેલ.

## સિંગભુમ પ્રા. મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ સ્નેહમિલન પિકનીકનું કાર્યક્રમ રાખવામાં આવેલ. સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ અંતર્ગત જમશેદપુર, ચક્રધરપુર, ચાંડીલની બહેનો આ કાર્યક્રમમાં શામિલ થયેલ. ચાયબાસા મહિલા મંડળના સહયોગથી રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં અ.ભા.મ. મહામંડળના સલાહકાર મધુલિકાબેન રવિન્દ્રભાઇ ટાંક, મિડિયા મંત્રી દિનાબેન રાઠોડ, ઉત્સવ મંત્રી ભાવનાબેન રાઠોડ, જમશેદપુર ઘટક મહિલા મંડળના પ્રમુખ તૃપ્તીબેન મંત્રી ચેતનાબેન, ચક્રધરપુર મહિલા મંડળ પ્રમુખ અંજનાબેન અને તેની ટીમ ચાયબાસા ઘટકના પલ્લવીબેન, સર્વે બહેનોને ચુંદડી બુકે દ્વારા સન્માન કરવામાં આવેલ. સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ કલવિકાબેન તુષારભાઇ રાઠોડના માર્ગદર્શનમાં ચાઇબાસા ઘટકના સર્વે બહેનોના સહયોગથી પિકનીક સાથે મીટીંગનું પણ આયોજન કરવામાં આવેલ.

અંજુબેન દ્વારા વડીલોને ગેમ હાઉઝી, રમાડવામાં આવેલ. નાના બાળકોને પ્રિયંકાબેન દ્વારા રમાડવામાં આવેલ. ચાઇબાસા



ઘટકની દરેક પિકનીકમાં કલવિકાબેન સાથે પુનિતાબેન અને હંસાબેન સેફ રૂપે સ્વાદિષ્ટ ભોજન બનાવી જમાડવામાં ખુબજ સહયોગ આપે છે તે બદલ પ્રા.મ.મંડળ દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ. બ્રહ્માકુમારી રીમાબેન દ્વારા રાજયોગ મેડીટેશન વિશે સુંદર જાણકારી આપવામાં આવેલ. સુખ શાંતિનું અનુભવ આપણે સ્વયં આપણા સ્વયં અંદર મહેસુસ કરી શકીએ છીએ. રાજયોગ મેડીટેશન એટલે આપણે પોતાને સ્વયં ઓળખવું. આપણા બધાના પિતા પરમાત્મા છે જે શાંતિ, સુખ, પ્રેમનો સાગર છે.

મધુલિકાબેને સિંગભુમ પ્રા.મ.મંડળને પિકનીક-મીટીંગના આયોજન માટે શુભેચ્છા આપેલ. અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે પણ ઓનલાઇન ઉદ્‌બોધન આપેલ અને પ્રા.સ. મ.મંડળને શુભેચ્છા પાઠવેલ. કલવિકાબેન દ્વારા આ કાર્યક્રમમાં જમશેદપુર ઘટક, ચક્રધરપુર ઘટકની બહેનોને સ્મૃતિ ચિન્હ આપવામાં આવેલ. ચાઇબાસા મહિલા મંડળના સહયોગથી સર્વે બહેનોને બપોરનું ભોજનની વ્યવસ્થા અને સાંજે ચા-નાસ્તામાં આપેલ. પિકનીક મીટીંગનો આનંદ લઇ સૌ છુટા પડ્યા હતા. સિંગભુમ પ્રા.મ.મંડળ મંત્રી અંજુબેન રાજેશભાઇ રાઠોડ દ્વારા સૌ બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

## મુંબઇ મહિલા મંડળ (પ.)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ ઘટક અંતર્ગત મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા નવરાત્રીના પાવન તહેવાર નિમિત્તે કન્યાપૂજનના અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સર્વોદય વિદ્યાલયના પ્રાથમિક વિભાગના પાંચ વર્ગની અઢીસો જેટલી કન્યાઓને આવરી લેવામાં આવી હતી. સૌ પ્રથમ દરેક કન્યઓનું કુમકુમ ચોખાથી પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આ કન્યાઓ માટે ફ્લાવર મેકીંગના વર્કશોપનું આયોજન કર્યું હતું. જેમાં નેપકીન પેન્સીલ ટીસ્યુ પેપર વગેરે સામગ્રીનો ઉપયોગ કરી ફ્લાવર બુકે બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. દરેક વર્ગમાં મુંબઇ મહિલા મંડળ પશ્ચિમની ત્રણ સ્વયંસેવીકાઓ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. કન્યાઓએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કન્યા ભોજન અંતર્ગત, દરેક કન્યાઓને ફુડપેકેટ, વસ્ત્ર તથા શ્રૃંગારની સામગ્રી અને લાણી ભેટમાં આપવામાં આવી હતી. આ કાર્યક્રમના આયોજન માટે સમાજબંધુઓએ ઉદારમનથી ફાળો આપ્યો હતો તથા કાર્યક્રમના સંચાલન માટે વીસ જેટલી બહેનોએ સેવા આપી હતી.

મુંબઇ મહિલા મંડળ, પશ્ચિમ દ્વારા મંડળની બહેનો માટે, નવરાત્રી પહેલા, ગરબો સજાવટ વર્કશોપનું ઓનલાઇન આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કાંદીવલી સ્થિત શ્રીમતી મયુરીબેન વેગડ, દ્વારા કરવામાં આવેલ હતું. ગરબાની પસંદગી, સજાવટ માટે વાપરવામાં આવતી સામગ્રી વિશે જાણકારી આપી હતી અને સુંદર સુંદર ગરબા સજાવી ડેમોસ્ટ્રેશન આપ્યું હતું. બહેનોએ મોટી સંખ્યામાં તેમાં ભાગ લીધો હતો. તા. ૧૨-૧૦-૨૦૨૪ના મુંબઇ ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે બોરીવલી કેન્દ્રના મેદાનમાં નવરાત્રી નિમિત્તે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જબલપુર મહિલા મંડળ

મકરસંક્રાંતિ નિમિત્તે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળ દ્વારા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયા પરમાર અને શ્રીમતી યોગીતા ટાંકની ઉપસ્થિતિમાં મકરસંક્રાંતિના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેતનાબેન રાઠોડ અને કીર્તિ રાઠોડે તથા સર્વે પદાધિકારીઓ એ હળદર અને કુમકુમનું તિલક કર્યું હતું અને ગીફ્ટ આપવામા આવ્યું. ત્યારબાદ સૌએ હાઉજી અને ભરપૂર મનોરંજન અને રમતોની મજા માણી હતી. બાળકોનો ઉત્સાહ પણ જોવા લાયક હતો. જેમાં પતંગો દ્વારા કરવામાં આવેલ શણગાર કાર્યક્રમ ખૂબ જ આકર્ષક લાગતો હતો. જેમાં ચિત્રાબેન ખોડિયાર, નીતાબેન વેગડ , લીનાબેન પરમાર જ્યોતિબેન ચાવડા મુક્તાબેન અંબાલાલભાઈ ચૌહાણ, હીનાબેન પરમાર,



સોનુબેન વેગડ આદિના સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો. દીપિકાબેન રાઠોડ અને રોનિકા યાદવ વતી તમામ વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. પ્રીતિબેન ચાવડા અને મનીષાબેન પરમાર તથા કુસુમબેન સોલંકી દ્વારા ગાયેલું ભક્તિ ગીત એ કાર્યક્રમની શોભા વધારી હતી. આખરીમાં બધાએ પતંગ ઉડાવીને સંક્રાંતિ ઉત્સવ ધૂમધામ થી બનાવ્યો આમાં લીનાબેન પરમાર રેખાબેન પરમાર રૂપલ પરમાર, કીર્તિબેન રાઠોડ ,ચેતનાબેન રાઠોડ પારૂલ બેન ચૌહન આધીનો સહયોગ પ્રાપ્ત થયો તેમનો ખૂબ ખૂબ ધન્યવાદ અંતમાં મંત્રી શ્રીમતી સોનિયા કેતનભાઇ પરમાર દ્વારા ધન્યવાદ આપવામાં આવ્યો હતો.

## નાગપુર મહિલા મંડળ



નાગપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગિતિકાબેન ચૌહાણની આગેવાનીમાં મહિલા મંડળની પિકનીક પારડસિંગા અનુસયા માતાજીના મંદિરમાં તા. ૮-૧-૨૫ના રોજે રાખવામાં આવેલ. બહેનોની સારી ઉપસ્થિતિ હતી. હનુમાન ચાલિસા સાથે કાર્યક્રમ ચાલુ થયા. સાથે સાથે હાઉઝી ગેમ અને બીજી ગેમ રમાડવામાં આવી. બધાએ ખુબ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ ભોજન ગ્રહણ કરી ગરબાની રમઝટ જામી હતી. મહિલા મંડળ દ્વારા નાસ્તાને બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## આદીપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૧૨-૧૨-૨૦૨૪ના રોજ શ્રીમતી નીશાબેન ચાવડાના ઘરે કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ એક મિનિટ ગેમ અને હાઉઝી ગેમ રમેલ તેમજ અડદિયા લાડુ બનાવવાના આયોજન વિષે ચર્ચા-વિચારણા કરેલ. આદિપુર ઘટક મહિલા મંડળે તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ ૨૭૦ કિલો અડદિયો લાડુ બનાવી અગાઉથી નોંધાવેલ સભ્યોને રાહત દરે વેચાણ કરેલ તેમજ આદિપુર ઘટકના શ્રીમતી ઉર્વિબેન ટાંકે પોતાની જાતે તૈયાર કરેલ રેસીનના ઇયરીંગનું પ્રદર્શન રાખેલ અને વેચાણ પણ કરેલ. ત્યાર બાદ વન મિનિટ ગેમના વિજેતા શ્રીમતી દિપિકાબેન ટાંક અને વર્ષાબેન ચૌહાણને ઇનામ આપી, અલ્પાહાર બાદ બધા છુટા પડેલ.

## સમાજ ગૌરવ



દુર્ગ ઘટકના શ્રીમતી જીજ્ઞાબેન નીતીનભાઇ ટાંક, ઇન્ટરનેશનલ સ્કુલ ઓફ હેલ્થ એન્ડ ફિટનેસ તરફથી આંતરરાષ્ટ્રીય ન્યુટ્રીશયનિષ્ટ તરીકે પ્રમાણીત થયા તે દુર્ગ ઘટક ગૌરવ અનુભવે છે. તેમને આ સિદ્ધી બદલ બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ




પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696

વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com




યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# કચ્છયાડ-૨૦૨૫

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ યુવા ઉત્કર્ષના કાર્યો માટે કટીબદ્ધ છે. આ શ્રેણીમાં યુવા મહામંડળ ડિસેમ્બર-૨૦૨૫ના અખિલ ભારતીય સ્તરે ક્રીડા ઉત્સવ **કચ્છયાડ–૨૦૨૫**નું આયોજન કરવાનું વિચારી રહી છે.

**અખિલ ભારતીય યુવા મહામંડળ કચ્છયાડ–૨૦૨૫** માટે યજમાન પદ આમંત્રિત કરે છે. આ અન્વયે સમગ્ર દેશમાંથી કોઇપણ યુવા મંડળને કચ્છયાડ-૨૦૨૫ આયોજનની ઇચ્છા હોય તો તેઓ સત્વરે **તા. ૨૮/૦૨/૨૦૨૫** સુધી યુવા મહામંડળનો સંપર્ક કરવો.

**સંપર્ક : શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - વરીષ્ઠ મહામંત્રી - મો. ૮૧૨૮૯૪૮૮૮૪**

:: વિનિત ::

| શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંક | શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક | શ્રી હેતુલભાઇ યતિનભાઇ જેઠવા |
|---|---|---|
| વરીષ્ઠ મહામંત્રી | પ્રમુખ | મહામંત્રી |

## આદીપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ આદીપુર યુવા મંડળ દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ ખેલ મહાકુંભનું આયોજન ટાઉનહોલ મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ બાળકો, યુવાઓ અને મહિલાઓને રમતગમત માટે પ્રેરીત કરવાનો તથા સ્વાસ્થ્ય માટે જાગૃત કરવાનો હતો. આ આયોજનમાં પાંચ વર્ષથી ૬૩ વર્ષ સુધીના ૧૨૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ૧૮ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજનને સફળ બનાવવા સમાજના દાતાશ્રીઓ આનંદભાઇ હંસરાજભાઇ પરમાર, નિખીલભાઇ ભરતભાઇ ચૌહાણ, ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકી, પ્રવીણભાઇ નારાણભાઇ પરમાર, નિતીનભાઇ દયારામભાઇ ટાંક, વલ્લમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા, મધુબેન અશોકભાઇ પરમાર, પુષ્પાબેન જશવંતભાઇ ચૌહાણે યોગદાન આપેલ.

આ સાથે ચેતન જશવંતભાઇ ચૌહાણ, આનંદ હંસરાજભાઇ પરમાર, કુલદીપ અશોકભાઇ પરમાર, ચિંતન દિનેશભાઇ વાઢેર, ખુશાલ પ્રભુદયાલભાઇ રાઠોડ, આનંદ ગોરધનભાઇ રાઠોડ અને



અન્ય યુવા કાર્યકરોએ આ આયોજનને સફળ બનાવવા યોગદાન આપેલ. આ સાથે આદિપુર ઘટક અને મહિલા મંડળ તરફથી પણ સારો સહયોગ પ્રાપ્ત થયેલ.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના અને રાષ્ટ્રગીતથી થઇ હતી. ત્યાર બાદ અલગ-અલગ વય-મર્યાદા મુજબ ૧૦૦ મીટર દોડ, રસ્સા ખેંચ, કોથળા દોડ, ૩ ઇન ૧ અવરોધ દોડ, સીધી-ઉંધી દોડ, કપલ દોડ, ૩ પગ દોડ, ગોળા ફેંક જેવી રમતો માટે અલગ-અલગ વયમર્યાદા મુજબ ૧૮ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું.

સ્પર્ધાના સમાપન બાદ ઉપસ્થિત મહેમાનો, દાતાશ્રીઓ અને ખેલાડીઓને સમ્માનિત કરવામાં આવ્યા હતા. બાળકોને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યા હતા અને પછી બધાએ અલ્પાહારનો આનંદ માણ્યો હતો અને ખુશી સાથે છુટા પડ્યા હતા.

## વડોદરા યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા યુવા મંડળ દ્વારા ગત તા. ૨૪ નવેમ્બર, રવિવારના રોજ પિછવાઇ આર્ટ વર્કશોપ (ફેબ્રિક પેઇન્ટીંગ)નું સમાજ ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો એકમાત્ર ઉદ્દેશ વડોદરા ઘટકની બહેનોમાં રહેલી કલા અને શોખને બહાર સૌ સમક્ષ લાવવાનો હતો. વડોદરા સમાજની ૧૦ થી ૭૦ વર્ષ સુધીની કુલ ૩૫થી વધુ બાળાઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ વર્કશોપ વડોદરા ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારો દ્વારા બપોરે ૩.૦૦ વાગે દીપ પ્રાગટ્ય કરી શરૂ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ યુવા મંડળ કમીટીની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના કરવામાં આવેલ હતી. પિછવાઇ ફેબ્રિક પેઇન્ટીંગ વર્કશોપના આર્ટીસ્ટ કુમારી ક્રિષ્નાબેન મિસ્ત્રી દ્વારા સમાજની બહેનો માટે પોતાનો શોખ જીવંત રાખવાના હેતુથી કલા શીખવાડવામાં આવેલ હતી. આ ૩ કલાકના વર્કશોપ દરમ્યાન સર્વે પ્રતિભાગીઓ દ્વારા ખુબ પ્રસંશનીય સહકાર મળ્યો હતો અને શીખવાની મજા પણ માણી હતી. ત્યાર બાદ ભાગ લીધેલ સર્વે પ્રતિભાગીઓને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહીત પણ કરેલ હતા.

અંતમાં યુવા મંડળના પ્રમુખ શ્રી નિરવભાઇ વાઘેલા દ્વારા વર્કશોપમાં ભાગ લીધેલ સર્વે પ્રતિભાગીઓ, દાતાશ્રીઓ, આર્ટીસ્ટ ક્રિષ્નાબેન મિસ્ત્રી અને ઉપસ્થિત રહેલ સર્વેનો આભાર માનેલ. રાષ્ટ્રગાન કરી અલ્પાહાર લઇને છુટા પડ્યા હતા.

# શ્રી કે.જી.કે. સમાજ સરગમ મ્યુઝિક ગ્રુપનું કાન્હા મધ્યે સંગીત મિલન યોજાયું



આપણા સમાજના સંગીત પ્રેમી સમાજબાંધવોના બનેલા 'સરગમ મ્યુઝિક ગ્રુપ'' દ્વારા કાન્ડા (મધ્યપ્રદેશ) મધ્યે તૃતિય સંગીત મિલનનું આયોજન તા. ૪ તથા ૫ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હતું. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વિદર્ભ પ્રાદેશિક સમિતિના સ્નેહમય આમંત્રણથી તેમજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ - ગોંદિયા તથા બાલાઘાટ ઘટકના આત્મિય સહયોગથી આયોજીત આ મિલનમાં ભારતભરના વિવિધ પ્રદેશોમાંથી ૧૧૦ જેટલા ગાયકો અને સંગીતપ્રેમીઓ સામેલ થયા હતા.

તા. ૩ જાન્યુઆરીના ગોંદિયા પહોંચેલા ગ્રુપના ૮૦ જેટલા સભ્યોના આવાસ-નિવાસ ભોજન તથા નાસ્તાની સુંદર અને પ્રસંશનીય વ્યવસ્થા ગોંદિયા સમાજ ભવન મધ્યે ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ તથા વિદર્ભ પ્રાદેશિકના મંત્રી શ્રી મિતેશભાઇ પરમાર દ્વારા તેમની દેખરેખ હેઠળ ખુબજ આત્મિય આતિથ્ય ભાવથી કરવામાં આવી હતી. જેમાં સ્થાનિય સેવાભાવી સદસ્યો તથા મહિલા મંડળના બહેનોએ સહયોગ આપેલ હતો. સાંજે સૌ સભ્યોના મનોરંજન માટે શ્રીમતી મીલીબેન પરમાર, શ્રી મિતેશભાઇ પરમાર તથા તેમના સુપુત્ર શ્રી જય પરમાર દ્વારા ગીત-ગઝલની મહેફીલ યોજવામાં આવેલ.

તા. ૪ જાન્યુઆરીના સવારે બે લકઝરી બસ દ્વારા સૌ સભ્યો કાન્હા જવા રવાના થયા હતા. રસ્તામાં વિદર્ભ પ્રા. અને બાલાઘાટ ઘટક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમારના સ્નેહમય આમંત્રણથી તેમના નિવાસ સ્થાને સવારનો નાસ્તો કરેલ હતો. આ પ્રસંગે પરિવારના મોભી અને મહાસભાના પૂર્વ પ્રમુખ સ્વ. રણજીતબાપાને સૌએ આદરપૂર્વક યાદ કરેલ હતા. ''મારો સમાજ મારે આંગણે...'' ની ઉચ્ચતમ સામાજીક ભાવના સાથે માતૃશ્રી પૂ. રંજનબા સાથે શ્રી જીતેન્દ્રભાઇ, તેમના ધર્મપત્ની સૌ. ગીતાબેન, ભાઇ શ્રી જયેશભાઇ, તેમના ધર્મપત્ની સૌ. જુહિતાબેન, પૌત્રો જેસલભાઇ તથા સમરભાઇએ પ્રેમપૂર્વક મહેમાનગતી કરી સૌને ભાવવિભોર બનાવ્યા હતા. પરમાર પરિવાર તરફથી કાન્હાથી વળતા બપોરનું ભોજન ગ્રહણ કરવાનું સ્નેહમય નિમંત્રણ આપવામાં આવેલ હતું.



બાલાઘાટથી વિદાય લઇ બપોરે ૧૨.૦૦ વાગ્યે સૌ કાન્હા ફોરેસ્ટની વચ્ચેના જંગલોમાં નયનરમ્ય એવા પ્રખ્યાત આયોજન સ્થળ મોગલી રીસોર્ટ ખાતે પહોંચ્યા હતા. જ્યાં મોટર માર્ગ સીધા પહોંચેલા સભ્યો પણ જોડાયા હતા. સૌએ બપોરનું ભોજન




ગ્રહણ કર્યા બાદ ૩.૩૦ વાગ્યે સાઉન્ડ પ્રુફ મોગલી હોલમાં ઉત્સાહભર્યા વાતાવરણમાં સંગીતમિલનનો પ્રારંભ થયો હતો.

ગ્રુપના સલાહકાર સુ.શ્રી ઉષાબેન ચૌહાણ - રાયગઢ દ્વારા સૌ સભ્યોને ગુલાબનું ફુલ, કુમકુમ તિલક તથા હનુમાન ચાલિસા આપવામાં આવેલ હતી. ત્યાર બાદ ગ્રુપના એડમિનો શ્રી વિજયભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી વિનોદભાઇ પઢિઆર સાથે મહાસભાના પૂર્વ પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા, ગોંદિયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ, બાલાઘાટ ઘટક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ પરમાર, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, વિદર્ભ પ્રાદેશિક મંત્રી શ્રી મિતેશભાઇ પરમાર, આયોજના સહયોગી દાતા શ્રીમતી આશાબેન પરમાર તથા શ્રીમતી મેનાબેન પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ગીતગુંજનનો પ્રારંભ કરવામાં આવેલ હતો. મંચના સંચાલક શ્રી અજીતભાઇ જેઠવાએ સૌને આવકાર આપ્યા બાદ ગ્રુપના ૪૫ જેટલા કલાકારોએ કારાઓકે ટ્રેક ઉપર સુર, તાલ અને લયનો સમન્વય સાધી ક્લાસિકલ, મનોરંજક અને કર્ણપ્રિય ગીતો પ્રસ્તુત કરેલ હતા. ગીતના આસ્વાદ મુજબ ઉપસ્થિત સંગીત રસિકો એ નાચી-ઝુમીને આનંદ લીધો હતો. રાત્રે સ્થાનિક આદિવાસીઓના પરંપરાગત 'બેગી નૃત્ય'નું આયોજન કરવામાં આવેલ. જેને સૌએ મનભરીને માણ્યો હતો તથા કલાકારોને નવાજ્યા હતા.

બીજા દિવસે સવારથી જંગલ સફારી અને સ્વીમીંગનો આનંદ લીધા પછી ફરી ગીત ગુંજનનો કાર્યક્રમ શરૂ થયો હતો. જેમાં પણ ગાયકોએ એકલ તથા યુગલ ગીત ગાઇ સૌને ડોલાવ્યા હતા. કાર્યક્રમના અંતે આયોજીત સમાપન સમારોહમાં શ્રી યોગેશભાઇ ચાવડા, શ્રી જીતેન્દ્રભાઇ પરમાર, શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ, શ્રી મિતેશભાઇ પરમાર, શ્રી હરીરામભાઇ રાઠોડ, શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી રીટાબેન ચૌહાણ, એડમીનો શ્રી વિજયભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ ચૌહાણ તથા શ્રી વિનોદભાઇ પઢિઆરના હસ્તે તમામ સભ્યોને મોમેન્ટો તથા સ્મૃતિ ભેટ આપવામાં આવેલ હતી. આ પ્રસંગે સંગીત મિલન આયોજનમાં પોતાનો મહત્વપૂર્ણ અને યશસ્વી સહયોગ આપનાર શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર - વિદર્ભ તથા બાલાઘાટ પ્રમુખશ્રી, શ્રી દેવેન્દ્રભાઇ રથિન્દ્રભાઇ રાઠોડ - ગોંદિયા ઘટક પ્રમુખશ્રી તથા શ્રી મિતેશભાઇ કરશનભાઇ પરમાર - વિદર્ભ પ્રા. મંત્રીશ્રીનું સજોડે સેવા સન્માન કરવામાં આવેલ હતું. સરગમ ગ્રુપના સંચાલનમાં મુખ્ય સમિક્ષક તરીકે મહત્વપૂર્ણ યોગદાન આપનાર શ્રી અજીતભાઇ જેઠવા - વડોદરાનું સરગમ



સારથી એવોર્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવેલ હતું. મીડીયા પ્રભારી શ્રી અંકિતભાઇ અનિલભાઇ ચૌહાણ - કુકમા, શ્રી દિનેશભાઇ ખેમરાજ પરમાર - રાઉરકેલા તથા શ્રીમતી આશાબેન રાજેશભાઇ પરમાર - રાઉરકેલાને પણ તેમની વિશિષ્ટ સેવા બદલ સન્માનિત કરાયેલ હતા.

આ પ્રસંગે મહાસભા પૂર્વ પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા તરફથી નાગપુરના પ્રખ્યાત સ્વાદિષ્ટ સંતરાનો બે દિવસ સુધી સૌએ સ્વાદ માણ્યો હતો. શ્રી ગિરીશભાઇ કેશવલાલ પરશમાર - નિઝામાબાદ તરફથી ભજનાવલીની બૂક સૌને ભેટ આપવામાં આવેલ હતી. અંતમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા કાર્યક્રમના આયોજનમાં આર્થિક સહયોગ આપનાર ૨૫ જેટલા દાતાશ્રીઓને સન્માનિત કરવામાં આવેલ હતા. સંજોગવસાત કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શકેલા મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ ટાંકએ સફળ આયોજન બદલ ટેલીફોનિક શુભેચ્છા પાઠવી હતી.

તા. ૬ જાન્યુઆરીના સવારે શ્રીમતી આશાબેન પરમાર, સુશ્રી ઉષાબેન ચૌહાણ તથા શ્રીમતી ભારતીબેન ગોહિલના નેજા હેઠળ ભક્તિ ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સભ્યોએ ભજનો રજુ કરેલ હતા. ત્યાર બાદ કાન્હાથી પ્રસ્થાન કરી સૌ બાલાઘાટ શ્રી જીતેન્દ્રભાઇ પરમારના નિવાસ સ્થાને પહોંચી બપોરનું સ્વાદિષ્ટ ભોજન ગ્રહણ કરેલ હતું અને ત્યાંથી ગોંદિયા થઇ, પોતાના ગંતવ્ય સ્થાન તરફ પરમ આનંદ સાથે પ્રકૃતિના ખોળે ગીત-સંગીતની અનેરી અને અવિસ્મરણીય યાદોને અંકિત કરી રવાના થયા હતા.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ જેઠવા કુટુંબ - અંજાર આયોજીત દ્વિતીય સમૂહ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું ભવ્ય-દિવ્ય આયોજન અંજાર મધ્યે સંપન્ન



અંજાર નિવાસી જેઠવા કુટુંબના ગોઠી ભાઇઓના ઉપક્રમે દ્વિતીય સમુહ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૧૬-૧૨-૨૦૨૪ થી તા. ૨૩-૧૨-૨૦૨૪ દરમ્યાન માનવ પાર્ટી પ્લોટ - અંજાર મધ્યે સંપન્ન થઇ. જેઠવા પરિવાર દ્વારા આયોજીત આ દ્વિતીય સમુહ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ૮૨ પોથી યજમાનોએ શ્રીમદ્ ભાગવતજીની જ્ઞાનગંગામાં સહપરિવાર, સગા-સ્નેહી, સંબંધી, મિત્રવર્તુળ સાથે અત્યંત આનંદ-ઉલ્લાસ, ભક્તિભાવ સાથે ધર્મ લાભ લીધો. આ ઐતિહાસિક વિરાટ, ભવ્ય-દિવ્ય ધાર્મિક આયોજનની રૂપરેખા એક વર્ષ પૂર્વે ઘડાઇ ગઇ. પ.પૂ. બ્રહ્માણી માતાજી મંદિર સંસ્થાન સંચાલન સમિતિના ચાર મુખ્ય સંચાલકશ્રીઓના અનુભવી માર્ગદર્શનમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી. પ્રારંભીક આયોજન ૫૧ પોથીનું હોઇ અંજાર સમાજવાડીમાં આયોજન હતું પરંતુ જોતજોતામાં ૮૦ ઉપર આવેદન આવતા તત્કાલ શ્રી કાંતિભાઇ જેઠવા (મહાત્માજી)ના વિશાળ માનવ પાર્ટી પ્લોટ મધ્યે આયોજન કરવાનું નક્કી થયેલ.

અંજાર શહેરના ઇતિહાસમાં સૌથી વિરાટ, વૈવિધ્યસભર, ભવ્ય-દિવ્ય, એક કી.મી. લાંબી શોભાયાત્રા પ્રારંભે કેશરીયા સાફા, તલવારધારી બુલેટ અસવાર યુવાનોની છટાદાર આગેવાનીમાં પરમવંદનીય સાધુ-સંતો-મહંતો, સમાજ સંગઠનના અગ્રણીઓ, પોથી યજમાન પરિવરજનો સંગાથે પરંપરાગત તબલા, મંજીરાની રમઝટ બોલાવતી ભજનમંડળ, ૫૧ કળશધારી કન્યાઓ, જેઠવા પરિવારની ૨૦ બહેન-દિકરીઓની નાસિક બેન્ડ સવયં સાફા-ચશ્મા ધારણ કરી અનેરી રંગત જમાવી હતી. ત્યાર બાદ જેઠવા ગોઠી ભાઇઓ દ્વારા ચાર ટ્રેક્ટર ટ્રોલીમાં વિવિધ ધાર્મિક પ્રસંગોને જીવંત કરતી ઝાંખીએ




અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. ત્યાર બાદ પોથી યજમાન પરિવારની બહેનોએ પોથી શીરોધારી બની શોભાયાત્રાની શોભા વધારી. ત્યાર બાદ શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ બે ઘોડાની સ્વર્ણજડીત બગીમાં બિરાજમાન સમુહ ભાગવતના કથાકાર પ.પૂ. શ્રી દિનેશચંદ્ર રાવલજી બિરાજમાન થયા હતા. પોથીયાત્રાના સમગ્ર માર્ગ પર તોપ દ્વારા પુષ્પ પંખુડીઓની વર્ષાથી સર્વે શોભાયાત્રીઓ પણ અભિભૂત થયા. મુખ્ય બગી બાદની બીજી બગીમાં અન્ય આમંત્રિત પ.પૂ. સંતશ્રીઓ સવાર થઇ સર્વે નગરજનોને દિવ્યદર્શનનો લાભ આપ્યો. અંજાર સમાજવાડી પાસે આવેલ ઐતિહાસિક શ્રી જડેશ્વર મહાદેવજીના પૌરાણીક મંદિરથી પ્રારંભ થયેલ શોભાયાત્રા ઉભી બજાર જેઠવા કુટુંબના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી મંદિરે માતાજીના મંદિરે પોથીધારી બહેનોએ પૂજ્ય માતાજીના ચરણોમાં પોથીવંદના કરી નાનકડા વિરામ બાદ વાજતે-ગાજતે કથા સ્થળ ''દેવકીનંદનધામ''તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં રાસગરબાની રમઝટ બોલાવતા યુવા ગોઠીભાઇ-બહેનોના આકર્ષક રાસગરબા શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ બન્યા. લગભગ એક કી.મી. લાંબી શોભાયાત્રામાં ડી.જે. મ્યુઝીક બેન્ડના સૂરતાલમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું. જેઠવા કુટુંબના યુવાઓએ શોભાયાત્રાનો માર્ગ ધ્વજ-પતાકા, તોરણ, કમાનથી સુશોભીત કરેલ હોઇ અંજાર શહેરના અન્ય શહેરીજનો માટે પણ આ ઐતિહાસીક શોભાયાત્રા અનેરૂ આકર્ષણ બનેલ.

વાજતે-ગાજતે વિરાટ શોભાયાત્રા કથા સ્થળ દેવકીનંદનધામના વિશાળ કથા મંડપમાં પ્રવેશ થતાં જ ઉપસ્થિત સર્વે ભક્તજનોના આનંદ-ઉલ્લાસની સીમા જ ન રહી. ''ભાગવત ભગવાન કી જય'', ''નંદઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી'', ''બ્રહ્માણી માતાકી જય''ના જયઘોષથી કથા મંડપનું વાતાવરણ ભક્તિભાવથી ભાવવિભોર થઇ ગયું. લગભગ બે હજારથી પણ વધુ ભક્તજનોની બેઠક વ્યવસ્થા ધરાવતો ભવ્ય કથામંડપ પણ નાનો પડ્યો. સમુહ ભાગવત કથાના મુખ્ય આચાર્ય પ.પૂ. શ્રી કપિલભાઇ ત્રિવેદીજીના માર્ગદર્શનમાં સર્વે પોથી યજમાનોએ પોત-પોતાની પોથી એમના સ્થાને સ્થાપિત કરી પોથી પૂજન કરાવ્યું. દ્વિતીય સમુહ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો શુભારંભ જેઠવા કુટુંબના વરીષ્ઠતમ વડીલ શ્રી દેવસીભાઇ ઓધવજીભાઇ જેઠવા (મુન્દ્રા)ના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી ભગવત કથા પ્રસંગનો શુભારંભ કરવામાં આવેલ.






વ્યાસપીઠ પર આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ તત્વચિંતક કથાકાર શ્રી દિનેશચંદ્ર રાવલજી બિરાજમાન થતાં જ સમસ્ત કથા મંડપમાં ભક્તિભાવપૂર્ણ શ્રદ્ધાસહ નિરવ શાંતિ સ્થાપિત થઇ ગઇ.

સમુહ ભાગવત કથાનું મુખ્ય આકર્ષણ બન્યું સપ્તાહ દરમ્યાન સવાર-બપોર-રાત્રીનું રોજ-બરોજ નીત-નવા સ્વાદીષ્ટ ભોજનો રસથાળ. વિરાટ ભોજન કક્ષમાં દરરોજ ચારથી પાંચ હજાર ભક્તજનો, શ્રાવકો નિ:શુલ્ક ભોજન પ્રસાદનો લાભલેતા હતા. જેઠવા પરિવારના ગોઠી ભાઇ-બહેનોના સ્વયંસેવક પ્રેમપૂર્વક જમાડતા અને ભોજનની વિવિધતા, સ્વાદ, સેવાભાવના અને સગવડનો અનેરો સંગમ સૌ ધર્મપ્રેમી શ્રાવકોમાં સંતુષ્ટિનો વિષય બન્યો. કથા મંડપમાં પ્રવેશ કરતાં જ વડોદરાથી પધારેલ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત રંગોળી કલાકાર શ્રી રાકેશભાઇ દરરોજ પ્રસંગો અનુરૂપ વિવિધ વિશિષ્ટતાભર્યા પ્રસંગોને આવરી લેતી નયનરમ્ય રંગોળી મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનેલ.

અતિ સુંદર, આરામદાયક બેઠક વ્યવસ્થા સાથે દરરોજ શ્રાવકોની સંખ્યા નિરંતર વધતી રહી. પૂર્વ નિર્મિત મંડપને બેથી ત્રણવાર પ્રવેશ દ્વારથી આગળ વધારવો પડ્યો. દરરોજ કથા દરમ્યાન આવતા પ્રસંગોની ભવ્ય ઉજવણી આ કથાનું મુખ્ય આકર્ષણ બન્યું હતું અને એમાંય શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, શ્રી ગોવર્ધનલીલા, શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ, શ્રી સુદામા ચરિત્ર, શ્રી શીવ-તાંડવ નૃત્ય, ગોઠી ભાઇઓના પરિવારજનો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ, અદ્‌ભૂત, અપૂર્વ, અનન્ય રહ્યો. આ કથા પ્રસંગના રાત્રી કાર્યક્રમમાં મ્યુઝીકલ ભક્તિ સંગીતમયી હાઉઝી એ તો ખુબજ રંગત જમાવી. એકાંતરે આયોજીત રાત્રી કાર્યક્રમ દરમ્યાન આગળના દિવસે ઉજવવાના પ્રસંગોનો ચડાવો એ પણ ખુબજ રંગત જમાવી અને સહજભાવે ચડાવામાં પાંચ આંકડાના આંકને ઓળંગી જતા ગોઠી ભાઇઓની પ.પૂ. માતાજીમાં શ્રદ્ધા આપોઆપ દર્શિત થતી હતી. કથા દરમ્યાન ઉજવાતા પ્રસંગોને જીવંત બનાવવા યજમાન પરિવારજનોને હુબહુ રામાયણ, મહાભારત કાળમાં લઇ જવા, પાત્રોની વેશભૂષા એવં સાજ-શ્રૃંગાર માટે નાગપુરથી આવેલ ઇવેન્ટ મેનેજરોની મહેનત રંગ લાવતી. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં આયોજીત જીવંત રાસોત્સવે તો નવરાત્રીની યાદ તાજી કરી. અમદાવાદથી પધારેલ સુંદરકાંડના કલાકારોને માણવા તો અંજાર શહેર પણ ઉમટી પડ્યું.

છેલ્લા બાર માસથી કથાની તૈયારીઓમાં લાગી ગયેલ ગોઠી ભાઇઓના અથાક પ્રયાસોની જેઠવા પરિવારની દ્વિતીય સમુહ ભાગવત કથા સૌ શ્રાવકો માટે ચિર: સ્મરણિય બની. કથા દરમ્યાન 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી (પ્રમુખશ્રી મહાસભા) સાથે અનેક સમાજ અગ્રણીઓ, રાજકીય અગ્રણીઓ, ધાર્મિક સેવાના સંતો-મહંતો, સામાજીક સંસ્થાઓના સંચાલકો એ પધારમણી કરી કથા પ્રસંગની શોભા વધારી અને વ્યાસપીઠ પરથી મહારાજશ્રીની અદ્‌ભૂત વાણીએ તો શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કથા ક્યારે આરંભ થઇ અને ક્યારે વિરામ થઇ... જાણે પલક ઝપટતા જ એક યુગમાંથી બીજા યુગમાં સહજતાથી, સરળતાથી પૂર્ણ ભક્તિરસ સાથે વિચરણ કરાવતી મહારાજશ્રી રાવલ સાહેબની વાણીનો લાભ અસંખ્ય શ્રાવકોએ લીધો. યુ-ટ્યુબ પર વિશ્વવ્યાપી જીવંત પ્રસાર થતી આ અદ્‌ભૂત ભાગવત કથાના આયોજનના ગુણગાન મહારાજશ્રીના મુખારવિંદે સાંભળી સર્વે ગોઠી ભાઇઓ પણ





ભાવ-વિભોર થયા. કાર્યકર્તાઓનો થાક પળવારમાં ઉતરી ગયો. આયોજકો દ્વારા પણ નાના-મોટા સર્વે કર્મઠ કાર્યકર્તાઓનું સુંદર સાલ એવં કલાત્મક સ્મૃતિભેટ દ્વારા આભારદર્શન કર્યું અને કથાના અંતિમ દિવસે નારાયણ યજ્ઞ એવં મહાપ્રસાદ પ્રસંગે ૮૦૦૦થી વધારે ભાવિકો-શ્રાવકોએ સરળતાથી પ્રસાદ ગ્રહણ કરી જેઠવા પરિવાર દ્વારા આયોજીત આ દ્વિતીય સમુહ ભાગવત કથા આયોજનની ભૂરી-ભૂરી પ્રસંશા કરી.

આ સમુહ ભાગવત કથા આયોજનનો મુખ્ય હેતુ દેશ-વિદેશમાં વસતા જેઠવા ગોઠી ભાઇઓને એક સુત્રમાં પરેવી, આઠ દિવસ એક જ મંડપમાં બેસી કથા શ્રવણ, એક જ મંડપમાં સમુહ પ્રસાદ અને નામમાત્ર પોથી શુલ્કમાં જ નાના-મોટા ગોઠી ભાઇઓને ઉચ્ચ દરજ્જાની કથા આયોજનનો લાભ અપાવવો. લગભગ રૂપીયા એક કરોડના ખર્ચે ઉજવાયેલ આ ધાર્મિક, સામાજીક, મહોત્સવ પરમ વંદનીય કુળદેવી બ્રહ્માણી માતાના પૂર્ણ આશીર્વાદથી પૂર્ણ રૂપે નિર્વિઘ્ને સંપન્ન થઇ. આયોજકો, સંચાલકો, કાર્યકર્તાઓ, પોથી યજમાન ગોઠી ભાઇઓ તેમના સગા-સ્નેહીઓ, આમંત્રિત અતિથિઓ, પ.પૂ. રાવલ સાહેબની કથા અમૃતના ચાહકો વગેરે સર્વે સહભાગીઓ સંપૂર્ણ સંતુષ્ટ થયા એજ આ જેઠવા પરિવાર દ્વારા આયોજીત દ્વિતીય સમુહ ભાગવત કથાની સંપૂર્ણ સફળતાના સાક્ષી બન્યા.

સમુહ ભાગવત કથા-૨ની અપ્રતિમ, અપૂર્વ, અપેક્ષિત સફળતાના સૂત્રધાર રહ્યા સર્વશ્રી શાંતિલાલ ગોપાલજી, શ્રી પરસોત્તમ રામજીભાઇ, શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ, શ્રી બલરામ ત્રિકમજીભાઇ, પરાગ પરસોતમભાઇ, અરૂણ મગનલાલ, જીતેશ ભરતભાઇ, જયેશ દેવરામભાઇ, વિનોદ શાંતિલાલભાઇ, મહેશ શીવલાલભાઇ, ચંદ્રકાંત દેવરામભાઇ, ભાવેશ કાંતિલાલભાઇ, નવિન ત્રિકમજીભાઇ, ચંદુલાલ દેવશીભાઇ, બાબુલાલ વલમજીભાઇ, મનસુખ કુંવરજીભાઇ, રસિક કેશવજીભાઇ, જીતેશ પ્રભુલાલભાઇ, પૂર્વિબેન, દિપા સુનિભાઇ, પ્રકાશ જેન્તીલાલ, મહેશ મોહનલાલ, સંજય હરિલાલભાઇ, પ્રવિણ દામજીભાઇ, કિશોર હરિલાલ, કલ્પેશ છગનલાલ, પરાગ દયારામ, ઉમેશ જયેશભાઇ, જીગર હિતેશભાઇ, પ્રીત પ્રકાશભાઇ, દવનીશ ગોપાલભાઇ, વિરેન મણીલાલ, સિદ્ધાર્થ જગદીશભાઇ, ભાવેશ કાંતિલાલભાઇ, દિનેશ પરસોત્તમભાઇ, નિરજ મગનલાલ, રિતેશ શાંતિલાલ, પ્રભુલાલ બલરામભાઇ, વૈભવ અર્જુનભાઇ, મોહન કુંવરજીભાઇ, કુંદનબેન મનુભાઇ, નંદિની સંજયભાઇ વગેરે કર્મઠ નામી-અનામી કાર્યકર્તાઓની અથાગ જહેમતથી સમસ્ત કાર્યક્રમ સ્વર્ણિમ સફળતાને પામ્યો. અંજાર નિવાસી જેઠવા કુટુંબના સર્વે ગોઠી ભાઇઓના તન, મન, ધન, સમયથી સમર્પિત થઇ પ.પૂ. બ્રહ્માણી માતાજીનો રાજીપો મેળવ્યો.

– સંકલન : વિનોદભાઇ શાંતિલાલ જેઠવા – અંજાર

## અનંતની યાત્રાએ...

જયપુર (ચંદિયા) નિવાસી ગં.સ્વ. રૂકમણીબેન પુરૂષોત્તમભાઇ ચાવડા (ઉ.વ.૯૩)નું તા. ૦૫-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

જયપુર (અંજાર) નિવાસી શ્રી રાજેશભાઇ અમરશીભાઇ ખોડિયાર (ઉ.વ.૬૯)નું તા. ૦૬-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

જયપુર (સિનુગ્રા) નિવાસી શ્રી કાંતિલાલ શામજીભાઇ ટાંક (ઉ.વ.૮૨)નું તા. ૧૧-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

રાજનાંદગાંવ (નાગલપર) નિવાસી શ્રી જયંતીભાઇ પાંચાભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૨૪-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

પરભણી (નાગોર) નિવાસી શ્રી મહેન્દ્રભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ (ઉ.વ. ૬૬)નું તા. ૧૬-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

જબલપુર (રેહા) નિવાસી શ્રી પરેશભાઇ મુકેશભાઇ ચૌહાણનું તા. ૨૯-૦૯-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

## વાઢેર નુખના શ્રી મોમાઈ માતાજી - સિનુગ્રા

શ્રી વાઢેર નુખના શ્રી મોમાઇ માતાજીની અસિમ કૃપાથી સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર તા. ૫-૪-૨૦૨૫ના માતાજીનો હોમ-હવન તથા સમુહ પ્રસાદ તથા ચૈત્ર સુદ-૯, રવિવાર, તા. ૬-૪-૨૦૨૫ના વાઢેર કુળના તમામ ગોઠી ભાઇઓ દ્વારા માતાજીની મહાઆરતી તથા સમુહ નૈવેધ તથા કર થશે. આ બંને દિવસના પ્રસાદના દાતાશ્રી પ્રફુલકુમાર કરસનભાઇ વાઢેર - મો. ૯૮૭૯૯૬૭૩૯૯ પરિવાર - અમદાવાદ છે. ઉપરોક્ત બંને દિવસોએ દર્શન-સમુહ પ્રસાદ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. જે ભાઇઓને હવનમાં બેસવાનો લાભ લેવાનો હોય તથા કર કરવાના હોય તો તેમણે અગાઉથી જાણ કરવાની રહેશે. દરેક વાઢેર કુટુંબી આ આમંત્રણ અન્ય વાઢેર કુટુંબીને આપે એવી નમ્ર વિનંતી તથા કુટુંબની નિયાણીઓને પણ આમંત્રણ આપવા વિનંતી.

ઇશ્વરલાલ દેવરામ વાઢેર - ૯૮૨૫૩૬૮૨૧
નાનાલાલ પ્રાગજી વાઢેર - ૯૪૨૮૭૪૮૦૫
દિનેશ ભીમજી વાઢેર - ૯૮૨૫૮૩૭૨૧

## કમધજીયા રાઠોડ પરિવાર કુંભારિયા-કચ્છ

સર્વે ગોઠી ભાઈઓને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રી માં આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીની પરમ કૃપાથી સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૦૬-૦૪-૨૦૨૪, ના રોજ માતાજીના સ્થાનકમાં હોમ - હવન સમુહ નૈવેદ્ય નું આયોજન રાખેલ છે. તો સર્વે ગોઠી ભાઈઓને સહ પરિવાર પધારવા માતાજીએ દર્શન સાથે સમુહ પ્રસાદ, હવન, નો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. જે ગોઠી ભાઈઓને હવનમાં બેસવાની ઈચ્છા હોય તેમણે વહેલાસર પૂજારીશ્રી અથવા નીચે દર્શાવેલ નંબર પર જણાવી દેવું જેથી વ્યવસ્થા થઈ શકે.

રાજેશ ભાઈ ડી. રાઠોડ - ૯૮૯૮૨૩૨૯૬૯
ઉમેશ ભાઈ એમ. રાઠોડ - ૯૯૨૫૯૪૮૬૭૮
શૈલેષ ભાઈ પી. રાઠોડ - ૯૭૨૬૪૬૦૯૬૧
(વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે આ નંબરમાં મેસેજ કરવો.)

**માતાજીના ફંડફાળા માટેનું બેન્ક એકાઉન્ટ**

RATHOD UMESHBHAI MOHANLAL
ratho99253172@barodampay

No. 90830100035172
IFsc code BARB0DBNAYA
(IFSC Code ma BARB Zero DBNAYA che)

|| શ્રી ગણેશાય નમઃ ||     || જય શ્રી બુટભવાની માં ||

## ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી જયશ્રી બુટભવાની માતાજીનું મંદિર - ખંભરા

### ગોઠી ભાઇઓનું સ્નેહમિલન - હવનાષ્ટમી - મહાપ્રસાદ

### || શ્રી નિમંત્રણ ||



જય માતાજી સહ જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી શ્રી બુટભવાની માતાજીના સ્થાનકે ગોઠી ભાઇઓનું સ્નેહમિલન પવિત્ર ચૈત્ર નવરાત્રી નિમિત્તે ચૈત્ર સુદ સાતમ, શુક્રવાર, તા. ૪-૪-૨૦૨૫ થી ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૬-૪-૨૦૨૪ દરમ્યાન ત્રણ દિવસીય આયોજન કરવામાં આવેલ છે. કુટુંબના સૌ ભાઇ-બહેનોને આ ધાર્મિકમય કાર્યક્રમમાં ચંડીપાઠ, હોમ-હવન તથા મહાપ્રસાદનો લાભ લેવા સહ પરિવાર પધારવા કુટુંબ વતિ હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**:: ચંડીપાઠ ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ સાતમ, શુક્રવાર, તા. ૦૪-૦૪-૨૦૨૫

**:: હોમ-હવન ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ આઠમ, શનિવાર, તા. ૦૫-૦૪-૨૦૨૫

**:: નૈવેદ્ય (નિવેદ) ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૦૬-૦૪-૨૦૨૪
(સમૂહમાં કર કરવા, બાલમોવારા, છેડાછેડી છોડવાનું)

**સ્થળ :** ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી
જય શ્રી બુટભવાની માતાજીનું મંદિર, ગામ : ખંભરા, તા. અંજાર (કચ્છ)

તા.ક. : ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન રહેવા તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. જે ગોઠી ભાઇઓ આવવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે દસ (૧૦) દિવસ અગાઉ નીચે દર્શાવેલ સરનામે જાણ કરવાની રહેશે.

**:: વધુ માહિતિ માટે સંપર્ક સુત્રો ::**

**પ્રમુખ – રાઠોડ હરસુખલાલ દેવરામભાઇ**
શાંતિનગર સોસાયટી, પ્લોટ નં. ૧૪૪, ગામ : ખંભરા,
તા. અંજાર (કચ્છ) મો. ૯૪૨૭૪૩૬૩૫૯, ૯૯૨૫૫૯૫૧૪૬ (ઘર)

**ઉપપ્રમુખ – રાઠોડ લાધુરામભાઇ જીવરામભાઇ**
શાંતિનગર સોસાયટી, પ્લોટ નં. ૧૩૫, ગામ : ખંભરા,
તા. અંજાર (કચ્છ) મો. ૯૪૨૭૨૩૫૮૭૦

**:: નિમંત્રક ::**

**વિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ - બેંગ્લોર - મો. ૮૮૬૧૧૬૫૨૮૦**
**વિનોદભાઇ શાંતિલાલ રાઠોડ - રાયપુર - મો. ૯૮૨૬૧૫૯૩૨૭**
**યોગેશભાઇ દેવરામભાઇ રાઠોડ - રાયપુર - મો. ૯૮૯૩૦૯૧૯૮૬**
**કિશનલાલ અમરશીભાઇ રાઠોડ - કલ્યાણ - મો. ૮૨૯૧૧૫૭૩૧૫**




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




# Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750

Ashok A. Rathod - 9898 907740

Rajen A. Rathod - 9898 907744

Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO General Insurance — Muskurate Raho

Subscribe to my YouTube

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



**॥ ઓમ શાંતિઃ ॥**

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric

AVOCAB WIRES & CABLES

HPL The Power of Technology

connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




UNITRON

The Instrumentation People



Vipin Rathod
Managing Director

**UNITRON INSTRUMENTATION PVT. LTD**

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor,
Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.

**Head Office:**

127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717

Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune

Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on February-2025
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.